Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## મહાવીર જન્મ જયંતિ અંક

વર્ષ : ૬૧ ફાગણ ચૈત્ર અંક ૫-૬

પ્રકાશક :-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**તપ** જગતમાં તપ વગર કોઈને કશી પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે ? ના. વ્યાવહારિક જીવનમાં આપણે કોઇપણ ક્ષેત્ર લઇએ, તેમાં જે જે વિચારો ફલદાયક બન્યા, તેમની પાછળ કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું તપ હોય છે જ. સૈકાઓથી વૈજ્ઞાનિકો ભૌતિક પદાર્થોના ગુણધર્મો શોધવામાં પડ્યા છે અને તેમની તપશ્ચર્યાના પરિણામે 'અણુશક્તિ' શોધાઈ. આ અણુશક્તિનો ઉપયોગ માનવ કલ્યાણાર્થે કે વિનાશાર્થે કરવો એ જુદો પ્રશ્ન છે. સારાંશ એ છે કે તપનું ફળ મળે છે જ.

ગ્રામ : " Jahangir " ફોન નં. મીલ : ૨૮૦

બંગલો : ૩૨૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ પોસ્ટ બોક્સ નં. ૨

**મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.** **ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

**બીલ્ડર્સ ઓફ**
- બાર્જીસ
- લાઈટ બોટસ
- ટગ્સ
- ડ્રેજર્સ
- પેસેન્જર વેસ્સ
- પોન્ટૂન્સ
- મૂરીંગ બોયાઝ
- બોયાન્ટ એપાર્ટસ વિગેરે.

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

**મેન્યુફેક્ચરર્સ ઓફ**
- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોસ
- રીફ્યુસ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- લેડ-ચુલાઇટ
- મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે.

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઇવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઇ-૧૫
ફોન નં. ૬૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કસ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઇ-૧૨
ફોન નં. ૪૦૪૦૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી તાલધ્વજ ગિરી તીર્થ

## યાત્રા કરવા

## પધારો

એસ. ટી. બસ. પાલીતાણાથી તળાજા શરૂ થયેલ છે. ફક્ત દોઢ કલાકમાં તળાજા પહોંચે છે.

o o o



## ભાવભર્યું આમંત્રણ

એસ. ટી. બસનો સમય

| | પાલીતાણાથી ઉપડે | તળાજાથી ઉપડે |
|---|---|---|
| સવારે | ૭ | ૬lll |
| ,, | ૯ll | ૯ |
| ,, | ૧૧ll | ૧ll |
| બપોરે | ૨ | ૨ll |
| ,, | ૪ | ૪ |

આ રીતે પાંચ વખત આવે છે ને જાય છે.

• o •

## તીર્થવિકાસની યોજનાઓ

શ્રી બાબુની જુની ધર્મશાળાના જીર્ણોદ્ધારમાં પશ્ચિમ બાજુ ધર્મશાળા, દક્ષિણ બાજુમાં નૂતન ભોજનગૃહ ભવ્ય રીતે બંધાયેલ છે. હાલમાં ઉત્તર બાજુના ભાગમાં ઉપાશ્રય હોલ, આયંબીલ ભુવન અને પૂર્વ બાજુમાં જ્ઞાનમંદીર બાંધવાનું કાર્ય શરૂ થયેલ છે. આ બધા કાર્યો ઈંટ પત્થરથી થયા છે. રૂા. ૨૫૧)માં આરસની સળંગ તખ્તિમાં નામ લખાય છે. જેનો લાભ અનેક ધર્મપ્રેમી યાત્રિક બંધુઓએ લીધો છે. અને યોજનાઓની સફળતા થયેલ છે.

શ્રી ગિરીરાજ ઉપર ચડવાના નવા પગથીયા રાજુલા પત્થરથી બંધાઇ ગયા છે. સેવા પૂજા કરવા માટે નૂતન સ્નાનગૃહ બંધાવેલ છે. સાચા દેવનાં દેરાસર, જુની દેરીઓ, ગુરૂમંદીરનો જીર્ણોદ્ધાર થયેલ છે. હજુ ગિરીરાજ ઉપર બાવન જિનાલયની બાકી દેરીઓ તથા રંગમંડપ યુક્ત જિનપ્રાસાદ વિ. ઘણાં કાર્યો કરવાનાં બાકી છે. સ્નાનગૃહમાં રૂા. ૫૦૦૦) નો તુટો છે. પગથીયામાં રૂા. ૩૦૦૦)નો તુટો છે.

## નૂતન યોજનાઓ

**શ્રી શ્રાવિકા ઉપાશ્રય બાંધવાની યોજના ચાલુ કરેલ છે.**

**એક ઓરડા ઉપર તખ્તિ રૂા. ૨૦૦૧) :: આરસની સળંગ તખ્તમાં નામ રૂા. ૨૫૧) નામ લખાવા શરૂ થયેલ છે. રૂા. ૪૦,૦૦૦) નું એસ્ટીમેટ છે.**

**શ્રી ગિરીરાજ ઉપર કેસર સુખડ તથા સેવા પૂજાનાં કપડાનો હોલ બાંધવાની યોજના શરૂ કરેલ છે. રૂા. ૨૫૦૦)ના ખર્ચનો અંદાજ છે રૂા. ૨૫૧)માં આરસની સળંગ તખ્તમાં નામ લખાય છે.**

**તાલધ્વજ તીર્થનાં ઉદ્ધારમાં આપની 'ઈંટ' મુકાવી**

**તીર્થભક્તિથી આત્મ મુક્તિ પ્રાપ્ત કરવાં નમ્ર વિનંતી.**


## શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી

ર. નં. ૩૦

ઠે. બાબુની જૈન ધર્મશાળા પેઢી, તળાજા ( સૌરાષ્ટ્ર )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા નવા પેટ્રન



શેઠ શ્રી રાયચંદ લલ્લુભાઇ સંઘવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી રાયચંદ લલ્લુભાઈ સંઘવી

ચોરાશી વર્ષની વૃદ્ધ વયે પણ પોતાની ધાર્મિક પ્રવૃત્તિમાં સદા જાગૃત રહેલા, સાદાઈ, સરળતા અને ધાર્મિક ભાવનાથી અલંકૃત શ્રીયુત રાયચંદભાઈનો જન્મ સૌરાષ્ટ્રના સુવિખ્યાત તીર્થધામ ઘોઘા બંદરમાં સં. ૧૯૩૬ ના આસો વદિ અમાસ શનિવારે સંઘવી શ્રી લલ્લુભાઇ કકલને ત્યાં શ્રી દેવકુંવરબેનની કુક્ષિએ થયો હતો.

શેઠશ્રી રાયચંદભાઈનો મૂળ વેપાર તો કાપડનો. કુટુંબના ઉત્કર્ષ માટે તેઓ મુંબઈ ગયા અને ધીમે ધીમે વ્યાપારક્ષેત્રમાં સારી પ્રગતિ કરી. આજે તેમના બંને સુપુત્રો શ્રી મનુભાઈ તથા શ્રી નવીનચંદ્રભાઈ ઈલેકટ્રીક સામાનના ધંધામાં સારૂં એવું સ્થાન જમાવી શક્યા છે.

પ્રાપ્ત કરેલી લક્ષ્મીનો શ્રી રાયચંદભાઈ પોતે સદ્‌વ્યય પણ ઠીકઠીક કરી રહ્યા છે. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી, આ. શ્રી વિજયોદયસૂરિજી, આ. શ્રી વિજયનંદનસૂરિજી, આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી, આદિ ૩૧ સાધુઓ તથા ૨૨ સાધ્વીજીઓ સહિત સં. ૧૯૯૦ માં તેઓશ્રીએ ઘોઘાથી શ્રી સિદ્ધાચલજી તીર્થનો છ–રી પાળતો સંઘ કાઢી પોતાની ધાર્મિક ભાવના સારી રીતે વ્યક્ત કરી હતી. તેમ જ પોતાના કુટુંબ પૂરતો શ્રી શંખેશ્વરજી તીર્થનો સંઘ તાજેતરમાં કાઢ્યો હતો. એમણે શ્રી સિદ્ધગિરિજીની નવાણું યાત્રા ચાલીને સં. ૧૯૯૪ માં કરેલી છે.

ધાર્મિક સંસ્કારોથી તેમનું કુટુંબ રંગાયેલ છે. તેમના બેન શ્રી પાર્વતીબેન સં. ૧૯૫૭ માં ભાગવતી દીક્ષા અંગીકાર કરી સાધ્વી હિંમતશ્રીના નામથી સારી રીતે ચારિત્રધર્મ પાળી રહ્યા છે. તેમના પત્ની અ. સો. સમરતબેને વર્ષીતપ, ઉપધાન, અઠ્ઠાઈ, પંદર ઉપવાસ વગેરે તપશ્ચર્યાઓ કરી છે, પોતે પણ ધર્મપત્ની સહિત ગત વર્ષમ પાલીતાણામાં ચોમાસું કરી નવકારસી જમણ કરેલ હતું. તેમણે સમેતશિખરજી, કેસરિયાજી વિ. તીર્થોની યાત્રાઓ પણ કરેલી છે.

તેઓશ્રીએ ઉદાર સખાવતો પણ કરી છે. પાલીતાણા શ્રાવિકાશ્રમ, દોલતનગર જ્ઞાન-મંદિર, લાલબાગ ધર્મશાળા, બોટાદ ઉપાશ્રય, ભાવનગર ભોજનશાળા, ધાર્મિક શિક્ષણ ઈનામી ફંડ, પાલીતાણા સેવાસમાજ દવાખાનું, તેમજ દોલતનગર ઉજમણું, પ્રતિષ્ઠા, વર્ધમાન તપ વગેરે સંસ્થાઓ અને ખાતાંઓમાં યોગ્ય દ્રવ્ય સહાય આપેલી છે.

આ સભાના તેઓશ્રી માનવંતા પેટ્રન થયા છે. તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. તેઓ લાંબું આયુષ્ય ભોગવે અને ધર્મ તથા સમાજના હિતમાં વધારે અને વધારે સહાયક બનતા રહે એવું અમે ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી મંગળદાસ ગોપાળદાસ પરીખ

પ્રારબ્ધ અને પુરુષાર્થથી જીવનમાં જ્યારે એક વાકયતા જન્મે છે, ત્યારે કોઈ પણ વ્યક્તિ પોતાનો કેવો સુંદર વિકાસ સાધી શકે છે તેનો તાદૃશ્ય ખ્યાલ બોટાણા(ગુજરાત)ના વતની શેઠશ્રી મંગળદાસભાઈના જીવન ઉપરથી મળી રહે છે.

શેઠશ્રી મંગળદાસભાઈનો જન્મ સં. ૧૯૫૪ માં થયો હતો. પંદર વર્ષની કુમળી વયે પિતાશ્રી ગોપાળદાસભાઈ સ્વર્ગવાસી થતાં કુટુંબનો ભાર તેમની ઉપર આવ્યો, અને તેમણે જીવનની શરૂઆત આઠ આનાના રોજથી મોતી પરોવણીના ધંધાથી શરૂ કરી. ત્યારબાદ ધીમે ધીમે પોતાના પુરુષાર્થથી અને પુણ્યના ઉદયથી આગળ વધતા ગયા, અને આજે "નટવરલાલ મંગળદાસની કું."ના નામથી ચાલતી પેઢીના તેઓ માલિક છે. એટલું જ નહિ પરંતુ 'યાર્ન મરચન્ટસ એસોસીએશન'માં એક ડિરેક્ટર છે અને એ રીતે વ્યાપારી આલમમાં સારી ખ્યાતિ ધરાવે છે.

શેઠશ્રી મંગળદાસભાઈનાં ધર્મપત્ની અ. સૌ મંગળાબહેન સાદાં, સુશીલ અને ધર્મ પરાયણ છે. તેમનાં છ પુત્રો અને બે પુત્રીઓ પણ કેળવાયેલ અને સુસંસ્કારી છે.


સાદા, શાંત અને ઠરેલ સ્વભાવના શેઠશ્રી મંગળદાસભાઈ આનંદી, વિનોદી અને રસિક છે. એક સાંસ્કારિક વ્યક્તિ તરીકે એમની સાથેની વાતચીતના પ્રસંગોમાં એમના વિશાળ વાંચનની પ્રતિભા આપણને જણાઈ આવે છે. થોડાક સમયનો તેમની સાથેનો પરિચય પણ એમના સ્મૃતિ સૌરભથી આપણને ભરી દે છે. જૂની અને નવી પેઢીનું સંકલન કરતું એમનું વ્યક્તિત્વ આબાલ વૃદ્ધને એમના તરફ પૂજ્ય ભાવ ઉત્પન્ન કરે છે. પ્રૌઢ વયના હોવા છતાં આધુનિક રહેણીકરણી અને વિચારસરણીને નિઃસંકોચ અપનાવી શકે છે. પોતે પ્રાપ્ત કરેલ લક્ષ્મીનો સદ્વ્યય ગુપ્ત દાનથી કરી આત્મસંતોષ મેળવે છે.

આવા એક સંસ્કારપ્રેમી ગૃહસ્થ આ સભાના માનવંતા પેટ્રન થયા છે તે બદલ સભા તેમનો આભાર માને છે અને સભાના દરેક કાર્યમાં તેઓશ્રીનો સહકાર મળતો રહેશે તેવી આશા રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા નવા પેટ્રન



શેઠ શ્રી મંગળદાસ ગોપાળદાસ પરીખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૧ ૧૦મી એપ્રીલ, ૧૯૬૪ અંક ૫-૬

# જિ ન વા ણી

एवं खु नाणिणो सारं
जं न हिंसति किंचण ।
अहिंसा समयं चेव
एयावन्तं वियाणिया ॥

કોઇને પણ પીડા ન કરવી એ જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું આટલું જ તાત્પર્ય સમજાય તો ય ઘણું છે.

न लवेज्ज पुट्ठो सावज्जं
न निरट्ठं न मम्मयं ।
अपणट्ठा परट्ठा वा
उभयस्सन्तरेण वा ॥

પોતાને માટે અથવા પારકાને માટે અથવા બેમાંથી ગમે તેને માટે કશું પૂછવામાં આવે તો પાપવાળું વચન બોલવું નહીં; એ જ પ્રકારે નિરર્થક વચન અગર તો મર્મભેદી વચન પણ બોલવું નહીં.

दन्तसोहणमाइस्स
अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स
गिण्हणा अवि दुक्करं ॥

દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુને પણ માલિકને પૂછ્યા વગર વા માલિકે આપ્યા વિના આણી હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. સંયમીએ પોતાને ખપે એવી નિર્દોષ વસ્તુઓને શોધીને લેવી એ ભારે દુષ્કર છે.

विभूसा इत्थिसंसग्गो
पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स
विसं तालउडं जहा ॥

જે મનુષ્ય પોતાના આત્માની શોધ કરવા તત્પર બન્યો છે તેને માટે દેહનો શણગાર, સ્ત્રીનો સંસર્ગ, અને ઘી-માખણ યુક્ત રસવાળું સ્વાદુ ભોજન, તાલપુર ઝેર જેવાં ભયંકર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરપ્રભુ સ્તવન.

( રાગ–રઘુપતિ રાઘવ……… )

જિનશાસનના જ્યોતિર્ધાર, શાસનનાયક **વીરકુમાર**;
વીરકુમાર વીરકુમાર, ભાવે ભજ તું વીરકુમાર. જિન૦ ૧

ક્ષત્રિયકુંડ નગર મોઝાર, સિદ્ધારથ કુલ લે અવતાર;
ચૈત્ર સુદિ તેરશદિન સાર, જન્મ્યા પ્રભુજી જય જયકાર. જિન૦ ૨

જિનશાસનમાં ઊગ્યો ભાણુ, ઝળહળતો તેજસ્વી અપાર;
કુમતતિમિરનો કરી સંહાર, કીધો ધર્મ અહિંસા પ્રચાર. જિન૦ ૩

માર્ગ ભૂલ્યો હું આ સંસાર, નિશદિન ભ્રમણ કરું ગતિ ચાર;
ઉતારો ભવસાગર પાર, **ત્રિશલાનંદન** કરો ઉદ્ધાર. જિન૦ ૪

वन्दे वीरं કરું ઉચ્ચાર, તું સ્વામી મુજ તું આધાર;
**જંબૂ**વિનતિ કરો સ્વીકાર, કર દો પ્રભુજી બેડો પાર. જિન૦ ૫

**—મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી**
**મુનિ જંબૂવિજય.**

## —: ભ ગ વા ન  મ હા વી ર :—

રચયિતા : **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

**વસંતતિલકા—**

સંસારમાં પ્રબળ હિંસક રાજ્ય વ્યાપ્યું,
સર્વત્ર નિર્દય જને નિજ જોમ સ્થાપ્યું;
ને ધર્મનામ પર કેંક બલિ ચઢંતા,
સ્વાર્થી જનો વિષમ દુષ્પથમાં વહંતા. ૧

ત્રાસી ઊઠી દશ દિશા અતિ આર્ત્તનાદે,
હિંસા હસે ગરજતી તહીં અટ્ટહાસે;
યજ્ઞાદિ કર્મ પણ હિંસક તત્ત્વપૂર્ણ,
દાનાદિ ધર્મ પણ ત્યાં બનતો વિશીર્ણ. ૨

એ આર્ત્તનાદ સુણી એક સુદિવ્ય આત્મા,
સંહારવા સકલ દુર્નયને પરાત્મા;
જન્મે સુદેવ ત્રિશલાની સુપુણ્ય કુંખે,
દેવો સવિસ્મય બની પ્રભુજન્મ દેખે. ૩

તત્ત્વાનુભૂત વિષયોની ન તુચ્છ વાંચ્છા,
રાજેંદ્રના સુત છતાં નવ ભોગ ઇચ્છા;
વૈરાગ્યના પરમમાર્ગ તણી સમીહા,
જાગી અહો ! વિષય શત્રુતણી જિગીષા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્દ્રે ભર્યો નૃપતણા ધનથી અતિશે,
ભંડાર સર્વ યુવરાજ સુદાન દીયે;
ને ત્યારબાદ યુવરાજ તજે સ્વરાજ્ય,
ભાવે ભજે વિમલ સંયમનું સુરાજ્ય. ૫

અજ્ઞાનતા તમસ દૂર થઈ ગયા ને,
આત્મા વિષે પરમ કેવલજ્ઞાન જાગે;
તત્ત્વો નવાં અનુભવે જગ તે ક્ષણે ને,
આનંદમંગળ સરે સહુ ગીત સાથે. ૬

ઉદ્ધારિયા પ્રભુવરે શુભ જ્ઞાન આપી,
આત્મા ઘણા કુમતિવેલ પ્રદુષ્ટ કાપી;
સંસારમાં પસરી પ્રેમભરી અહિંસા,
દેખાય ના જગતમાં વસમી પ્રહિંસા. ૭

અનુષ્ટુપ્—

જગદુદ્ધારના કર્તા **મહાવીર** પ્રભુતણી,
ઊજવાઓ સદા આંહી જયંતી હર્ષથી ભરી
સંસારના બધા ભાગે ફરકો વિજયધ્વજા,
મહાવીરતણી શ્રેષ્ઠ અહિંસા પસરો સદા. ૮

# તીર્થંકર સ્તુતિ

त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगेश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति संतः ॥

આદિ પ્રભુ ! કાંઈ ન્યૂન ન તુજમાં અચિંત્ય અગણિત ગુણ તારા
બ્રહ્મા ઈશ્વર અનંત તું છે કામજીત તવ ગુણ ન્યારા
યોગીજનનો ઈશ્વર તું છે વિવિધ યોગ પર્યાય તણો
જ્ઞાનરૂપ તુજસમ નહીં બીજો તુજને પૂજે સંતજનો.

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ।
धातासि धीर शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि॥

તું જ બુદ્ધ, તવ ચરણો પૂજે બુદ્ધિમંત વિબુધો ભાવે
શંકર પણ તું ત્રણે ભુવનમાં શાંતિ ખરેખર તું લાવે
મોક્ષમાર્ગનું વિધાન દાખે તેથી બ્રહ્મા તુંજ સહી
ભગવન્ તું તો પરમ પુરૂષ છે એમાં કો સંદેહ નહીં

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय॥

ત્રિભુવનના તું દુઃખ હરે છે તેથી મારા નમન તને
અવનીનો તું અલંકાર છે તેથી મારા નમન તને
ત્રણે જગતનો પરમેશ્વર તું તેથી મારા નમન તને
ભવજલનિધિ શોષણકારક તું તેથી મારા નમન તને

( 'છંદ ભક્તામર'માંથી સાભાર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનરવિ પ્રભુ મહાવીર.

(લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

જગતની ધારણા પોષણા અને જગતનું કલ્યાણ શી રીતે થાય તેમજ જગતને શ્રી જિનશાસનનો રંગ શી રીતે લાગે અને જગતને આત્માની ઓળખાણ સુલભ રીતે કેમ થાય એવી તાલાવેલી અને શુભેચ્છા જેમની રગેરગમાં રમી રહેલી હોય છે એવા તીર્થંકર ભગવંતો આ જગતમાં અનાદિકાળથી પ્રગટ થતા આવેલા છે. અને અનુક્રમે અનંતકાળ સુધી તેવા સત્પુરૂષો આ જગતના મંચ ઉપર પ્રગટ થવાના છે, એવું જૈનશાસ્ત્રકારો માનતા આવેલા છે.

એક તીર્થંકર ભગવંત પ્રગટ થાય છે. જગતની પરિસ્થિતિનું નિરીક્ષણ કરે છે. અને ભાન ભૂલેલી જનતાને ઠેકાણે લાવવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી લોકોને સુલભ માર્ગદર્શન કરે છે. ઘણા લોકો તે માર્ગે પ્રયાણ આદરે છે. પણ બીજી અનંત જનતાને તેમના માર્ગનું પૂરેપુરં આકલન નહીં થવાને લીધે ફરી જનતા ગોથાં ખાતી રહે છે. અધિકાંશ જનતા અલ્પજ્ઞ અને અવિદ્યાથી ઘેરાએલી હોવાને લીધે કેટલાએક અર્થદગ્ધ માનવો પોતાને સર્વજ્ઞ સમજી પ્રભુએ ઉપદેશેલા માર્ગને અંશતઃ વિકૃત સ્વરૂપ આપવા માંડે છે. અને પોતે કલ્પી લીધેલા જ્ઞાનનો (અજ્ઞાનનો) તેમાં ઉમેરો કરી એક નવી જ કલ્પના જનતામાં રૂઢ કરવાનો પ્રયાસ કરે છે, અને સાચું જ્ઞાન પોતાની પાસે જ છે એવો ઉદ્‌ઘોષ કરવા માંડે છે, અને એવા તો અનેક (અ)જ્ઞાની ભુદેવોનો રાફડો ફાટે છે. અરાજકતા ફેલાય છે. અને પંથો ફેલાવા માંડે છે. તેઓ દરેક પંથમાં અનેકોને જોડી પોતાનો જુદો ચોકો માંડે છે. લોકોને કહે છે કે, અમો જ સાચા અને બીજા બધા ખોટા! સામાન્ય જનતા ભોળવાઇ વિમાસણમાં પડે અને સાચા કોણ અને ખોટા કોણ એ ઓળખી શકે નહીં. એવી પરિસ્થિતિમાં અનેક પંથો, ગચ્છો, સમુદાયો પેદા થાય અને એ બધા આપસમાં લડી વિસંવાદી વાતાવરણ ઉત્પન્ન કરે એ દેખીતું જ છે.

આવી પરિસ્થિતિમાં આખા દેશની સૂરત બદલાઇ ગએલી હોય, અનેક નવી નવી ઘટનાઓ બની ગએલી હોય. નવાં નવાં રાજ્યો સ્થપાએલાં હોય, ભાષામાં ફેરફાર થઈ ગએલો હોય. અનેક આચારો અને અનુષ્ઠાનોનાં મૂલ્યો પલટાઈ ગએલા હોય, વિજ્ઞાનનો પગપેસારો દરેક હીલચાલોમાં થઈ ગએલો હોય, નવા નવા સિદ્ધાંતોનાં મૂલ્યો વધી ગએલાં હોય, લોક ભાવનામાં પલટો આવેલો હોય, જુની સંસ્કૃતિમાં કાલાનુસાર નવો ઉમેરો થઈ ગએલો હોય, એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં ધરમૂળથી ફેરફાર થઈ ગએલો હોય ત્યારે નવો માર્ગ ઘટતા સુધારા વધારા કરી લોકો આગળ મૂકયા વગર ચાલે નહીં. આ કપરૂં કાર્ય કોણ કરે?

એવા પ્રસંગે તીર્થંકર ભગવંતની અનિવાર્ય આવશ્યકતા ઉત્પન્ન થાય છે. અને આવું કાર્ય કરવાનું કામ એવા મુક્ત થવાની તૈયારીમાં રહેલા મહાત્માઓ જ ઉપાડી શકે છે. સામાન્યોનું એ કામ નહીં.

એવા મહાપુરૂષોને પોતાની જીવનલીલા સંકેલી લેવાની હોય છે. ગત ભવોમાં કરેલા કર્મોનો પૂરો ભોગવટો કરી લેઈ નવાં કર્મોનો જન્મ થવા અવસર જ ન મળે એની તકેદારી રાખવાની હોય છે. એવા મહાત્માઓ જ નવા તીર્થપતિ થઈ શકે છે.

એવા તીર્થંકર ભગવંતો દેશ, કાલ અને પરિસ્થિતિનો વિચાર કરી પોતાના કાર્યનો આરંભ કરી દે છે સિદ્ધાંતો ક્યાં અને કેવી રીતે ભૂલાઈ ગયા છે; ગેરસમજૂતી અને ગેરરીતિઓ ક્યાં પ્રચલિત થઈ છે તેનો તોલ કાઢી નવેસરથી બધા સિદ્ધાંતો લોકો આગળ મૂકે છે. લોકોને ખાતરી થાય છે કે, આપણો તારણહાર આવ્યો! જગતનો ઉદ્ધારક આવ્યો, સાચો માર્ગ બતાવનારો આવ્યો, આપણી ત્રુટીઓ અને ભૂલો સુધારનારો ગુરૂ આપણને મળી ગયો! નવા તીર્થપતિ પોતાના ત્યાગ, વૈરાગ્ય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ આચરણાથી અને ભાવનાથી લોકોને આકર્ષી, જાણે નવો જ શુદ્ધ માર્ગ નિર્માણ કરે છે.

પ્રભુ મહાવીરને અત્યંત પ્રતિકૂલ અને કપરા કાળમાંથી પોતાની શ્રમણ સંસ્કૃતિને સ્થાપન કરવાની હતી.

ધર્મનાં સૂત્રો ઐહિક પુરોહિતોના હાથમાં જઇ પડેલાં હતાં. સ્વાર્થ, સુખોપભોગ, વિલાસ, વૈભવ વિગેરે મેળવવાની અને લાલસાની પૂર્તતા કરવાના અનુષ્ઠાનોએ ધર્મનું સ્વાંગ લીધું હતું. ધર્મના નામ પર અનેક અનુષ્ઠાનોનો પ્રચાર થઇ રહ્યો હતો. નિર્દોષ અને અસહાય મૂક પશુઓની હત્યા સરેરાસ ચાલી રહી હતી. ધર્મ બતાવનારાઓ સ્વાર્થી, લંપટ અને દંભી બની ગયા હતા. પશુઓની હત્યા કરી તેમને સ્વર્ગમાં મોકલવાનો ઇજારો સ્વાર્થાંધ લોકોએ પોતાના હાથમાં લેઇ લીધેલો હતો. અને એ બધું અંધેર ધર્મના નામે ચઢાવી દેવામાં આવ્યું હતું.

ધર્મના મંત્રો લોકોના કાને પણ ન પડે અને કદાચ કોઇને કાને પડે તો જેના કાને પડે તેને જ સજા કરવામાં આવતી, પુરોહિતો ગમે તેવો ગુનો કરે તેને માફી કરી દેવામાં આવતી. સામાન્ય જનતાને શાસ્ત્રો સાંભળવાનો અધિકાર જ ન હતો. શાસ્ત્રો પણ સંસ્કૃત ભાષામાં જ રહ્યા હતા. લોકભાષાથી ધર્મ અભડાઈ જતો હતો.

સ્ત્રીઓનો દરજ્જો ઘટાડી દેવામાં આવ્યો હતો. ઘરમાં રહેલા રાચરચીલા અને આધુનિક ભાષામાં કહીએ તો ફરનીચરમાં તેમનો સમાવેશ કરી દેવામાં આવેલો હતો. તેને લીધે હાલમાં જેને ચોથું વ્રત કહે છે તેનો સમાવેશ પાંચમા પરિગ્રહપરિમાણમાં જ થઇ ગએલો હતો. અર્થાત્ સ્ત્રી જે ગૃહસ્વામિની ગણાવી જોઇએ એનું મહત્ત્વ ખુરસી ટેબલ કે પલંગ જેટલું થઇ ગયું હતું હાલમાં પાંચ મહાવ્રતો ગણાય છે તેને ઠેકાણે ચાર જ મહાવ્રતો ગણાતા હતા.

પ્રભુ મહાવીર ભગવંતને એ દૂષણો દૂર કરી નવી ઘટના તૈયાર કરવાની હતી. નવા તીર્થની સ્થાપના કરવાની હતી. ભાન ભૂલેલાઓને ઠેકાણે લાવવાના હતા. ઘણા સ્થાપિત હિતો ધરાવનારાઓની સાન ઠેકાણે લાવવાની હતી. અર્થાત્ હજારો લાખોની અધર્મથી ચાલતી રોજીમાં ખલેલ પાડવાની હતી. અનેક જીવોનો સંહાર કરી પેટ ભરનારાઓ હજારો પંડિત કહેવડાવનારાઓનો રોષ વ્હોરી લેવાનો હતો. ઘણાઓના સ્થિર આસનો તોડી પાડી લોકોના રોષના પાત્ર તેઓને કરવાના હતા. એ કાર્યની સાધના માટે અલૌકિક સંતમહાત્માની જરૂર હતી.

આવું વિલક્ષણ અને સામાન્ય બુદ્ધિવાળાથી જેનું આકલન પણ થઈ ન શકે એવું ધર્મકાર્ય કરવાનું હતું. સાધુધર્મ અને શ્રાવકધર્મને ઉજાળો આપવાનો હતો. એ નવું તીર્થ સ્થાપવાનું કાર્ય કરવાને ભગવંત મહાવીર વગર બીજો કોણ સમર્થ થઈ શકે ?

સાધુધર્મ વધારે ઉજ્વલ બને અને લોકોના આદરને વધુ પાત્ર બને તે માટે સાધુધર્મ ઉપર વધારે સખત આચારધર્મની યંત્રણા પ્રભુએ નિર્માણ કરી. વસ્ત્ર પાત્ર વિગેરેમાં સાદાઇ અને નિર્લેપતા લાવી, અનેક આચારોની નિયમિતતા અને અનિવાર્યતાનો આદેશ આપ્યો. સાધુઓ સુખશીલિયા ન બને તે માટે વિહાર અને ચાતુર્માસ ગાળવાના નિયમો નવેસરથી ઘડી આપ્યા. તેમજ સાધુઓ અધ્યયન અધ્યાપનમાં સતત જોડાઇ રહી નિત્ય નિયમો સખ્ત રીતે પાળતા રહે એવી યોજના કરી આપી. મતલબ કે દેશકાળના પરિવર્તનને અનુસરી આચારોમાં સુધારા વધારા કર્યા. આમ ક્રાંતિ કરવા જતાં કેવી મુશ્કેલી નડી હશે એનો વિચાર કરતા ભગવંતની અપૂર્વ આત્મશક્તિ માટે મસ્તક સહેજે નમી જાય છે.

ચાર મહાવ્રતોને ઠેકાણે એક નવા મહાવ્રતનો ઉમેરો કરતા સ્વકીયો સાથે જ કેવો સંઘર્ષ કરવો પડયો હશે એનો વિચાર કરતા પ્રભુની ગંભીરતા અને દૃઢ ધૈર્યની કલ્પના આવી શકે છે. એ ચોથું મહાવ્રત ઉમેરતા સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય અને ધર્મમાર્ગમાં તેમનું સ્થાન પ્રભુએ કેવુ ઉંચુ અને પુરૂષોની બરાબરીમાં લાવી મૂકયું એ જોઈ આશ્ચર્ય લાગ્યા વગર રહેતું નથી.

અસ્પૃશ્ય મનાતા દલિત વર્ગનું સ્થાન તેમના જન્મકુલથી મનાતું હતું. પ્રભુએ તેને ગુણકર્મ સાથે જોડી, જાતીભેદને મોટા ધક્કો આપી તે વર્ગને પણ તેઓ ધારે તો ઉંચી કોટીમાં તો શું પણ વંદ્ય પુરૂષોમાં તેમને સ્થાન કરી આપ્યું હતું. એ ક્રાંતિ જેવી તેવી ન હતી. ગમે તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હલકી મનાતી જાતીમાં પણ જન્મેલો માનવી જિનધર્મ પામી ધર્મની ઉંચામાં ઉંચી ધર્મસાધના કરી શકે છે એ સિદ્ધાંત લોકોના ગળે પ્રભુએ ઉતાર્યો હતો.

ગમે તેવા દલિત માનવને પણ ધર્મનાં તત્ત્વો જાણવા સુલભ થાય તે માટે સિદ્ધાંતોની રચના લોકની સુલભ લોકભોગ્ય ભાષામાં રચનાનો આદેશ પ્રભુએ આપ્યો હતો તેથી ઘણા લોકો ધર્મની આરાધનામાં જોડાયા હતા. આમ થવાથી પુરોહિતવર્ગમાં મોટી ચર્ચા અને ઉહાપોહ જાગ્યો હશે એ સમજી શકાય તેમ છે.

પ્રભુ મહાવીરના સમયમાં યજ્ઞોનો પ્રચાર પરાકોટીએ પહોંચ્યો હતો. જરા જરા જેવા નિમિત્તો પાછળ અનેક કુકડા, ઘેટાં, બકરાઓને મારી નાખી તેનો હોમ કરાતો એટલું જ નહીં પણ ઘોડા જેવા પ્રાણીને પણ અશ્વમેધને નામે તેના અંગોપાંગના કકડા કરી હોમવામાં આવતા હતા. એ યજ્ઞમાં થતી ઘોર હિંસાને હિંસા મનાય જ નહીં એવી પુરોહિતોની આજ્ઞા હતી. પશુઓ તો શું પણ નરબલિ પણ કોઈક વખત અપાતા. આ બધા પ્રકારોનો વિરોધ પોકારવો અને જનતાને તેવી પ્રથાથી પરાવૃત કરવી એ કાર્ય કરવાની અપાર શકિત પ્રભુ મહાવીર વગર કોણ ધરાવી શકે ?

ધર્મની સાચી જ ધગશ જે આત્માઓમાં હતી એવા ઇંદ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણો તરત પ્રભુ મહાવીરના વચનામૃતથી પ્રભાવિત થયા. તો પણ બીજો મોટો વર્ગ એ સમજી ન શકયો એ બનવા જોગ છે. એવો વર્ગ પ્રભુ મહાવીર ભગવંતનો વિરોધ કરતો રહ્યો. પણ આખરે પ્રભુએ ઉત્પન્ન કરેલી પરિસ્થિતિ આગળ તેમને નમવું પડયું. અને પશુઓને બદલે કોળા કે નારીએળના બલિની પ્રથા એમણે અપનાવવી પડી. અને કોઈએ વળી પિષ્ટપશુ એટલે કણકના પશુઓ કરી તેને હોમવા માંડયા. એવો હતો પ્રભુનો અખંડ ઉપદેશનો પ્રભાવ !

ઘણાએક આધુનિક પંડિતો કહે છે કે, જો પ્રભુ મહાવીરે પોતાનો અહિંસા ધર્મ પ્રરૂપ્યો ન હોત તે આ ભારતવર્ષમાં એકેય માણસ માંસાહાર વિના રહ્યો ન હોત ! એ ચરમ તીર્થંકર પ્રભુએ લોકોને આશ્વાસન આપ્યું હતું કે, કોઈપણ માનવને જન્મથી હીન માનવું નહીં જેમ આપણને સુખેથી જીવવાનો હક છે તેમ દરેક પ્રાણિમાત્રને પણ જીવવાનો હક છે. તેથી કોઈના પણ માર્ગમાં વિઘ્ન કરવાનો કોઈને હક નથી. દરેક જીવ પોતપોતાના ક્ષયોપશમને અનુસરી પોતાના આત્માની ઉન્નતિ સાધી શકે. કોઈની વસ્તુ તેની પાસેથી પડાવી લેવી અગર કોઇના સુખમાં અંતરાય લાવવો એ પાપ છે. તેમ અનુચિત સંગ્રહખોરી એ પણ પાપ જ છે.

પ્રભુએ પ્રરૂપેલા પાંચ મહાવ્રતો અને તેને જ અનુસરતા અણુવ્રતો આદર અને ભાવપૂર્વક પાલન કરવામાંજ બધાઓનું શ્રેય છે, એવો આત્મોન્નતિ કરાવનારો વિચાર આપણે પ્રભુ મહાવીરની જયંતિ પ્રસંગે જરૂર કરીએ. બધાઓનું ભલું થાઓ !

શ્રમણ ભગવાનનો જન્મકલ્યાણુક દિવસ એટલે દિવ્ય દિવસ; એ દિવ્ય દિવસના અજવાળે આપણે સહુ આપણા આંતર-ગ્રંથના બંધ પાનાં ખોલીને વાંચવાનો પ્રચંડ પુરુષાર્થ આદરીએ.

સંખ્યા, સત્ત્વ અને સાધના એ ત્રણેય બાબતમાં ઉત્તરોત્તર થતા જતા આપણા હ્રાસના મુખ્ય કારણો શોધવામાં જરા પણ પ્રમાદ સેવીશું તો આવતી કાલ આપણા માટે વધુ ભારરૂપ નીવડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર પ્રભુનું આત્મા અને કર્મનું તત્ત્વજ્ઞાન

લે. ફત્તેહચંદ ઝવેરભાઇ

શ્રી મહાવીર પ્રભુએ સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યાં પછી તેમણે જગતના જીવો સમક્ષ પ્રતિપાદન કરેલું તત્ત્વજ્ઞાન સ્વયંભૂરમણ સમુદ્રથી વિશેષ વિશાળ અને વ્યાપક છે પરંતુ તેમાંથી એક અલ્પ વિભાગરૂપે આત્મા અને કર્મનું તત્ત્વજ્ઞાન પ્રતિપાદન કરવામાં આવે છે.

આ અનાદિ અનંત જગતમાં આત્મા અને જડપદાર્થ એ બે તત્ત્વો છે. વર્ણ, ગંધ રસ, અને સ્પર્શવાળા પદાર્થો રૂપી કહેવાય છે. આત્મા પોતે અરૂપી છે જ્યારે પૌદ્‌ગલિક પદાર્થો રૂપી છે. અનાદિકાળથી આત્માનો પૌદ્‌ગલિક–કર્મ પરમાણુઓ સાથેનો સંબંધ હોવાથી તે દૃષ્ટિએ આત્મા વ્યવહારનયથી રૂપી ગણાયો છે અને ખરેખરી રીતે નિશ્ચયનયથી અરૂપી છે. ક્ષીર નીર સંબંધથી આત્મા કર્મ પરમાણુઓ સાથે જોડાયલો છે. આ દ્રવ્ય કર્મો છે. રાગદ્વેષરૂપ ભાવ કર્મોદ્વારા આ દ્રવ્ય કર્મના અણુઓ આત્મા સાથે ઓતપ્રોત થાય છે.

પૂર્વોપાર્જિત સંસ્કારોથી આત્મામાં અવળી વૃદ્ધિ થાય છે, પછી રાગદ્વેષરૂપ ભાવ કર્મોની શરૂઆત થાય છે, તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ખેંચે છે અને આત્મા સાથે જોડાઈ જાય છે. કર્મ ગ્રહણ કરતી વખતે આત્મામાં જે ભાવો-વિચારો સારા કે નરસા હોય છે તે મુજબ કર્મના અણુઓમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ થાય છે. આ તમામ સંકલના આત્માની સૂક્ષ્મ ભૂમિકામાં થાય છે.

આત્મામાં અનંત શક્તિ છે તેમ કર્મમાં પણ અનંત શકિત છે. રાગદ્વેષવડે આત્મા પરાધીન બને છે ત્યારે કર્મનું જોર તેના ઉપર સારી રીતે ચાલે છે-આત્માએ પોતાના પરિણામોદ્વારા ઓછા વધતા જેટલા રસપૂર્વક કર્મ બાંધ્યા હોય છે તે અમુક કાળે તેનું ફળ આપીને ખરી જાય છે. પરંતુ તે સાથે સમયે સમયે નવા પરિણામો દ્વારા નવાં કર્મો બંધાતાં જાય છે. તે પાછાં ભોગવવાં પડે છે. અને એ રીતે કર્મનું વિષચક્ર ચાલ્યાં કરે છે. આ વિષચક્રનું અસ્તિત્વ એ સંસાર છે. અને તે વિષચક્રમાંથી મુક્ત થવું તે મોક્ષ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માના ગુણોરૂપ આત્માની શક્તિઓ . આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી છે. પ્રસ્તુત શક્તિ પ્રકટ થવા માટે ઉછળી રહી હોય છે પરંતુ આત્મ પોતે જ કરેલાં કર્મો–પૌદ્‌ગલિક શક્તિ-વડે–આત્માના ગુણોને દબાવે છે. પુરુષાર્થહીન આત્મા તે જડ શક્તિઓ વડે દબાઇ જાય છે. કર્મો પોતાનો જે સ્વભાવ હોય તે મુજબ આત્માને પરાધીન બનાવે છે. જેથી આત્મા સંસારથી છૂટો થઈ શકતો નથી.

આ કર્મો આઠ પ્રકારે છે–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય–આના ઉત્તરભેદો ૧૫૮ છે અને તેના વિશેષ પ્રકારો અસંખ્ય છે. આત્માના અનંતગુણો છે પરંતુ તેના મુખ્ય આઠ ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્યશકિત, શાશ્વતરૂપ, અરૂપીપણું, અગુરુલઘુત્વ, અને સાદિ અનંત સ્થિતિ છે. આ આઠ ગુણોને આઠ કર્મો આવરી રહેલા છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આઠે કર્મોનાં બંધ માટેનાં કારણો છે. આત્મા તે તે કારણોમાં જોડાય છે એટલે કર્મસિદ્ધાંતના ન્યાયાનુસાર કર્મોનો બંધ થાય છે અને તે તે કર્મોના સ્વભાવ પ્રમાણે અને આત્માએ તેમાં રેડેલા રસાનુસાર કર્મો આત્માને હેરાન કરે છે અને આત્મા પોતે પરાધીનપણે તેનો ભોગવટો કરી દુઃખી થાય છે.

જિનદર્શનમાં જગતનો કર્તા કોઇ નથી તેમ સ્વીકારેલું છે, પરંતુ જગતનું સ્વરૂપ બતાવનાર જિનેશ્વર પ્રભુ કે જેઓ કેવલજ્ઞાન પામી સર્વજ્ઞ થયેલા છે તેઓ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કે જે કર્મો આત્માના ગુણોનો ઘાત કરનારા છે તે ઘાતિ કહેવાય છે અને બીજાં ચાર કર્મો પૌદ્ગલિક શકિતના અવરોધ કરનારા છે. તે-અઘાતિ ગણાય છે. આ જગતની સંકલના તે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, આત્માનો ઉદ્યમ અને કર્મ-એ પાંચ કારણોથી ચાલી રહી છે. જડ અને ચેતન ઉપર તે કારણોનું સામ્રાજ્ય છે. પણ તે સંકલના પૂર્વક કુદરતના નિયમાનુસાર જ છે.

આત્મા છે, કર્મ છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોગવનાર છે, મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે—આ ૭ વસ્તુને જાણનાર આત્મા – **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** સમ્યગ્દર્શન એટલે આત્મશ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન એટલે અનેકાંત દષ્ટિવાળું શાસ્ત્રીય જ્ઞાન, સમ્યકચારિત્ર એટલે રાગદ્વેષ દૂર કરનારાં અનુષ્ઠાનો–પુરુષાર્થપૂર્વક આ માનવજીવનમાં મેળવીને પ્રગતિ કરે તો જડ કર્મોને આત્માથી છુટવું જ પડે અને એ રીતે આત્મા કર્મોથી સ્વતંત્ર થઈ મુકિતગામી થઈ શકે. આ કાર્ય પરમાત્માની ભકિતથી, સદ્ગુરૂના ઉપદેશો શ્રવણ કરવાથી, સામાયિક વિગેરે અનુષ્ઠાનોથી સિદ્ધ થઈ શકે છે. જ્યાં સુધી આત્મા જાગ્રત થઈ પુરુષાર્થ કરી શકતો નથી ત્યાં સુધી કર્મોનું બળ આત્મા ઉપર સતતપણે રહેવાનું છે, પરંતુ જ્યારે આત્મા પુરુષાર્થ કરવા માંડે છે ત્યારે કર્મની જે જીત આત્મા ઉપર અનેક જન્મોથી ચાલુ હતી તે હાલમાં ફેરવાઇ જાય છે. અને આત્માની જીત શરૂ થાય છે. છેવટે કર્મને આત્મામાંથી ખસી જવું જ પડે છે. આ રીતે આત્મા અને કર્મની લડાઇમાં અવશ્ય અત્માનો જય નિર્મિત છે.

સર્વજ્ઞપ્રભુ મહાવીરે કહ્યું છે કે આપણે આપણને પોતાને જ ઉગારી શકીએ છીએ-આપણે બીજાનું કે બીજાં આપણું દુઃખ ટાળી શકતા નથી–એટલું છે કે આપણે બીજા અથવા બીજા આપણને સુખ મેળવવા અને દુઃખ ટાળવા શું કૃતિ કરવી યોગ્ય છે તેની સમજણ બોધ-ઉપદેશ આપી શકીએ–સત્કાર્યમાં પરસ્પર ઉત્સાહ આપી શકીએ, અને દુષ્કર્મનો ત્યાગ કરવા ચેતવણી આપી શકીએ. અંતરાત્માને જે જે ફળ આપવું કર્માનુસાર ઇષ્ટ હોય છે તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ રીતે સ્થુળ તેમજ સૂક્ષ્મ પ્રદેશ ઉપર કાર્ય કારણનો મહા નિયમ એકજ પ્રકારની અચળતાથી પ્રવર્તે છે. આ માનવજીવન ઊર્ધ્વીકરણ (sublimations) માટે મળેલું છે. માટે આત્માએ પોતે જ પોતાના ઢંકાઈ ગયેલ સદ્ગુણો શુદ્ધ દેવ ગુરુ અને ધર્મનાં નિમિત્તો સ્વીકારી પ્રકટ કરવાના છે. તેથી જ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

શ્રી ભૌતિક જગતમાં કર્મ અને ઉદ્યમ વચ્ચે કર્મની જીત હોય છે, જ્યારે આધ્યાત્મિક જગતમાં પુરુષાર્થ અથવા ઉદ્યમની જીત થાય છે.

**अयमात्मैवसंसारः कषायेंद्रियनिर्जितः ।**
**तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥**

અર્થાત્–" કષાયો અને ઇંદ્રિયોથી જીતાયલો આત્મા તે જ સંસાર છે, અને તે આત્મા જ્યારે કષાયો અને ઇંદ્રિયો ઉપર જીત મેળવે-તેને જ પંડિત મોક્ષ કહે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની પરમ વિભૂતિ શ્રમણ ભગવાન મહાવીર

લે. **ભાનુમતી દલાલ**

**ચૈત્ર** સુદી તેરસ એ ભગવાન મહાવીરની જન્મ-જયંતી છે. આજે એ મહાપુરુષનું નિર્વાણ થયાને એટલે કે મોક્ષ પામ્યાને અઢી હજાર વર્ષ વીતી ગયા. છતાં પણ આજે આપણે એને યાદ કરી તેમનું ગુણાવલોકન કરીએ છીએ. એમને યાદ કરવાનું કારણ માત્ર જન્મદત્ત મળેલી શ્રદ્ધા જ નથી પણ એમના જીવનની મહાનતા અને તેમાંથી મળતી પ્રેરણા છે. આજે વીસમી સદીમાં પણ માનવજીવનને ઉન્નત બનાવતું કોઇ પ્રેરક બળ હોય તો તે શ્રમણ ભગવાન મહાવીરનું જીવન છે.

આજના એ મંગળમય દિવસે અહિંસાની એક પરમવિભૂતિએ ત્રિશલા માતાની કુખે જન્મ લીધો હતો. એ વિભૂતિ બીજી કોઇજ નહિ પણ શ્રી મહા–વીર જ હતી. જન્મ તો આ પૃથ્વીના પટાંગણ ઉપર રોજના કંઇક થાય છે, પરંતુ એમાંથી વિભૂતિરૂપ તો કોઇક જ જન્મે છે. ભગવાન મહાવીર ઉચ્ચકોટીનું જ્ઞાન લઇને જન્મ્યા હતા. તેમના પિતા સિદ્ધાર્થ રાજા અને કુટુંબીજનોએ તેમનું વર્ધમાન એવું નામ સ્થાપન કર્યું હતું. પણ તેઓ પોતાના વીરત્વથી મહાવીરના નામે પ્રસિદ્ધિ પામ્યા હતા. યોગ્ય વયે યશોદા સાથે તેમનું લગ્ન થયું હતું

શ્રી મહાવીર પ્રકૃતિથીજ કરુણાના ભંડાર હતા. જગતના જીવોના દુઃખો જોઇ તેમાંથી મુક્ત કરવા તેમનું હૈયું તલસતું હતું. તેમણે જોયું કે આ જગતને જન્મ, જરા, મરણ, રોગ, શોક અને સંતાપના સંતપ્ત તાપમાંથી મુક્ત કરવું હોય તો, અને જગતના જીવોને પરમ શાંતિ આપવી હોય તો આ શરીરધારી આત્મામાં એક એવું દિવ્ય તત્ત્વ છે કે જે આ બધામાં અદ્‌ભુત પરિવર્તન લાવી શકે છે. એ તત્ત્વ જ્ઞાનમય આત્મશુદ્ધિની પ્રાપ્તિ છે. એની પ્રાપ્તિ માટે ઘરબાર છોડી તપ અને સાધનાનો માર્ગ મારે સ્વીકારવો જોઇએ એવો નિર્ણય કરી એ પરમ ઉપકારી મહા-પુરુષે વિશ્વના સકળ જીવોની શાંતિ માટે સાધનાના કાંટાળા માર્ગે મહાભિનિષ્ક્રમણ કર્યું. રાજપુત્ર હોવા છતાં રાજરિદ્ધિ, સુખવૈભવ, કુટુંબનો ત્યાગ કરી પોતાની સંપત્તિનું દાન કરી એ મહાવીરે અણગાર ધર્મને (સાધુધર્મ) અંગીકાર કર્યો.

આત્માની ઉંડી ખોજ કરવા માટે અનેક કડક નિયમોનું પાલન કરતાં, માર્ગમાં અનેક ઉપસર્ગો, કષ્ટો અને આવતા ઉપદ્રવોને ક્ષમાની મૂર્તિ સમા મહાવીર પ્રભુ સમભાવે સહન કરતાં, ગૌશાળો, ભરવાડોના અજ્ઞાન લોકોના, અને ચંડકૌશિક સર્પ જેવા કેટલાયે ઉપસર્ગો થવા છતાં એ કરુણામૂર્તિ તેમના પ્રત્યે કરુણા ભાવ જ દાખવતા, જંગલે જંગલ અને દેશવિદેશમાં મહાયોગીની જેમ પરિભ્રમણ કરતાં પોતાના કર્મ આવરણોને ભેદીને તે મહાપુરુષે કેવળજ્ઞાન–શુદ્ધ અને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. મહાવીર દેહથી તો વીર હતા પણ દિલથી યે મહાવીર હતા. કેમ કે, એમનું હૃદય કરુણા, દયા, પ્રેમ, ક્ષમા, શાંતિ, અહિંસા વગેરે અનેક સદ્‌ગુણોથી ભરપુર હતું. તેમનામાં નાનામાં નાના જીવથી માંડીને મોટા જીવ પ્રત્યે એક જ સરખો મૈત્રી કે વાત્સલ્ય ભાવ હતો. તેઓ પોતાના નિર્મળ જ્ઞાનથી વિશ્વના જડ અને ચૈતન્ય પદાર્થો જે જે સ્વરૂપમાં છે, તેને તે તે સ્વરૂપમાં સ્પષ્ટ રીતે જોઇ શકતા હતા. સત્ શું છે અસત્ શું છે? શું આચરવા લાયક છે, શું છોડવા યોગ્ય છે? માનવ જાતનો જ નહિ પણ અન્ય તમામ પ્રાણીસૃષ્ટિ માટેનો હિતકર અને કલ્યાણ-કર માર્ગ શું છે? આ બધાનું તેમને સ્પષ્ટ દર્શન થયું હતું. એ લાધેલા સત્યનું દર્શન જનતાને કરાવવાનું શરૂ કર્યું. સ્થળે સ્થળે ફરીને ઉપદેશ આપવો શરૂ કર્યો અને કંઇકના જીવનમાં પરિવર્તન આણ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજારો લોકો તેમનો કલ્યાણકારી ઉપદેશ સાંભળી પાવન થયાં અને તેમનાં અનુયાયી થયાં. અહિંસા, તપ, ત્યાગ, સંયમનો સાચો માર્ગ બતાવી જીવન જીવવાની કલા તેમણે બતાવી. અહિંસા, દયા અને પ્રેમના સાચા અને ગહન માર્ગનું જનતાને જ્ઞાન આપ્યું. આના પરિણામે યજ્ઞ-યાગાદિકમાં ચાલતી હિંસા અટકી, અજ્ઞાનતા, રૂઢિઓ, ખોટા વહેમો દૂર થયા. કચડાયેલા નારીજીવનને નવજીવન મળ્યું. અને સહુથી મોટી ભેટ તો તેમણે અનેકાંતવાદની આપી એટલે કે "દરેકના વિચારમાં કંઈક સત્ય છે એમ સમજીને સામાના વિચારને પણ સહાનુભૂતિ અને સમન્વયની દૃષ્ટિથી જોતાં શીખવું." એ પદ્ધતિ જો માનવી સ્વીકારે તો તેનો બુદ્ધિનો ગર્વ અને આવડતનું અભિમાન ગાળી નાખશે અને વિશ્વની પ્રજા-પ્રજા વચ્ચે સમજૂતીનો સેતુ ખડો કરશે. ભગવાન મહાવીરની વિશાળ અનેકાંત દૃષ્ટિને જરા વધુ સ્પષ્ટ રીતે સમજીએ.

આ વિશ્વમાં અબજો પદાર્થો છે. દરેકને અનંત ધર્મો-અવસ્થાઓ હોય છે. એમાં પરસ્પર વિરોધી અને અવિરોધી ધર્મો પણ હોય છે. હવે તમે જો આ બધી બાબત ન જાણો તો તેમાંના કોઈ એક પદાર્થને અમુક કારણે સંપૂર્ણ સાચો જ છે એમ કહી નાંખો, કાં અમુક કારણે સર્વથા ખોટો જ છે, એમ પણ કહી નાખો. જો આમ થાય તો અપૂર્ણ સત્યો ખડાં થાય અને તે બુદ્ધિમાં અને કાર્યમાં અનેક ઘર્ષણો જગાડે અને વિશ્વમાં અશાંતિ ઊભી કરે. માટે સ્યાદ્વાદ જેનું બીજું નામ અનેકાંતવાદ અને ત્રીજું નામ સાપેક્ષવાદ છે, એ વાદ આપણને એક વિવેક દૃષ્ટિ આપે છે. એ કહે છે કે દરેક વ્યક્તિના વિચારમાં, વાણીમાં કે વર્તનમાં અમુક અપેક્ષાએ સત્યાંશ હોય છે અને અસત્યાંશ પણ હોય છે. દરેક પદાર્થમાં સર્વથા સત્ય જ હોય એમ નથી હોતું. તેમજ સર્વથા અસત્ય જ હોય તેમ નથી હોતું. સાચું અને ખોટું બંને હોઇ શકે છે. જેમ કે એક બાળકનો પિતા તેના બાળકની દૃષ્ટિએ પિતા પણ છે તો બીજાઓની દૃષ્ટિએ કાકો, મામો, કે ભાઈ પણ હોઈ શકે છે. માટે "આ આમ જ છે," "આમ થવું જ જોઈએ" એવા જકાર વાપરીને વહેવાર કરવાની વાત અનેકાંત દૃષ્ટિએ માન્ય નથી. એટલે તે દુરાગ્રહી બનવાની ના પાડે છે. એ રીતે વિશ્વમાં અનેક સિદ્ધાંતો, વાદો કે માન્યતાઓ વર્તે છે અને એને કારણે અનેક કલહો, કંકાસો ચાલે છે, જે છેવટે વિશ્વયુદ્ધમાં પરિણમે છે. પણ એમાંથી અનેકાંત દૃષ્ટિએ તેઓ ક્યાં સાચા છે ને ક્યાં ખોટા છે, તે શોધવાની સમન્વય દૃષ્ટિ ભગવાન મહાવીરનો ઉદ્ગાર અનેકાંતવાદ જ આપી શકે છે, અને મનુષ્ય તે શોધીને સામાને સંતોષ આપી, શાંતિનો રાહ બતાવી શકે છે. અનેકાંત કહે છે કે ભાઈ, એક જ સત્ય અનેક રૂપે પ્રગટ થતું હોય છે, માટે તેનાં અનેક રૂપોને તારે માન્ય રાખવા જ પડશે. ભલે તે વિરોધી રૂપે પણ હોય! વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રો કંઈ સંપૂર્ણ સત્યને વરેલા નથી હોતા પણ સત્યના અંશોને તો તે વરેલા હોય છે, તેથી તેટલે અંશે તે સાચા છે. બધાય અંશોનો આદર કરીએ ત્યારે પૂર્ણ સત્ય બને. માટે જ આ સિદ્ધાંત સાચો ને પૂર્ણ સિદ્ધાંત છે અને એથી આ અનેકાંત "મારું તે સાચું" નહિ પણ "સાચું એ મારું" એવા સનાતન સત્યનો સ્વીકાર કરવા તરફ આપણને પ્રેરે છે અને જીવનની અનેક આંટીઘૂંટીઓ અને અશાંતિનો ઉકેલ આપે છે. પ્રત્યેક માનવ, ઘર, સમાજ કે રાષ્ટ્ર આજકાલના બધા વાદોને છોડીને આ વાદને અપનાવે તો વિશ્વ કેવું સુંદર બની જાય!

ભગવાન મહાવીરના જીવનનાં બીજાં અનેક આદરણીય પાસાંઓ છે. એમાંના એકેક પાસાંઓનું વિહંગાવલોકન કરશું તો તે આજના તેમના જન્મ-દિવસે અસ્થાને નહિ ગણાય.

(૧) અહિંસા (૨) ક્ષમાકરણા. એ એમના જીવનના પ્રસંગોને સાંકળતા અને માનવજીવનને પ્રેરણા અને બોધ આપે તેવાં પાસાંઓ છે. શ્રી મહાવીરે અહિંસાનો ઉપદેશ દેતાં કહ્યું કે પ્રાણી માત્રને પોતાનું

For Private And Personal Use Only

જીવન વહાલું છે. તે પછી પશુ હોય કે પક્ષી કે જંગલોમાં ફરતાં નિર્દોષ હરણાં હોય. આ બધામાં આત્મા વાસ કરી રહ્યો છે. આ દરેક જીવ જીવવાના અધિકારી છે માટે કોઈ જીવને હણો નહિ, મારો નહિ, પીડો નહિ, પણ તેમને જીવાડવા પ્રયત્ન કરો. કોઈની લાગણી દુભવવી, મારી નાખવી કે કોઈના અધિકારો ઝૂંટવી લેવા એ પણ એક પ્રકારની હિંસા જ છે. જેઓને તમોએ પોતાના માન્યા હોય અને તેમના સુખ અને શાંતિ માટે રાત અને દિવસ પ્રયત્ન કરતા હો, પણ તે સુખ બીજાના સુખને ભોગે નથી મેળવવાનું એવી સતત જાગૃતિ રાખો, તેમાં જ માનવની ખરી માનવતા છે અને એ પણ અહિંસા જ છે. આમ અહિંસાના વ્યાપક સ્વરૂપ તેમણે જનતા સમક્ષ મૂક્યું.

પ્રભુ મહાવીરનું બીજુ પાસું છે કરુણા–ક્ષમાભાવ એમના રોમેરોમમાં કરુણા અને દયાના ભાવો વ્યાપેલા હતા. પ્રભુ મહાવીર પોતાના પ્રબળ પુરુષાર્થ અને તપ સાધના દ્વારા પ્રકાશનું એક મહાકીરણ પ્રગટાવી પોતે એક પરમ જ્યોતિ સ્વરૂપ બની ગયા. માનવમાંથી મહામાનવ થયા. તેમના ધીરતા, કરુણા ક્ષમા અને નીડરતાના ગુણોની કેવી કેવી કસોટી થઇ? તે એમના નિમ્ન જીવન પ્રસંગો પરથી જોઈ શકાય છે.

સંગમદેવના ઉપસર્ગમાં અને ચંડકૌશિક સર્પના પ્રસંગમાં તેમની મહાન શક્તિનો સુંદર પરિચય થાય છે. મહાભયંકર ઝેરી સર્પ પ્રભુને ડંખ મારવા છતાં, એ ડંખ મારનાર પ્રત્યે એમના એકાદ અણુમાં જરા પણ ક્રોધ કે તિરસ્કારની ભાવના નથી દેખાતી, પરંતુ તેના પ્રત્યે ઉલટો એકસરખો પ્રેમ અને દયાનો ભાવ ઊભરાય છે, અને તેના ભાવિ જીવનની સદ્‌ગતિ માટે એક સરખી કરુણા વહે છે. ખરેખર! કરુણા અને ક્ષમાનું આથી ઊંચું સ્વરૂપ બીજું શું હોઈ શકે? આવા કરુણામૂર્તિ પ્રભુ પાસે સર્પ જેવું ક્રૂર પ્રાણી તેમનાં શીતળ વચનો સાંભળીને શાંત બને, શરણાગતિ લે. મહાપુરુષના જીવનની આ જ વિશેષતા છે.

ભારતના આવા વંદનીય અને પરમ અહિંસક તીર્થંકર ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને ઉપદેશો માનવજાતને સદાયને માટે સાચો રાહ બતાવ્યા કરશે અને અંતમાં એ મહાપુરુષના જીવનની યાદ આપણને સદાય બળ અને તાકાત આપે! એમ ઇચ્છી આજના એમના જન્મદિવસે એ લોકોત્તર કોટિના ભગવાન મહાવીરના આત્માને વંદન કરીને મારી અલ્પ શ્રદ્ધાંજલિ પૂર્ણ કરું છું.

'જનસંદેશ'માંથી સાભાર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવની પ્રથમ પ્રતિષ્ઠા સ્થાપનાર ભગવાન મહાવીર

લે. રતિલાલ મફાભાઇ-માંડળ.

વૈજ્ઞાનિક સંશોધનોને કારણે પ્રાગૈતિહાસિક કાળ પર જે પ્રકાશ પડવા લાગ્યો છે એ ઉપરથી જણાય છે કે આદિ માનવનું જીવન પ્રાયઃ આંતર પ્રેરણાને વશવર્તીને જ ચાલતું પણ જ્યારે એનામાં સમજ આવી અને આ વિશ્વ એ શું છે એવો વિચાર કરવા લાગ્યો ત્યારે નિસર્ગની અગમ્ય ઘટનાઓ જોઈ એક બાજુએ ભય પામવા લાગ્યો, તો બીજી બાજુ એને કચડી નાખતા નિસર્ગના પ્રવાહોમાંથી બચવા એણે પ્રયત્નો પણ આરંભ્યા.

આ ભય સંસ્કારોને કારણે નિસર્ગ, પછી કોઈ અગમ્ય શક્તિ તથા પાછળથી નિસર્ગની એક એક અગમ્ય ઘટના પાછળ કોઇ દેવ દેવી છે તથા એમને ખુશ કરવામાં જ પોતાનું હિત સમાયેલું છે એમ માની એ એમની પૂજા-યાચના કરવા તરફ ઢળ્યો અને તેથી એમને રીઝવવા એજ એનું પ્રધાન ધ્યેય બની ગયું.

આમ દેવોને રીઝવવાની જ દૃષ્ટિ પ્રધાન બની જાય છે ત્યારે એની સાથે અનેક પ્રકારના વહેમો અંધશ્રદ્ધાઓ પણ ઉમેરાય છે. ને વખત જતાં પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની મમતાને કારણે એનું મહત્ત્વ વધારવા જેનો ભેદ ગૂઢ રહે એવી ચમત્કારિક ઘટનાઓ પણ ઉભી કરવામાં આવે છે યાતો એનું એનામાં આરોપણ કરવામાં આવે છે.

આ પ્રકારના સંસ્કારોને કારણે માનવે પોતાની શક્તિનું ભાન ખોયું હતું ને એથી પરાશ્રયી પરાવલંબી બની રહેવાને કારણે એ દેવોને ખુશ કરવા નવા નવા ક્રિયાકાંડોની ભરમાર વધારવા લાગ્યો હતો ને એમાં સહેજ પણ ગલતી થાય તો દેવ કોપાયમાન થઈ ધનોત પનોત કાઢી નાખશે એવી ભયવૃત્તિ પણ પોષવા લાગ્યો હતો. આ કારણે માનવજીવનમાં ગભરાટ હતો, ભય હતો. એથી એને સુખ નહોતું, શાંતિ નહોતી, ચેન કે આરામ પણ નહોતો.

બીજી બાજુ માનવે-એને કચડવા માગતા કુદરતના પ્રવાહોમાંથી બચવા પ્રયત્ન કર્યો હતો અને એ પુરૂષાર્થને કારણે પ્રગતિ સાધી ભારે વિકાસ સાધ્યો હતો. છતાં એને પોતાની મૂળ શક્તિનું ભાન નહોતું થયું કારણકે એનો પુરુષાર્થ દેવાશ્રયી હતો. પરાવલંબી હતો. અને તેથી જે તેજસ્વિતા એનામાં પ્રગટવી જોઈએ એ દેખાતી નહોતી અને તેથી એને સાચો સુખ શાંતિનો માર્ગ પણ જડતો નહોતો. પોતાની ડુંટીમાં રહેલી કસ્તુરીની સુવાસ ઘાસમાં ખોળતા મૃગની જેમ એ બીજે જ વલખાં મારતો હતો. આ જોઈ ભગવાન મહાવીરે માનવને પોતાનામાં રહેલી આત્મશ્રદ્ધા, વિશ્વાસ અને સંકલ્પશક્તિનું ભાન કરાવી પુરૂષાર્થ દ્વારા સ્વાશ્રયીસ્વાવલંબી બનતા શીખવ્યું.

એમનું કહેવું હતું કે સુખ બહાર નથી પણ અંતરમાં જ છે. એ સુખને કોઈ પણ દેવ-દેવી આપી શકતાં નથી. કે કોઈને દુઃખ પહોંચાડી શકતા પણ નથી. એ દેવોને પણ અમુક નિયમને વશવર્તી થઇને જ ચાલવું પડે છે અને એમને પણ પરિમિત સમયે પોતાનું સ્થાન છોડવું પડે છે. વળી જે પોતે સુખ શાંતિ મેળવી શકવા અસમર્થ છે, બે ઘડી જેટલો મનસંયમ પાળવા પણ અશક્તિમાન છે એવા નિર્બળ મનના દેવો બીજાને શું સહાય આપી શકે ? સહાય તો અંદરથી જ મેળવવાની છે એથી જે પવિત્ર જીવન જીવે છે એની પવિત્રતા જ એનું સુખ નિર્માણ કરી આપે છે. આ કારણે એવા પવિત્ર પુરૂષોને તો 'દેવા વિ તં નમસ્સંતિ' ઉલટા દેવોજ નમન કરે છે.

એથી ભગવાને કહ્યું કે "હે માનવ ! સુખ દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરવું એ તો તારાજ હાથની વાત છે તું પોતે જ શક્તિનો ભંડાર છે વિશ્વની કોઈ પણ શક્તિ તને નમાવી શકે તેમ નથી. તું ધારે તો તું પોતે જ વિશ્વનો સમ્રાટ બની શકે છે. છતાં તું સિંહ હોવા છતાં ઘેટાઓની વચ્ચે રહી પોતાને ઘેટોજ માની બેઠો છે અને અહીંથી સુખ મળશે એમ માની બીજાઓની ખુશામત–પ્રાર્થના કરી તારી શક્તિ ગુમાવી રહ્યો છે માટે ' **पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया मित्त मिच्छसि** ' ( આચા. અ. ૩. ઉ.૩ ) હે માનવ ! તું પોતે જ તારો ઉદ્ધારક છે તો શા માટે બહાર વલખાં મારે છે ? માટે તું તારા પગ પર જ ઊભો રહેતાં શીખ. તું ધારે તો વિશ્વના વહેણોને પણ બદલી શકે છે.

આમ એ યુગમાં સહુથી પ્રથમ ભગવાન મહાવીરે જ સ્વાશ્રયી–સ્વાવલંબી પુરૂષાર્થનો માર્ગ બતાવી માનવને શક્તિના કેંદ્ર સ્થાને મૂકયો હતો. અને એ રીતે માનવની પ્રતિષ્ઠા સ્થાપિત કરી હતી. એની ભવ્ય અસરે વૈદિકોને પણ ઇશ્વરને માનવરૂપ ધારી બનાવવો પડયો છે. અવતારવાદની કલ્પના આમ ભગવાન મહાવીરે માનવની સ્થાપેલી પ્રતિષ્ઠાને જ આભારી છે.

આ કારણે જૈનધર્મ જે પુરુષાર્થવાદી–કાર્યસિદ્ધાંતવાદી ધર્મ છે અને જેનો પાયો તપયોગ ધ્યાનયોગ–જ્ઞાનયોગ પર આધારિત છે. એ ધર્મને દેવ દેવીઓ કે ઇશ્વર સુદ્ધાં પણ ખપતા નથી. કારણકે સહાયની પ્રાર્થના કરતો વેવલો ભક્તિયોગ એને મંજૂર નથી. એને તો કેવલ જીવનશુદ્ધિયોગ જ મંજૂર છે. આથી જે કંઇ ભક્તિયોગ એનામાં દેખાય છે એ કેવળ પ્રેરણા લેવા માટે જ છે; એની પાછળ કોઈ યાચના નથી કે માગણી પણ નથી અને તેથી એ એવા ચમત્કારોથી અંજાતો પણ નથી. વહેમો અને અંધશ્રદ્ધાઓથી એ પર છે.

પણ અનંત યુગોના ભોગ–રાગના સંસ્કારોને કારણે આપણે ફરી એજ રોગમાં ફસાઇ દેવદેવીઓ–નવગ્રહો–દશ દિક્પાળો ને ખુશ કરવા તરફ લલચાયા છીએ અને તેથી કર્મકાંડોની ભરમાર તથા વૈદિક યજ્ઞયાગની સ્મૃતિ કરાવતા હવનહોમો તથા પૂજાપાઠો વગેરેને જીવનમાં સ્થાન આપી ભગવાન મહાવીરનો મૂળ પુરુષાર્થ માર્ગ જ ભૂલી ગયા છીએ, અને આ રોગમાં કંઈ આપણે જ સપડાયેલા છીએ એમ નથી પણ બહુ પ્રાચીન કાળથી પૂર્વાચાર્યોએ પણ એનું જ મંડાણ કરેલું હોઈ આજે એને આપણે ધર્મ માની બેઠા છીએ. છતાં એ પુરુષોએ ભગવાન મહાવીરની મૂળદૃષ્ટિ શી હતી એના કથનો પણ સાચવી રાખ્યા હોઈ આપણે મૂળ માર્ગ શોધી શકવા જેટલા ભાગ્યશાળી રહ્યા છીએ.

આજે તો હવે આપણે ભક્તિને નામે એટલા બધા વૈષ્ણવ–વૈદિક ધર્માનુયાયી બની રહ્યા છીએ કે દેવો જુદા હોવા છતાં આચાર કે ક્રિયાકાંડોમાં આપણી પાસે કશું જ મૌલિક તત્ત્વ રહ્યું નથી ને એથી અંદરની શક્તિઓ ભૂલી અંદર વળવાની અપેક્ષા જ્યાં કંઇ પણ અવનવી ઘટના સંભળાય છે ત્યાં તરતજ ચમત્કાર પ્રિયતાને કારણે દોડી જઈએ છીએ. માની લઈએ કે કંઇક ગૂઢ ભેદ ન સમજાયો ને એથી એને ચમત્કાર માન્યો પણ ભલા એથી આપણા જીવનને શો લાભ થયો એ કોઈ વિચારતું નથી. એથી જો મહાવીરના મૂલ પુરુષાર્થ માર્ગની ફરી પ્રતિષ્ઠા આજના આ પુરુષાર્થયુગમાં—વૈજ્ઞાનિકયુગમાં સ્થાપવી હોય તો આપણે મોટું પરિવર્તન કરવું પડશે. અને તો જ જગત મહાવીરની મૂળભૂત મહત્તા સમજી નવો પ્રકાશ મેળવી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ

લે. આચાર્ય જિતેન્દ્ર જેટલી

ભારતીય દર્શનશાસ્ત્રમાં જુદાં જુદાં દર્શનો જીવાત્માના સ્વરૂપ વિશે જુદા જુદા મત ધરાવે છે. આ બાબતમાં બધાં દર્શનોની સામાન્ય સમજ એવી છે કે જૈનોના મત પ્રમાણે 'જીવાત્મા શરીરના પરિમાણ જેટલા જ પરિમાણવાળો છે.' અર્થાત જેનું જેટલું અને જેવું શરીર એ શરીરના પરિમાણ જેટલું જ જીવાત્માનું પરિમાણ. આમ શરીરના જેટલું જ પરિમાણ માનવાની માન્યતાના રહસ્યને પુરેપુરું સમજ્યા વિના અથવા તો સમજવા છતાં ન સમજ્યા જેવું કહી જૈનોના આ મતનું ખંડન કરે છે. આ પ્રકારના ખંડનમાં બધાંએ દર્શનોની દલીલો એક સરખી હોઈ આપણે પ્રસિદ્ધ દાર્શનિક ભગવાન શંકરાચાર્યની દલીલો ટાંકીશું.

જૈનોની દૃષ્ટિ રજૂ કરતાં શંકર જણાવે છે કે शरीरपरिमाणो हि जीव इत्याइता मन्यन्ते । એટલે કે જીવાત્માનું પરિમાણ એ જે શરીર ધારણ કરે છે એટલું જ છે એમ આર્હતો અર્થાત્ જૈનો માને છે, આમ માનવા જતાં શું દોષો આવે એ જણાવતાં તેઓ કહે છે કે—

शरीरपरिमाणतायां च सत्याम कृत्स्नोऽसर्वगतः परिच्छिन्न आत्मा इत्यन्ते घटादिवदनित्यत्वमान्तनः प्रसज्येत । शरीराणां चानवस्थित परिमाणत्वान्मनुष्यजीवो मनुष्यशरीरपरिमाणो भूत्वा पुनः केनचित्कर्मविपाकेन हस्तिजन्म प्राप्नुवन्न कृत्स्नं हस्ति शरीरं व्याप्नुयात् । पिपीलिकाजन्म च प्राप्नुवन्न कृत्स्नः पिपीलिकाशरीरे संमीयेत । समान एष एकस्मिन्नपि जन्मनि कौमारयौवनस्थाविरेषु दोषः ।

'અર્થાત્ જીવાત્માનું પરિમાણુ શરીર જેટલું જ છે. એમ માનવા જતાં જીવાત્મા અકૃત્સ્ન અર્થાત્ અસર્વવ્યાપી તથા મર્યાદિત પરિમાણવાળો થઈ જાય અને આમ થતાં ઘડા વગેરેની જેમ એના પણ (જીવાત્માના પણ) અનિત્યત્વનો પ્રસંગ ઊભો થાય. વળી શરીરોનું પરિમાણ એક સરખું ન હોવાને કારણે મનુષ્ય શરીરના પરિણામ-વાળો જીવ કોઈ એક કાર્ય વિપાકને કારણે મર્યા પછી હાથીનો જન્મ લે ત્યારે એનું મનુષ્યના શરીરનું પરિમાણ હાથીના આખા શરીરના પરિમાણમાં વ્યાપ્ત ન થાય. તથા એ મનુષ્ય કોઈ કર્મ વિપાકને કારણે કીડીનો જન્મ પ્રાપ્ત કરે તો એના મનુષ્યના શરીરનું પરિમાણ કીડીના શરીરના પરિમાણમાં સમાઈ ન શકે. આ જ દોષ એના એજ જન્મમાં પણ કુમારાવસ્થા યુવાવસ્થા તથા ઘડપણ અવસ્થાના શરીરોને લાગુ પડે છે.'

ઉપર જણાવ્યું તેમ ભગવાન શંકરાચાર્યની આ દલીલો લગભગ બધાં જ ભારતીય દર્શનો જૈન મતના ખંડનની બાબતમાં સ્વીકારે છે અને એ રીતે જૈનોએ સ્વીકારેલ જીવાત્માના મતનું ખંડન કરે છે.

સામે પક્ષે જૈન દાર્શનિકો પણ ઇતર દાર્શનિકો જેઓ જીવાત્માનું સ્વરૂપ સર્વ-વ્યાપક છે એમ સ્વીકારે છે એમના મતનું પણ ખંડન કરે . આપણે અહીં આવા દાર્શનિક વાદવિવાદોમાં ન પડતાં જૈન દૃષ્ટિએ જીવાત્માનું સ્વરૂપ શરીર પરિમાણવાળું છે એમ કહેવાનું સાચું રહસ્ય શું હોઈ શકે એ સમજવાનો પ્રયત્ન સર્વ વાદવિવાદોને અનેકાંતવાદના સાધનથી દૂર કરવા ઇચ્છનાર ભગવાન મહાવીરના મતને અનુલક્ષી કરીશું.

જૈન-દૃષ્ટિએ આત્માનું પરિમાણુ શરીરના પરિમાણુ જેટલું જ છે એ બાબત વ્યાવહારિક-દૃષ્ટિએ તથા તાત્ત્વિક દૃષ્ટિએ પણુ સાચી છે. આપણે અહિં આ બાબતને આપણા રોજંદા જીવનના દૃષ્ટાંતથી સમજવા પ્રયત્ન કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવાત્માનું સ્વરૂપ પ્રકાશમય તથા ચૈતન્યમય છે એમ માનવામાં બધાં દર્શનો સમ્મત છે. જૈન-દૃષ્ટિ પણ જીવાત્માને પ્રકાશમય અને ચૈતન્યમય માને છે. હવે આપણે પ્રકાશ આપનાર એવી તથા વ્યવહારમાં રોજ ઉપયોગમાં આવતી એવી વસ્તુના દૃષ્ટાંતથી આત્માનું પરિમાણ શરીર જેટલું જ શા માટે છે એ સમજવા પ્રયત્ન કરીશું.

આપણે દિવસે સૂર્યના પ્રકાશથી કામ લઈએ છીએ અને રાત્રે તેલ અથવા વીજળીના દીવાથી કામ લઈએ છીએ. અહિં એક બાબત અનુભવ-સિદ્ધ છે કે આ સૂર્ય કે દીવો જ્યાં એની ગતિ જઈ શકે એ ભાગને જ પ્રકાશ આપે છે. ચારે તરફથી બંધ ઓરડામાં સૂર્યના કિરણો જઈ શકતા નથી. એજ રીતે એક હજાર કેન્ડલ પાવરનો વીજળીનો દીવો પણ જો એક નાનકડી તિજોરીમાં રાખી તિજોરી બંધ કરી સળગાવવામાં આવે તો એનો પ્રકાશ તિજોરી બહાર જઈ શકશે નહિ.

આનો અર્થ એ થયો કે પ્રકાશ ગમે એટલો સમર્થ હોય તો પણ જો એની આસપાસ આવરણ હોય તો એ આવરણને ભેદીને કામ કરી શકશે નહિ. વીજળીનો દીવો એનો એજ હોય તો પણ નાના ઓરડામાં મૂકવામાં આવે તો નાના ઓરડાને પ્રકાશ આપે અને મોટા ઓરડામાં મૂકવામાં આવે તો મોટા ઓરડાને પ્રકાશ આપે. ખુલ્લા મેદાનમાં મૂકવામાં આવે તો આખા મેદાનને પણ પોતાની શક્તિ અનુસાર અજવાળું આપે. આ દૃષ્ટાંતમાં દીવો કે એનો પ્રકાશ નાનો કે મોટો નથી થતો પણ ઓરડો નાનો મોટો હોય છે. આજ રીતે જીવાત્મા જે પ્રકાશમય છે એ આપણું પ્રાણીઓનું શરીર કે જે એક ઓરડા જેવું છે એને પ્રકાશ આપે છે. શરીર જેવું નાના કે મોટા પરિમાણવાળું હોય તેના પ્રમાણમાં જીવાત્માનો પ્રકાશ પણ એટલા ભાગમાં જ ફેલાય. શરીર એ ઓરડાની જેમ જ જીવાત્માના પ્રકાશનું આવરણ છે. જીવાત્માના પ્રકાશને શરીર પોતાની મર્યાદાની બહાર જવા દેતું નથી. જે પ્રમાણે ઓરડાની ચાર દિવાલો તથા એનું છાપરૂં વગેરે આવરણો ઓરડાની અંદરના પ્રકાશને પછી એ ગમે એટલો સમર્થ હોય તો પણ બહાર જવા ન દે એ રીતે જ આ શરીર પણ ચૈતન્યમય જીવાત્માના ચૈતન્યને શરીરની બહાર કામ કરવા ન દે એ અત્યંત સ્વાભાવિક છે.

જે દર્શનો આત્માના સ્વરૂપને સર્વ-વ્યાપક માને છે એમના મતે પણ આત્માનું ચૈતન્ય એના પોતાના શરીરની બહારે જઈને કશું પણ કામ કરતું નથી એ હકીકત છે એટલે આત્માનું સ્વરૂપ સર્વવ્યાપક માનવામાં આવે તો પણ વ્યવહારમાં સર્વવ્યાપક જીવાત્મા શરીર બહાર કશું પણ કરી શકતો નથી. ટૂંકમાં શરીર એ ચૈતન્યરૂપી પ્રકાશની એક મર્યાદા છે. આ મર્યાદા સમજીને જ ચૈતન્યમય અને પ્રકાશમય જીવાત્માનું પરિમાણ વ્યાવહારિક દૃષ્ટિએ સામાન્ય માણસોને પણ જલ્દી સમજાઈ જાય તે માટે જૈન દાર્શનિકોએ શરીર જેટલું જ છે એમ કહ્યું છે. જીવાત્માનું મૂળ પરિમાણ શરીર જેટલું જ છે એમ કહેવાનો આશય જૈન દર્શનનો નથી જ, એ આ દૃષ્ટાંતથી સ્પષ્ટ થશે

શરીર છૂટતાંની સાથે જીવાત્મા એક વાર તો આખા વિશ્વમાં પ્રકાશ ફેલાવી પછી જ પોતાના નિયત સ્થાનમાં જાય છે એવી જૈન-દૃષ્ટિ છે જ. એટલે આત્માનું પરિમાણ શરીર જેટલું માનવામાં તાત્ત્વિક દૃષ્ટિને સાદી અને સીધી વ્યાવહારિક દૃષ્ટિ આપવા સિવાય બીજું આયોજન કશું જ નથી. દાર્શનિકો આ રહસ્યને પોતાના મનનું સમાધાન કરવા ઉલટી રીતે રજૂ કરે એનું પરિણામ દાર્શનિક વાદ-વિવાદ આગળ ચાલ્યા કરે એ સિવાય તત્ત્વ લાધે નહિ એ જ છે.

જીવાત્માના સ્વરૂપની જૈન દૃષ્ટિએ આટલી સ્પષ્ટતા કર્યા બાદ એને વિશે તાત્ત્વિક રીતે અનેક શંકા કુશંકા થઈ શકે છે પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ જીવાત્મા પ્રકાશમય અને ચૈતન્મય છે એ સર્વસમ્મત બાબત છે એમાં કશો મતભેદ નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સંસ્કૃતિ અને મહાવીર

**હિંદીમાં લે. શ્રી વિજયમુનિ સાહિત્યરત્ન**

જે શ્રદ્ધા, વિચાર અને આચારથી વ્યક્તિ અને સમાજનું જીવન સંસ્કારી અને વિશુદ્ધ થાય તે શ્રદ્ધા વિચાર અને આચાર સંસ્કૃતિ કહેવાય છે. સંસ્કૃતિથી માણસનો વિકાસ થાય છે. સંસ્કૃતિનો ધર્મ અને દર્શન સાથે અતૂટ સમ્બન્ધ છે. કોઇપિણ પરંપરાગત સંસ્કૃતિનાં આચાર-વિચાર અને શ્રદ્ધાનો પ્રવાહ સ્વતંત્ર હોય છે. કોઇપિણ સમાજના આચાર-વિચાર અને શ્રદ્ધાની ત્રિવેણીમાં તેની સંસ્કૃતિનો પ્રાણ છે. સંસ્કૃતિનો સંબંધ આંતરિક જીવન સાથે છે. સભ્યતા અને સંસ્કૃતિનાં મૂળતત્ત્વોમાં ભેદ છે. સભ્યતા એટલે શરીર, અને સંસ્કૃતિ એટલે આત્મા. સભ્યતા બાહ્ય વસ્તુ છે ને સંસ્કૃતિ આંતરિક છે. ભૌતિક વિકાસ એટલે સભ્યતા ને આધ્યાત્મિક વિકાસ એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ પરંપરાનું પ્રાણતત્ત્વ હોય છે.

જે વિચાર કોઇ જાતિના જીવનવૃત્તનું કેન્દ્ર હોય છે તે વિચારથી સંસ્કૃતિનો જન્મ થાય છે. તે જાતિ અને સમાજની સંપૂર્ણ વિકાસધારા તે સ્ત્રોતથી પ્રવાહિત હોય છે; જે સમાજ પાસે આવો સશકત કેન્દ્રીય વિચાર નથી હોતો તે સમાજની સંસ્કૃતિ નહીંવત્ હોય છે. એથી ઊલટું જે સમાજ પાસે આવો કેન્દ્રીય વિચાર હોય છે તેવા સમાજની સંસ્કૃતિ દીર્ઘાયુષી હોય છે. આવા કોઇ કેન્દ્રીય વિચારથી સંસ્કૃતિના પ્રવાહનો પ્રસ્ફોટ થાય છે. તે વિચાર આત્મા જેટલો અમૂલ્ય અને સશકત હોય છે. જેમ આત્માથી જ શરીર જીવંત છે તેમ એ સશકત કેન્દ્રીય વિચારથી જ સંસ્કૃતિ પણ જીવંત રહે છે. આવો કેન્દ્રીય વિચાર જેટલો મજબૂત સશકત હશે, સંસ્કૃતિપણ તેટલી જ મજબૂત અને સશકત બનશે. કોઈ પણ સમાજના જીવન, દર્શન અને ધર્મને સમજવા માટે તેના કેન્દ્રીય વિચારને સમજવો અતિ આવશ્યક છે. આપણે જૈન સંસ્કૃતિને સમજવા માટે તેના તે પ્રબળ કેન્દ્રીય વિચારને સમજીએ. જૈન સંસ્કૃતિના કેન્દ્રીય વિચાર સંક્ષેપમાં આ પ્રકારે છે.

**(૧) આત્મ-વિશુદ્ધિ:-**

માણસ બીજાને સમજવાનો પ્રયત્ન તો કરે છે પણ તે પોતાની જાતને જ સમજી શકતો નથી. માણસને માટે પોતાની જાતને જ સમજવાનું જરૂરી છે પોતાની જાતને ભૂલીને બીજાને સમજવાથી ફાયદો શું ? તેથી પોતાની જાતને સમજવા માટે આત્મવિશુદ્ધિ આવશ્યક છે.

**(૨) દૃષ્ટિ-વિશુદ્ધિ:-**

સત્યને જોવા અને જાણવા રાગદ્વેષ રહિત વિશદ તટસ્થ દૃષ્ટિની આવશ્યકતા છે.

**(૩) સાધન-વિશુદ્ધિ.-**

વિશુદ્ધ ધ્યેયની પ્રાપ્તિ માટે નિર્દોષ અને વૈજ્ઞાનિક વિશુદ્ધ સાધનો હોવાં જોઇએ.

**(૪) ધ્યેય-વિશુદ્ધિ-**

મનુષ્ય જીવનની સફળતા અને નિષ્ફળતાનો આધાર તેનું ધ્યેય છે તેથી સાધનાના આરંભ પહેલાં ધ્યેયની શુદ્ધતા, પવિત્રતા હોવી જોઇએ.

જૈન સંસ્કૃતિ એક પવિત્ર અનુગતિશીલ ધારા છે એ સંસ્કૃતિનો કેન્દ્રીય વિચાર ઉપર બતાવેલાં ચાર તત્ત્વો પર નિર્ભર છે. જૈન સંસ્કૃતિનું એકમાત્ર લક્ષ્ય છે આત્મ વિશુદ્ધિ. આ સંસ્કૃતિ ભોગપ્રધાન નહિ, ત્યાગપ્રધાન છે. ભોગને બદલે ત્યાગ, રાગને બદલે વૈરાગ્ય, વિકારને બદલે સંસ્કાર, અને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જનાર એવી પવિત્ર આ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ માણસને આંતર્મુખી બનાવે છે અને આત્માને મુકત કરવાનો તેનો સંકલ્પ છે:

---

'શ્રમણ' વર્ષ ૧૩ અંક ૬ માંથી સાભાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્ય તરફ સાધન સિવાય જવાતું નથી. તેથી સાધન શુદ્ધ છે કે અશુદ્ધ તે જાણવાની દૃષ્ટિ પર ભાર મુકવામાં આવે છે એટલે આવા ધ્યેય પ્રાપ્તિનો આધાર દ્રષ્ટિની વિશુદ્ધિ પર જ રહે છે.

## સંસ્કૃતિના દૃષ્ટિબિન્દુ

સંસ્કૃતિ ગંભીર વિષય છે અને જે સંસ્કૃતિ અતિ પ્રાચીન છે, તેના વિષે કંઈ કહેવું કે તેનાં લક્ષણ બતાવવાં તે ખરેખર અઘરું કાર્ય છે.

જ્યાં ઇતિહાસની પણ પકડ નથી તેવા અતિ પ્રાચીન કાળમાં જૈન સંસ્કૃતિનાં મૂળ છે એટલે તેના વિષે કંઇપણ લખવું અઘરૂં હોવા છતાં તેના મૂળ દ્રષ્ટિબિન્દુને જોવાનો પ્રયત્ન કરૂં છું. આ લેખમાં તેને સંપૂર્ણપણે ઉતારવાનો પ્રયત્ન કર્યો જ નથી કારણકે તેમ કરવું ઘણું મુશ્કેલ છે. અહિંયા તો તે વિશાળ સંસ્કૃતિનો પરિચય માત્ર થઈ શકશે. સંસ્કૃતિ એક પરિવર્તનશીલ ધારા છે તેમાં કાળેકાળે અને ક્રમેક્રમે અનુકૂળ અને પ્રતિકૂળ પરિવર્તનો થયાં કરે છે અને તેવાં પરિવર્તનો અમુક સીમા સુધી જરૂરી પણ હોય છે.

## ગુણપૂજા

ગુણપૂજા જૈન સંસ્કૃતિની પ્રથમ વિશેષતા છે. આ સંસ્કૃતિ વ્યક્તિપૂજામાં નહીં પણ ગુણપૂજામાં વિશ્વાસ રાખે છે. વ્યક્તિ અસ્થાયી છે પણ તેના ગુણો સ્થાયી છે. મહામંત્ર નવકાર–જે જૈન સંસ્કૃતિનો મૂળમંત્ર છે, તેમાં ગુણપૂજાને જ મહત્ત્વ અપાયું છે તેમાં કોઈ વ્યક્તિ નહિ, તેના ગુણોજ મંત્ર બન્યા છે. જેણે રાગદ્વેષનો નાશ કર્યો છે તે 'અરિહંત' છે, જેણે સમસ્ત કર્મોનો નાશ કર્યો છે તે 'સિધ્ધ' છે, જે પોતે આચારનું પાલન કરે છે અને બીજા પાસે કરાવે છે તે 'આચાર્ય' છે, જે જ્ઞાનની સાધના કરે છે અને બીજા પાસે કરાવે છે તે 'ઉપાધ્યાય' છે, જે પાંચેય મહાવ્રતોની મન, વચન અને કર્મથી સાધના કરે છે તે 'સાધુ' છે. કોઈપણ જાતિનો માણસ આવા ગુણોથી અરહિંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ બની શકે છે. આ રીતે ગુણપૂજા આ સંસ્કૃતિનો મૂળભૂત સિદ્ધાંત છે.

## પોતાનો ઉદ્ધાર, પોતાને હાથ

વ્યક્તિના ઉત્થાન અને પતન પર કોઈ ઈશ્વરીય શક્તિનો કાબુ હોતો નથી, પોતાના વિકાસ અને હ્રાસનો આધાર વ્યક્તિ પોતેજ છે. સ્વર્ગલોકના દેવો તો નથી આપણું કલ્યાણ કરતા કે નથી અકલ્યાણ કરતા, કારણ કે તેઓ પણ પોતાના વિકાસને માટે મનુષ્ય યોનિમાં જન્મ લેવાનું વિચારતા હોય છે. કોઈ એવી શક્તિ કે સત્તા નથી જે ઉપરથી આપણા વિકાસ કે વિનાશના હુકમો છોડતી હોય. આવી અદૃશ્ય દૈવીશક્તિ જે સ્વર્ગલોકમાંથી આપણું ભવિષ્ય ઘડતી હોય તેવી કલ્પિત માન્યતામાં જૈન સંસ્કૃતિને વિશ્વાસ નથી. જૈન સંસ્કૃતિને ઈશ્વરવાદ માન્ય નથી. તે તો કહે છે કે પ્રત્યેક વ્યક્તિ પોતે જ ઈશ્વર છે, આત્મા કર્મયુક્ત દશામાંથી કર્મમુક્ત દશા મેળવે, એટલે તે પોતે જ ઈશ્વર બની જાય છે, ભગવાન બની જાય છે, પરમાત્મા બની જાય છે. પોતાનો ઉદ્ધાર કરવા માટે માણસે બીજા પર આધાર રાખવો પડતો નથી. પોતાની જાતે જ પોતાનો વિકાસ કરવો એ આ સંસ્કૃતિનું ધ્યેય છે. ભગવાન મહાવીરે બાર વર્ષની ઘોર તપશ્ચર્યા પછી અમૃતતત્ત્વ મેળવ્યું તે તેમણે જન-કલ્યાણ માટે સમગ્રલોકમાં વ્હેંચી દીધું. તેમણે સિદ્ધ કરી બતાવ્યું કે માણસ જે કંઈ મેળવવા ઇચ્છે, કે જે કંઈ બનવા ઈચ્છે તે તેને પોતાના જ બળ અને શ્રમથી પ્રાપ્ત થાય છે. માણસનો ઉદ્ધાર પોતાના હાથથી જ થાય છે.

## વિચાર અને આચારનો સમન્વય

જૈન સંસ્કૃતિની ઘણા લોકો ટીકા કરે છે. તેઓ કહે છે કે આ સંસ્કૃતિ આચારને તો સ્થાન આપે છે પણ વિચારને મહત્ત્વ આપતી જ નથી. ક્રિયામાં તેને શ્રદ્ધા છે પણ જ્ઞાનમાં નહિ. વિચારતાં સમજાશે કે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથનમાં સત્યાંશ ઘણો ઓછો છે. મધ્યયુગમાં કેટલોક સમય એવો આવ્યો જ્યારે સ્થાનકવાસી જૈનસંપ્રદાય જેવા સંપ્રદાયોએ ઘોર તપસ્યાને જ મહત્ત્વ આપ્યું. બાહ્ય સાધના પર વધારે ભાર મુકવામાં આવ્યો; તેમ છતાં તેમાં વિચાર અને જ્ઞાનનો તિરસ્કાર કરવામાં આવ્યો તેમ કહેવું એ ભ્રાંતિપૂર્ણ સિદ્ધ થશે. ખરેખર તો આ સંસ્કૃતિ આચાર અને વિચારના સમન્વયમાં શ્રદ્ધા ધરાવે છે. જૈન સંસ્કૃતિનો વિચાર આચારમૂલક હોય છે અને આચાર વિચારમૂલક હોય છે. જ્ઞાન એક પ્રકાશ છે, જે માણસને માર્ગ બતાવે છે. અને ક્રિયા એક શક્તિ છે જે જ્ઞાને બતાવેલ માર્ગ પર માણસને ચલાવે છે. તેથી જ્ઞાન અને ક્રિયાના સમન્વયમાં જૈન સંસ્કૃતિનો પ્રાણ છે.

## ભોગ અને ત્યાગ

જૈન સંસ્કૃતિ સાધકને જીવનનાં ભોગ તરફથી ત્યાગ તરફ લઈ જાય છે ભોગથી જીવન દૂષિત બને બને છે, ત્યાગથી આભૂષિત, અલંકૃત બને છે. ભોગ માણસને નીચે ઉતારે છે ત્યાગ તેને ઉંચે ચડાવે છે. ભોગમાં આત્મા તો તેના શુદ્ધ સ્વરૂપને ભૂલી જાય છે. ત્યાગમાં તે તેના વિશુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થાય છે. આ સંસ્કૃતિ સાધકને પ્રેરણા આપે છે કે ભોગનો નાશ કરો ને ત્યાગને જીવનમાં પ્રગટાવો. ભોગની મરૂભૂમિમાં ધર્મનાં બીજ અંકુરિત થતાં નથી, એટલે ભોગ કરતાં ત્યાગ મહાન છે.

## આધ્યાત્મિક સંસ્કૃતિ

જૈન સંસ્કૃતિ ભૌતિક નહિ પણ આધ્યાત્મિક છે. તેમાં વૈરાગ્ય, ત્યાગ અને સંયમનો મહિમા છે. ભૌતિક સાધનો અને ભોગવિલાસ ને તે તુચ્છકારે છે. તેમાં બાહ્ય વિકાસને નહિ પણ આંતરિક વિકાસને મહત્ત્વ અપાયું છે. આ સંસ્કૃતિની સાધનાનું ધ્યેય આંતરિક વિકાસનું, આંતરમનના પરિશોધનનું છે. જૈન સંસ્કૃતિમાં કલાનું એક આગવું મહત્ત્વ છે. પણ તે કલા તે ભૌતિક કલા નહીં, આધ્યાત્મિક કલા. દિવાલ, કાગળ કે પથ્થરની કલાનું એટલું મહત્ત્વ નથી, જેટલું જીવનની કલાનું છે. માટે આ સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે; લૌકિક યા ભૌતિક નહિ.

જૈન સંસ્કૃતિના ત્રણ વિશેષણો છે, સત્ય, શિવ ને સુન્દર. આમાં સત્યની ઉપાસના થાય છે તેથી આ સંસ્કૃતિ સત્યમય છે. જે સત્યમય છે તે શિવમય એટલે કલ્યાણકારી તો હોય જ. અને જે કલ્યાણકારિણી છે તે સુન્દર પણ હોય જ. કેમકે સૌન્દર્ય શિવતત્ત્વનો શણગાર સજીને આવે છે. આ સંસ્કૃતિનું સત્ય છે સમ્યગ્દર્શન. શિવત્વ છે સમ્યગ્જ્ઞાન, અને સૌંદર્ય છે સમ્યક્ચારિત્ર. દર્શન, જ્ઞાન અને ચારિત્રની ત્રિવેણી એક ખરી સંસ્કૃતિ છે. આ ત્રિવેણીમાં ડુબકી મારવાથી મનના તાપ અને પાપનો નાશ થાય છે. શરીરના મેલનો નાશ થવાથી કંઈ જ વળતું નથી. માનવતાના કલ્યાણ માટે તો મનના મેલનો નાશ થવો જોઈએ. જીવનના કલ્યાણ માટે આ સંસ્કૃતિ સત્ય, શિવ અને સુંદર છે.

## સંસ્કૃતિના મૂળ આધાર

જૈન સંસ્કૃતિના આધારભૂત તત્ત્વો ત્રણ છે–શ્રમ, શમ અને સમ. જૈન સંસ્કૃતિ માને છે કે માણસના ઉત્થાનમાં, તેના વિકાસમાં અને અભ્યુદયમાં તેનો પોતાનો જ શ્રમ કામ લાગે છે. જે માણસ પોતાના વિકાસ માટે જેટલો શ્રમ કરે છે, તપસ્યા કરે છે, પુરૂષાર્થ કરે છે, તેટલો જ તેમાં તે સફળ થાય છે. આધ્યાત્મ વિકાસને માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેજ સાચો શ્રમ છે. અને આવા શ્રમને કારણે જ સાધક શ્રમણ કહેવાય છે. શ્રમ ને તપ વિના પરમ પુરૂષાર્થ પ્રાપ્ત ન થાય. શમનો અર્થ છે વિકારોને શાંત કરવા. આત્માના મુખ્ય ચાર વિકારો છે. ૧ ક્રોધ ૨ માન ૩ માયા ૪ લોભ. આવા વિકારોથી આત્મા કલુષિત થાય છે. આત્મવિકાસમાં આ ચારેય બાધક છે. જ્યાં સુધી આ ચારેય શાંત થતા નથી, ત્યાં સુધી સાધના ગમે તેવી ઉગ્ર હોવા છતાં તે વ્યર્થ છે. એટલે જીવનમાં શમ-શાંતિની ખૂબ જ આવશ્યકતા છે. શમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—શાંતિ એ સંસ્કૃતિનું મૂળતત્ત્વ છે. સમનો અર્થ છે સમતાભાવ, અથવા સમભાવ પ્રાણી માત્ર માટે મૈત્રી ભાવ તે જ સાચો સમત્વયોગ છે. આ આ સમત્વયોગ સિવાય સંસ્કૃતિ પલ્લવિત કે પુષ્પિત થઈ શકતી જ નથી. સમતા એ જીવનને માટે એક સ્વસ્થ દૃષ્ટિકોણ છે. પણ તે જીવન 'સ્વ'નું હો કે 'પર'નું, આ સમભાવમાંથી જ અહિંસા, દયા અને કરુણા જેવા અધ્યાત્મ ગુણો જન્મે છે.

## સંયમ અને શીલ

કોઈ પણ સંસ્કૃતિ શીલ અને સંયમ વગર પોષિત પલ્લવિત કે સંવર્ધિત થતી નથી. સંયમ ને શીલ સંસ્કૃતિનાં પ્રાણતત્ત્વો છે. સંસ્કૃતિમાં સંયમ ને શીલ બન્નેની વિશેષતા છે. જે માણસના જીવનમાં સંયમ કે શીલ નથી, તેનું આ સંસ્કૃતિમાં જરાપણ સ્થાન નથી. સંયમ ને શીલ વગરનો ગમે તેવો વિદ્વાન હો કે જ્ઞાન ગંભીર ધૂરંધર હો, તે શબવત્ છે. સંયમ ને શીલની આરાધનાથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે.

## સંસ્કૃતિનાં જીવનતત્ત્વ

આ સંસ્કૃતિ દયા ને દાનથી જીવંત છે. જે માણસના હૃદયમાં કોઈ દુઃખીને જોઈને કરુણા જન્મતી નથી તે ધર્મની આરાધના કરવામાં નિષ્ફળ નિવડે છે. દયા તો જીવનસાગરનું અમૃત છે, સ્વર્ગલોકની સુધા છે, જેના અભાવમાં મર્ત્ય અમૃત નથી બની શકતા. જો મર્ત્યને અમર બનવું હોય તો દયાશીલ થવું જોઈએ. પરિગ્રહમાંથી મુક્ત થવા દાનશીલ થવું જોઈએ.

જેનામાં દયા નથી તે જિનશાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિ હોતો નથી. જે કાંઈપણ પ્રાપ્ત થયું છે, તે સહુમાં વ્હેંચીને ભોગવો. જો સમાજમાંથી લેતા શીખ્યા છો તો દેતા પણ શીખો. પરિગ્રહના વિષમાંથી મુક્ત થવા દાન જેવું બીજું કોઈપણ ઉત્તમ સાધન નથી. જૈન સંસ્કૃતિને દયા અને દાનના ધર્મમાં વિશ્વાસ છે.

## પ્રવૃત્તિ અને નિવૃત્તિ

આ સંસ્કૃતિ જીવનને પ્રવૃત્તિ તરફથી નિવૃત્તિ તરફ લઈ જનાર છે. કારણ મોક્ષ એ તેનું ધ્યેય છે અને મોક્ષ કે મુક્તિ નિવૃત્તિ માર્ગની સાધનાથી જ મળે છે. એટલે પ્રવૃત્તિનો ત્યાગ જરૂરી છે. પ્રવૃત્તિ એટલે આસ્રવ, નિવૃત્તિ એટલે સંવર. આસ્રવ અને સંવર પરસ્પર વિરોધી તત્ત્વો છે. આસ્રવ સંસારની વૃદ્ધિનો માર્ગ છે, સંવર મોક્ષનો-મુક્તિનો રસ્તો છે. જૈન સંસ્કૃતિનું મૂળ ધ્યેય છે પ્રવૃત્તિ તરફથી મનવાળી લઈને નિવૃત્તિ તરફ લઈ જવું તે. ભોગવાદીઓ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે, ત્યાગવાદીઓ નિવૃત્તિમાં લીન રહે છે. નિવૃત્ત યોગી તો આત્મકલ્યાણમાં જ જીવનની ઉદાત્તતા જૂએ છે.

## સમન્વય ભાવના.

જૈન સંસ્કૃતિ સમન્વય ભાવનામાં શ્રદ્ધા ધરાવે છે. તેને વિરોધમાં નહિ, અનુરોધમાં વિશ્વાસ છે. જીવન, ધર્મ, દર્શન, સમાજ બધાં જ તત્ત્વોનો સમન્વય હોવો જોઈએ. કારણ કે સમન્વય વગર કટુતા, વિરોધ અને વિષમતા દૂર થતાં નથી. આ સંસ્કૃતિ પોતાનાં મૂળ તત્ત્વોને જાળવીને સમન્વયમાં વિશ્વાસ રાખે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જીવન કલ્યાણના સિદ્ધાંતોને અપનાવવામાં આ સંસ્કૃતિને ગૌરવ છે. તેથી જ તેમાં રુઢિચુસ્તતા, પુરાણ પંથીશાહી, અને અંધ વિશ્વાસને જરાપણ સ્થાન નથી. આ સંસ્કૃતિ એક પ્રગતિશીલ સંસ્કૃતિ છે. જીવનનાં સમસ્ત ક્ષેત્રોમાં તે સમન્વય બુદ્ધિથી કામ કરે છે.

## સંગ્રહ અને વિસર્જન

જૈન સંસ્કૃતિ સંગ્રહ કરતાં વિસર્જનને માન આપે છે. માણસ અપ્રાપ્ય વસ્તુની અભિલાષા સેવે છે પ્રાપ્યમાં આસક્તિ ધરાવે છે અને તેનાં વિયોગમાં વિલાપ કરે છે. આવા વિલાપમય દર્દમાંથી જ કુસંસ્કાર જન્મે છે. સંગ્રહના મૂળમાં જ દુઃખ દર્દ છે. સુખ પ્રાપ્તિ વિસર્જનમાં છે. સુખ પરિગ્રહમાં નહીં, અપરિગ્રહમાં છે. અપરિગ્રહની સાધના આ સંસ્કૃતિનું લક્ષ્ય છે. જીવનમાં કોઈ પણ વસ્તુનો સંગ્રહ—તે જડ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે ચૈતન્ય-મમત્વ પેદા કરે છે અને મમત્વ બન્ધન છે. પરિગ્રહ સંસારનું મોટામાં મોટું બંધન છે. એ બંધનથી પર રહેવા માટે જ આ સંસ્કૃતિમાં અપરિગ્રહને મહત્ત્વ આપવામાં આવે છે. જીવનને શાંત, સુખી અને નિર્વૈર બનાવવા માટે સંગ્રહબુદ્ધિ તજી અપરિગ્રહની સાધના કરવી જ પડશે. એ આ સંસ્કૃતિનો સંદેશ છે.

## અહિંસા અને અનેકાંત

અહિંસા અને અનેકાંત એ બે આ સંસ્કૃતિના આત્મા છે, અંતરાત્મા છે. આ સંસ્કૃતિમહેલ અહિંસા અને અનેકાંતના પાયા ઉપર ઊભો છે. જીવનની ધરતી પર જ્યાં સુધી અહિંસા અને અનેકાંતનો અવતાર નહીં થાય, ત્યાં સુધી સંસારમાં સુખ અને શાંતિ મળશે નહીં. અહિંસાનું અમૃત પીને મનુષ્ય અમર બની જાય છે; અનેકાંતનું અમૃત પીને તે અજેય બની જાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે જે સંબંધ જોડાવો જોઇએ તેનો આધાર અહિંસા અને અનેકાંત છે. અહિંસા મનુષ્યના હૃદયને શુદ્ધ બનાવે છે અને અનેકાંત મનુષ્યની બુદ્ધિને નમ્ર બનાવે છે. હૃદય અને બુદ્ધિ-એ બે તત્ત્વો જીવનના વિકાસ માટે આધારભૂત છે. હૃદયની શુદ્ધિ અહિંસાથી થાય છે અને બુદ્ધિની શુદ્ધિ અનેકાંતથી થાય છે. આથી જીવન સુધારણા માટે-જીવનવિકાસ માટે અહિંસા અને અનેકાંતની સાધના જરૂરી છે. અહિંસા અને અનેકાંત જૈન સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વો છે અને એ એમાં બીજાં બધાં તત્ત્વો આવી જાય છે.

અહીં સંક્ષેપમાં જૈન સંસ્કૃતિના મૂળભૂત વિચારોની અથવા દૃષ્ટિબિંદુઓની પરિચયરેખા આપી છે કોઇપણ સંસ્કૃતિને વાસ્તવિક સ્વરૂપમાં સમજવા માટે તેનાં મૂળભૂત વિચારોનો પરિચય આવશ્યક છે.

## કર્તવ્ય અને અધિકાર

આ સંસ્કૃતિ અધિકારને નહીં, પણ કર્તવ્યને પ્રમુખસ્થાન આપે છે. કર્તવ્ય બરાબર હોય તો અધિકારની ચિંતા શા માટે? તે પોતાની મેળેજ પ્રાપ્ત થઇ જશે. સાધુ પોતાના કર્તવ્યનું ધ્યાન રાખે અને ગૃહસ્થ પોતાના કર્તવ્યનું ધ્યાન રાખે. તો પછી કોઈ પણ પ્રકારની અવ્યવસ્થાનો-સાચેલો અવકાશ રહેતો નથી. સંઘ, સમાજ, પરિવાર અને રાષ્ટ્ર બધે જ આવી કર્તવ્ય ભાવનાથી શાંતિ મળે છે. જૈન સંસ્કૃતિમાં આજ કારણે અધિકારને નહિ, કર્તવ્યને મહત્વ અપાય છે. આવી કર્તવ્યભાવના એ જ આચાર્ય ભદ્રબાહુને પોતાની યોગ-સાધના છોડી નેપાળથી પાટલીપુત્ર આવવા ને સંઘસમ્મેલનમાં સમ્મિલિત થવા પ્રેરિત કરેલ. જે સમાજમાં કર્તવ્ય ભાવના હોતી નથી તે સમાજ વિકસિત થતો નથી. તેથી જૈન સંસ્કૃતિમાં અધિકાર કરતાં કર્તવ્યને ઉચ્ચું માનવામાં આવે છે.

## હૃદય પરિવર્તન

જૈન સંસ્કૃતિ કર્તવ્ય ઉપરાંત હૃદયપરિવર્તનમાં વિશ્વાસ રાખે છે. પોતાના ધર્મ, દર્શન અને સંસ્કૃતિ ને માટે તેણે કદી બળનો ઉપયોગ કર્યો નથી; ને તેમાં તેને શ્રદ્ધા નથી. સાધક ને જે કંઇ મેળવવાનું છે તે તેના પોતાના પુરુષાર્થથી, પરિશ્રમથી અને પોતાના જીવન પરિવર્તનથી. જીવન ઉદ્ધાર વેશ બદલવાથી નહિ પણ વાણી બદલવાથી થાય છે. વિશ્વને બદલવા પહેલાં પોતાના વિશ્વાસને બદલવાની આવશ્યકતા રહે છે. દશા બદલવાની ચિંતા ન કરો. જો દિશા બદલશો, તો દશા પણ બદલાશે. મનના પરિવર્તનથી જ જીવન પરિવર્તન થાય છે.

## આત્મ વિજયની સંસ્કૃતિ

આ સંસ્કૃતિમાં જીવન સાધ્ય નથી પણ આત્મ વિજય માર્ગનું સાધન છે. જીવનની રક્ષા આત્માના વિજય માટે થવી જોઈએ, ભોગ ભોગવવા માટે નહિ. આરાધના અને સાધનાનું એક માત્ર ધ્યેય આત્મ-શુદ્ધિ ને આત્મવિજય છે. જીવન સંસ્કૃતિનું ધ્યેય છે સંયમ. જીવન પણ સંયમને માટે અને મૃત્યુ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમને માટે જ સંયમથી જ માણસ પોતાના વિકારોને જીતીને આત્મ-વિજયી થાય છે.

સંસારના બંધનોથી વિમુક્ત થઈને અજર, અમર, શાશ્વત, પરમ પદ પ્રાપ્ત કરવામાં આ સંસ્કૃતિની ધ્યેય-નિષ્ઠા છે. નિર્વાણ, મોક્ષ અને મુક્તિ સિવાય આ સંસ્કૃતિનું કોઈ પણ ધ્યેય નથી. અરિહંત પદ પ્રાપ્ત કરવા માટે સંયમી બનો. તપ સાધના પણ અરિહંત બનવા માટે કરો. અહિંસાનું આચરણ પણ અરિહંત બનવા માટે કરવાનું છે. અરિહંત ને સિદ્ધ બનવાનો માર્ગ છે અહિંસા; સંયમ અને તપ. અહિંસા, સંયમ અને તપની સાધનાથી સાધક પરમતત્વને પ્રાપ્ત કરે છે. આ સંસ્કૃતિને આત્મપૂજા કરતાં બીજા કોઈપણ બાહ્ય તત્વમાં વિશ્વાસ નથી. તેથી જ આ સંસ્કૃતિ આત્માની સંસ્કૃતિ છે.

અનુવાદક : અચલા શાવળ

卐

WITH BEST COMPLIMENTS OF

ALCOCK, ASHDOWN & Co. Ltd.

Bombay Bhavnagar

* STRUCTURAL ENGINEERS—Bridges, Towers, Vessels, Buildings.

* MECHANICAL ENGINEERS—Castings, Forgings, Pressings, Machining.

* SHIP BUILDERS—Tugs, Barges, Dredgers, Launches.

* SHIP REPAIRERS

Managing Agents :

TURNER MORRISON & Co. LTD.

16, Bank Street, BOMBAY.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# परतत्त्व–परमात्मतत्त्व

આર્યધર્મોમાં તત્ત્વજ્ઞાત-અધ્યાત્મજ્ઞાનનું અંતિમ ધ્યેય આત્મસાક્ષાત્કાર–આત્મ અનુભવ છે. સંસારમાંથી–દુઃખમાંથી મુક્તિ એ ગૌણ ધ્યેય છે; કારણ આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન થતાં પરભવદશાનો વિલય થાય છે, અને સંસારના કારણનો વિલય થતાં દુઃખમાંથી મુક્તિ સ્વતઃ થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન તે જ આત્મસાક્ષાત્કાર છે. જુદા જુદા દર્શનોમાં આત્માના શુદ્ધ સ્વરૂપની માન્યતા જુદી જુદી જોવામાં આવે છે. આત્માનું શુદ્ધસ્વરૂપ એટલે પરમાત્મસ્વરૂપ. જૈનદર્શન પ્રત્યેક જીવાત્માને ભિન્ન ભિન્ન માને છે અને પરમાત્મ-દશામાં પણ પ્રત્યેક આત્મા પોતપોતાના શુદ્ધ સ્વરૂપમાં ભિન્ન ભિન્ન રહે છે અર્થાત્ સિદ્ધદશામાં પણ વ્યક્તિત્વ રહે છે. વેદાંત જેવા એક જ ચૈતન્યવાદી દર્શનો જીવાત્માઓની દેખાતી ભિન્નતા ઉપાધિકૃત માને છે, અને ઉપાધિ દૂર થતાં જીવાત્માઓ પરમતત્ત્વમાં વિલય થતાં માને છે. જેમ સમુદ્રના તરંગો સમુદ્રના પાણીમાં ભળી જાય છે, જેમ સૂર્યના કિરણો સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે, તેમ વેદાંત જેવા દર્શનના મત પ્રમાણે મુક્ત આત્માઓ તેના મૂળ સ્વરૂપમાં–બ્રહ્મમાં સમાઇ જાય છે, તેમને જુદું વ્યક્તિત્વ રહેતું નથી. વેદાંતમત પ્રમાણે આત્મસાક્ષાત્કાર એટલે જીવાત્માને પરમાત્મા–પરબ્રહ્મના સ્વરૂપના દર્શન, પરમાત્મપદ પ્રાપ્તિ એટલે જીવાત્માને પરમાત્માની પ્રાપ્તિ અર્થાત્ મુક્ત જીવાત્માની પરબ્રહ્મમાં એકાકારતા. જૈનદર્શન જીવાત્માથી ભિન્ન પરમાત્માને માનતું નથી. જીવાત્મા પરમાત્માનો અંશ છે, એમ પણ માનતું નથી. તેમ ઇશ્વર જેવી એક મહાન વ્યક્તિને પણ માનતું નથી; પણ કેવલ શુદ્ધ આત્માને પરતત્ત્વ-પરમાત્મતત્ત્વ માને છે. જૈન દર્શનમાં કેવળ આત્મા પરમતત્ત્વ ( ultimate real ) છે એટલે આત્માના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ, આત્માના કૈવલ્યપદનો અનુભવ તે જ આત્મસાક્ષાત્કાર છે, પરમાત્મપદ પ્રાપ્તિ છે. આ પદની પ્રાપ્તિમાં આત્મા કાંઈ અપૂર્વ ભાવને પ્રાપ્ત કરતો નથી, તેમ આત્મા કોઈ વ્યાપક મહત્ તત્ત્વમાં સમાઇ જતો નથી; પણ જેમ સૂર્યના પ્રકાશને આચ્છાદન કરનારા વાદળાં વિખરાઈ જતાં સૂર્ય તેના પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશે છે તેમ કર્મનાં આવરણો ખસી જતાં આત્મા શુદ્ધસ્વરૂપમાં પ્રકાશે છે. આ કૈવલ્યપદનો અનુભવ આત્મસાક્ષાત્કાર છે.

આત્મસાક્ષાત્કાર અથવા પરમપદની પ્રાપ્તિ માટે પાતંજલ યોગશાસ્ત્રમાં અષ્ટાંગયોગ બતાવ્યો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના આઠ અંગો છે બીજા દર્શનકારોએ પણ સામાન્ય રીતે યોગના આઠ અંગો સ્વીકાર્યાં છે. અહિંસા આદિ મહાવ્રતોને યમ કહેવામાં આવે છે, અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઇશ્વર-પ્રણિધાનને નિયમ કહેવામાં આવે છે. જૈનદર્શનમાં કર્મનો સિદ્ધાંત વ્યાપક છે, અને કર્મના ક્ષય ઉપર ભાર મૂકવામાં આવે છે. એટલે નવાં કર્મોને અટકાવવાના અને બાંધેલ કર્મની નિર્જરા કરવાના સંવર અને તપના માર્ગો બતાવેલ છે. અને અભ્યંતર તપમાં ધ્યાન બતાવેલ છે. દેહશુદ્ધિ ઇંદ્રિયોનો નિગ્રહ અને ચિત્તવૃત્તિનો નિરોધ એ આત્મ અનુભવ–આત્મસાક્ષાત્કારના પ્રાથમિક પગલાં છે અને યોગધ્યાન એ ત્યારપછીના પગલાં છે. જૈન શાસ્ત્રકારોએ પણ આત્મઅનુભવ માટે યોગનો માર્ગ પ્રરૂપ્યો છે. શ્રી હરિભદ્રસૂરિજી ષોડશક ગ્રંથમાં ૧૪ અને ૧૫માં યોગનું સ્વરૂપ સૂક્ષ્મ રીતે બતાવે છે. ખેદ, ઉદ્વેગ, ક્ષેપ આદિ દોષોથી ચિત્તને વિમુક્ત કરી, શાંત ઉદાત્ત આદિ ભાવોથી સંયુક્ત કરી એકાગ્રચિત્તે જિનેશ્વર ભગવાનનું ધ્યાન કરવા ૧૪મા ષોડશકમાં બતાવે છે. જગતના વ્યવહારમાં રચ્યાપચ્યા રહેતા જીવને તત્ત્વનો વિચાર કરવાનો વખત હોતો નથી જગતના પ્રપંચનું રહસ્ય સમજવાને માણસને એકાગ્રચિત્ત ચિંતવન કરવાના સમયોની જરૂર છે. ચિંતવન કરવાથી માણસને વિભાવદશારહિત આત્માના શુદ્ધ

For Private And Personal Use Only

સ્વભાવની ઝાંખી થાય છે; માટે એકાગ્ર ચિંતવન–ધ્યાન આત્મસાક્ષાત્કાર માટે આવશ્યક ક્રિયા છે.

શાંત એકાગ્ર ચિત્તની આવશ્યકતા બતાવ્યા પછી શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પંદરમાં ષોડશકમાં સાલંબન નિરાલંબન ધ્યાનનું સ્વરૂપ બતાવે છે. અને તેના ફલ તરીકે પ્રાપ્ત થતાં આત્માના કેવલજ્ઞાન અને કેવલસ્વરૂપનું ક્રમશઃ વર્ણન કરે છે. સાલંબન યોગમાં અતિશયો સાથે બિરાજતાં, અને જગતને દેશના દેતા જિનેંદ્ર ભગવાનના રૂપનું–ભગવાનની ધર્મકાયાનું ધ્યાન કરવા ફરમાવે છે. તેવા શુભધ્યાનમાં એકાગ્ર થતાં જીવના પાપો ક્ષીણ થાય છે, મોહ ચાલ્યો જાય છે અને શુક્લજ્ઞાનોપયોગમાં વર્તતો જીવ प्रातिभसंजाततत्त्वसंदृष्टिः થાય છે. આનો ટીકાકાર એવો અર્થ કરે છે કે પ્રતિભા એટલે મતિ તેનાથી જેને તત્ત્વદર્શન થયું છે. પ્રાતિભજ્ઞાન યોગશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે, પાતંજલ યોગદર્શનમાં પ્રાતિભજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે. प्रातिभाद्वा सर्वम् ૩–૩૩. પ્રાતિભજ્ઞાનથી યોગી સર્વ જાણે છે. તે તારકજ્ઞાનનું પૂર્વરૂપ છે. જેમ પ્રભા સૂર્યોદયનું પૂર્વરૂપ છે. તારક જ્ઞાનનું સ્વરૂપ ૩–૫૪ માં બતાવેલ છે કેઃ–तारकं सर्वविषयं सर्वथाविषयमक्रमं चेति विवेकजं ज्ञानम् તારકજ્ઞાન વિવેકથી–સ્વપરના વિવેકથી ઉત્પન્ન થયેલ પરિપૂર્ણ જ્ઞાન છે. તે સર્વ વિષયો–વિષયના સર્વભાવો–પર્યાયોને એક સાથે ગ્રહણ કરે છે. તે જ્ઞાન તારક કહેવાય છે; કારણ સંસાર–સાગરથી તારે છે. જૈન દર્શનમાં બતાવેલ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાનમાં પ્રાતિભ અને તારકજ્ઞાનનાં નામો બતાવ્યાં નથી. પ્રાતિભજ્ઞાન યોગદર્શનમાં સુપ્રસિદ્ધ જ્ઞાન વિશેષ છે આપણા પૂર્વાચાર્યો હરિભદ્રસૂરિની જેવા તત્ત્વવિવેચકોએ પ્રાતિભ શબ્દ જૈન પરિભાષામાં પણ ગ્રહણ કર્યો જોવામાં આવે છે. જૈનદર્શન પ્રમાણે પ્રાતિભજ્ઞાન પરમાવધિજ્ઞાન છે, જે સર્વ રૂપી દ્રવ્યોને જોઈ શકે છે અને કેવળજ્ઞાનનું પૂર્વરૂપ છે. જ્ઞાનસારના અનુભવાષ્ટકમાં યશોવિજયજી મહારાજ અનુભવજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે કે :—

**सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।**
**बुधैरनुभवो दृष्टः केवलारुणोदयः ॥**

(જ્ઞાનસાર ૨૬– )

પંડિત પુરુષો તેને અનુભવજ્ઞાન કહે છે જે કેવળ જ્ઞાન અને શ્રુતજ્ઞાનથી, જેમ દિવસ અને રાત્રિ ભિન્ન છે તેમ ભિન્ન–વચમાં છે અને કેવળજ્ઞાનરૂપી સૂર્યના અરુણોદયરૂપ છે. અર્થાત્ અનુભવજ્ઞાન શ્રુતજ્ઞાનનું ઉત્તરભાવી અને કેવળજ્ઞાનનું અંતર રહિત પૂર્વભાવી છે. તેનું બીજું નામ પ્રાતિભજ્ઞાન છે. તારકજ્ઞાન કેવળ જ્ઞાન છે; કારણ કેવળજ્ઞાનમાં રૂપી અરૂપી સર્વ દ્રવ્યો તેના સર્વ ભાવો–પર્યાયો સહિત એક સાથે જાણી શકાય છે. અંગ્રેજીમાં જેમ intuition કહેવામાં આવે છે, તેવા વિશિષ્ટ પ્રકારનું આ પ્રાતિભજ્ઞાન જોવામાં આવે છે.

આ પ્રકારના જ્ઞાનને પ્રાતિભજ્ઞાન એટલે મતિમાંથી ઉત્પન્ન થયેલ (प्रतिमा–मतिस्तत्र भवं प्रातिभम्) જ્ઞાન કહ્યું છે; જ્યારે કેવળજ્ઞાન મતિથી થયેલું નથી, પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ જ છે.

પ્રાતિભજ્ઞાન અથવા અનુભવજ્ઞાનથી શુદ્ધ આત્મા-સ્વરૂપની ઝાંખી થાય છે. તે શુદ્ધ સ્વરૂપના પ્રકાશના કિરણો અંતરાત્મામાં પડે છે તેના દર્શન થાય છે પણ જ્ઞાનમાં આત્મા પરમાત્મસ્વરૂપ થઈ જતો નથી, તેમ તે સ્થિતિ કાયમ રહેતી નથી; પણ એક વખત આત્મ-તત્ત્વના દર્શન થતાં અંતરાત્માને પૂર્ણ સંતોષ થાય છે, કારણ :

**तस्मिन् दृष्टे दृष्टं तद् भूतं तत् परं मतं ब्रह्म ॥**

પરતત્ત્વ–સિદ્ધસ્વરૂપના દર્શન થતાં સર્વ વસ્તુ દૃષ્ટ બને છે તે જ સત્ય (real) છે, તે જ પરબ્રહ્મ છે ( all comprehensive ), તેનાથી કોઈ મહત્–મોટું નથી.

આત્માનો એકવાર સાક્ષાત્કાર–અનુભવ થયા પછી કેવળજ્ઞાન કેવી રીતે થાય છે તેનો ક્રમ ૮–૯–૧૦ના

શ્લોકોમાં બતાવ્યો છે. એક વખત આત્મસ્વરૂપના દર્શન થતાં યોગી પુરુષ પોતાના સામર્થ્યથી પરમતત્ત્વને જોવાની અતિ ઉત્કટ આસક્તિવાળો બને છે, અને પરતત્ત્વમાં અપ્રતિષ્ઠિત હોવા છતાં તે પ્રાપ્ત કરવાને પ્રવૃત્ત બને છે, અને તેવા અનાલંબધ્યાનમાં મગ્ન થતાં પરતત્ત્વના દર્શન થાય છે. પરતત્ત્વના દર્શન તે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન ઉત્કૃષ્ટ પ્રકાશરૂપ છે. ત્રણ લોકને પ્રકાશ કરવાવાળું છે. અતીત, વર્તમાન અને અનાગત ભાવોને જાણવાવાળું છે, અને ધ્રુવ-સ્થિર છે. સાલંબન અને નિરાલંબન યોગનું ફલ છે. અને કેવળજ્ઞાનથી પરમાત્મસ્વરૂપના દર્શન થાય છે, તે દર્શન થતાં બીજા કોઈ દર્શનની આકાંક્ષા રહેતી નથી.

**तत्तत्त्वं यद् दृष्टवा निवर्तते दर्शनाकांक्षा।।**

કેવલજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી ૧૩–૧૪–૧૫–૧૬ ની કારિકામાં પરતત્ત્વ–પરમાત્મતત્ત્વ (highest reality) નું સ્વરૂપ હરિભદ્રસૂરિજી બતાવે છે, પરતત્ત્વ શરીર ઇંદ્રિયોથી રહિત છે. અચિન્ત્ય ગુણોનો ભંડાર છે, સૂક્ષ્મ છે, ત્રિલોકના મસ્તક ઉપર રહેલ છે, જન્માદિ ક્લેશોથી નિવૃત્ત છે, જેને મહામુનિઓ અંધકારથી પર પ્રકાશસ્વરૂપ કહે છે; સૂર્યના જેવા વર્ણવાળું, મલરહિત બ્રહ્મસ્વરૂપ–બૃહત્ સ્વરૂપવાળું અને અક્ષર–પોતાના સ્વભાવથી કદાપિ ચ્યુત ન થવાવાળું છે. આ પરતત્ત્વ નિત્ય છે, પ્રકૃતિથી (matter) વિયુક્ત છે, લોક અને અલોકને જોવાના ઉપયોગવાળું છે, શાંત મોજાવાળા સમુદ્ર જેવું છે, વર્ણ આદિ સ્પર્શ વિનાનું તથા અગુરુલઘુપર્યાયવાળું છે. શારીરિક કે માનસિક ઉપાધિ વિનાનું, પરમાનંદ સુખવાળું, અસંગ (detached) સર્વ કલા એટલે અંશોથી રહિત અને સદાશિવ વગેરે પદોથી જે વાચ્ય છે. કેવળી ભગવાન પરતત્ત્વને જોઇને પરમ સમતા–પરમાનંદને પામે છે.

ઉપર બતાવેલ પરમાત્મદશા બૌદ્ધો માને છે, તેવી સર્વથા અભાવ–શૂન્યદશા (pure nothingness) નથી; પણ અખંડ શુદ્ધ જ્ઞાન સુખરૂપ છે. મુક્તાત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સદ્‌ચિદ્‌આનંદ સ્વરૂપમાં રહે છે. પરમાત્મદશામાં પણ મુક્તાત્મા વ્યક્તિત્વ ત્યજતો નથી, તેમ સમષ્ટિમાં વિલય પામતો નથી. પરમતત્ત્વને સર્વથા અભાવરૂપ માનવામાં આવે અથવા સદા કેવળ એક ચૈતન્યરૂપ માનવામાં આવે, તો બંધ અને મોક્ષની ઘટના સંભવતી નથી, અને ધર્મના અનુષ્ઠાનો, ધર્મની પ્રવૃત્તિ નિષ્પ્રયોજન થાય છે.

સંચિત


**તમારા મકાનની સલામતી માટે :—**

**બ્લન્ડલ ઇયોમાઇટ પેઇન્ટસ લી.ના બનાવટના**

**બેલતેલ હાથીછાપ અને સફેદો શાજીન્ક હંમેશા વાપરો**

**સૌરાષ્ટ્રના સોલ એજન્ટસ**

**ટી. સી. બ્રધર્સ, દાણાપીઠ, ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મની પ્રાચીનતા

લે. આચાર્ય ખીમચંદ ચાંપશી શાહ

જૈનધર્મ અનાદિ છે, તેનો કોઈ સ્થાપક નથી. પરંતુ સમયના વહન સાથે જ્યારે પરિસ્થિતિમાં ફેર-ફાર થઈને ધર્મમાં શિથિલતા આવે છે ત્યારે તીર્થંકર જન્મ લે છે અને તેને ફરીથી શુદ્ધ સ્વરૂપમાં વ્યવસ્થિત કરે છે અને આવી રીતે દરેક કાળવિભાગમાં ચોવીશ તીર્થંકરો થાય છે તેમ આપણે જૈનો શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ. વર્તમાન કાળવિભાગના પ્રથમ તીર્થંકર ઋષભદેવ છે અને મહાવીર છેલ્લા ચોવીસમા તીર્થંકર છે તથા અત્યારે મહાવીરે સ્થાપેલા તીર્થ પ્રમાણે જૈનધર્મ ચાલે છે તેમ આપણે માનીએ છીએ.

જૈનધર્મના અનાદિત્વની માન્યતા એક બાજુએ મૂકીએ તો પણ આજના જૈનધર્મનાં મૂળ વેદથી યે પ્રાચીન પ્રાગૂઐતિહાસિક કાળ સુધી જાય છે તે હકીકત પુરવાર થઈ શકે તેમ છે અને જો આ હકીકતને યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં આવે તો જગતના વિદ્વાનો પણ સ્વીકારી શકે તેમ છે એટલે હું આ વિષય તરફ જૈન વિદ્વાનોનું લક્ષ ખેંચવા ઇચ્છા રાખું છું.

ચોવીસમા તીર્થંકર મહાવીર ઐતિહાસિક પુરુષ હતા તે નિર્વિવાદ છે. તેમનો જન્મ ઈ. પૂ. ૫૯૯માં થયો હતો અને બોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી તે ઈ. પૂર્વે ૫૨૭માં નિર્વાણ પામ્યા હતા.[1] કલ્પસૂત્રમાં એક ઉલ્લેખ છે કે મહાવીરના નિર્વાણ પહેલાં બરાબર ૨૫૦ વર્ષે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું નિર્વાણ થયું હતું. તેમનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે. એટલે તેમનો જન્મ ઇ. પૂર્વે ૮૭૭ અને નિર્વાણ ઈ. પૂર્વે ૭૭૭માં થયા હતા તે હકીકત પણ સ્વીકારી શકાય તેવી છે. તે પહેલાના તીર્થંકરો સંબંધમાં જે સમયો આપવામાં આવ્યા છે તે બુદ્ધિગમ્ય નથી અને સ્વીકારી શકાય નહીં. આમ છતાં પહેલા તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ ઋગ્વેદમાં આવે છે અને ભાગવત તેમને વિષ્ણુનો આઠમો અવતાર ગણીને એક મહાન અવધૂત તરીકે વર્ણવે છે. વળી બંને અનુશ્રુતિઓ તેમને નાભિરાજા અને મરૂદેવીના પુત્ર તરીકે ઓળખાવે છે એટલે ઋષભદેવ એક પ્રાગૂઐતિહાસિક પુરૂષ હોય તેમ ચોક્કસ જણાય છે. ઋગ્વેદનો પૂર્વકાળ ઈ. પૂર્વે ૨૫૦૦ આસપાસનો ગણાય છે એટલે ઋષભદેવનો પણ આ સમય ગણી શકાય. તેમના સમયથી માંડીને મહાવીર સુધીના સમય દરમિયાન બીજા બાવીસ તીર્થંકરો થયા હોય તો તેમાં કાંઇપણ અસંભવિત નથી. માત્ર આ તીર્થંકરોના સમય સંબંધમાં અનિશ્ચિતતા રહે છે.

આજથી ચાલીસ વર્ષ પહેલાંના સમય સુધી તો જગતના વિદ્વાનોમાં એવી માન્યતા પ્રવર્તતી હતી કે આર્યો મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યા તે પહેલાં ભારતમાં તદ્દન જંગલી અથવા અર્ધ જંગલી જેવી અર્ધસંસ્કારી પ્રજાઓ જુદા જુદા સમૂહોમાં જુદી જુદી નદીઓના કાંઠા ઉપરના જંગલોમાં વસતી હતી, અને આર્યોના આગમનથી જ ભારતમાં સંસ્કૃતિની શરૂઆત થઈ. અલબત્ત આ માન્યતાને ખોટી ઠરાવનાર કેટલાક પ્રાચીન અવશેષો પંજાબ, સિંધ, રજપુતાના, ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોમાંથી અવારનવાર મળતા હતા પરંતુ તે પુરાતત્ત્વની દૃષ્ટિએ સંતોષકારક કે ખાત્રીદાયક ન હતા. પરંતુ ઇ. સ. ૧૯૨૨માં સરકારી પુરાતત્ત્વખાતાના એક અમલદાર રાખાલદાસ બંદ્યો-

1. કેટલાકના મત પ્રમાણે ભ. મહાવીરનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૩૯માં અને નિર્વાણ ઈ. સ. પૂર્વે ૪૬૭માં થયાં હતાં તેમ છે. આ ગણતરીએ પાર્શ્વનાથનું નિર્વાણ ઈ. સ. પૂર્વે ૭૧૭માં આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાખ્યાયજીએ સિંધમાં મોહેંજો-ડેરો નામના એક ટેકરાનું ખોદકામ કર્યું, અને તેમાંથી આર્યો હિંદમાં આવ્યા તે પહેલાંની એક ઉચ્ચ કક્ષાની નાગરી (urban) સંસ્કૃતિ પ્રકાશમાં આણી. આ શોધે વિદ્વાનોની માન્યતામાં ક્રાંતિકારક ફેરફાર આણ્યો. આર્યો આવ્યા તે પહેલાં હિંદમાં જુદીજુદી કક્ષાની સંસ્કૃતિઓ ધરાવતી પ્રજાઓ વસતી હતી તે હકીકતનો સ્વીકાર થયો.

આર્યો પોતાની સાથે એક પ્રકારનો વિશિષ્ટ ધર્મ અને સંસ્કૃતિ લઈને હિંદમાં આવ્યા હતા. આ ધર્મ અને સંસ્કૃતિ ભારતમાં વસતી પ્રજાઓના ધર્મ અને સંસ્કૃતિથી તદ્દન જુદા પ્રકારના હતા. એટલે ભારતમાં આવતાં વેંત આર્યોને પોતાનાથી જુદી જાતિની અને જુદા પ્રકારના ધર્મ અને સંસ્કૃતિ ધરાવતી પ્રજાઓ સાથે ભયંકર યુદ્ધો થયાં. આ યુદ્ધો લાંબા કાળ સુધી ચાલ્યાં, પરંતુ અંતે પોતાની ઉચ્ચ લશ્કરી શક્તિથી —ખાસ કરીને અશ્વો જોડેલા રથો અને લોખંડના હથિયારોના ઉપયોગથી —આર્યો જીત્યા. તે વખતે ભારતમાં વસતા આર્યેતરો અશ્વોથી અને લોખંડથી અજાણ હતા. તેઓ ઊભા ઊભા અથવા પાડા કે બળદ ઉપર બેસીને પત્થરની ગદા અથવા કાંસાના શસ્ત્રોથી લડતા. જેમ જેમ વિજય મળતો ગયો તેમ તેમ આર્યો પોતાનાં રાજ્યો સ્થાપતા ગયા.

આર્યો પ્રકૃતિના ખોળામાં ઉછરનાર ચેતનવંતી પ્રજા હતી. તેમણે કુદરતનાં ભવ્ય સ્વરૂપો નીહાળ્યાં હતાં અને તેમની પાછળ રહેલી પ્રેરક શક્તિને પીછાણી હતી. તેઓ આ ઉદાત્ત, કલ્યાણકારી, દિવ્ય શક્તિ અને તેનાં વિધવિધ પાસાંઓમાં દેવત્વ કલ્પી તેમને પ્રસન્ન કરવા હંમેશા તેમની સ્તુતિઓ ગાતા અને પ્રાર્થનાઓ કરતા. તેમણે ઇંદ્ર, અગ્નિ, વરુણ, અશ્વિનો વિષ્ણુ, સોમ, સવિતા, દ્યૌઃ વગેરે તેત્રીસ દેવો કલ્પ્યા હતા. આ દેવો મોટા ભાગે જોકે માનવસ્વરૂપી હતા પરંતુ તેમની મૂર્તિઓ બનાવવામાં આવતી નહીં. આર્યો મૂર્તિપૂજક ન હતા. તેમના ક્રિયાકાંડમાં માત્ર યજ્ઞનો સાદો વિધિ હતો. આ દેવો અને આ યજ્ઞવિધિ આર્યોની જુદીજુદી ટોળીઓમાં યુરોપમાં ગયેલા ગ્રીકોમાં, ઇરાકમાં ગયેલા મિતન્નિઓમાં, ઇરાનમાં ગયેલા પર્શુઓમાં જોવામાં આવે છે. એટલે આ દેવો અને યજ્ઞવિધિ તેમની આગવી રચના હશે અને તેઓ પોતાની સાથે ભારતમાં લાવ્યા હશે તેમાં શંકાને સ્થાન નથી.

ઋગ્વૈદિક આર્યો પ્રવૃતિપરાયણ હતા. તેમના ઋષિઓ પણ યુદ્ધોમાં ભાગ લેતા, અને સ્ત્રીઓ, પુત્રો, અશ્વો, ગાયો, સુવર્ણ વગેરે આપવા દેવોની સ્તુતિઓ ગાતા અને તે મેળવવા પ્રયત્નશીલ પણ રહેતા. આ સંસાર અસાર છે, દુઃખમય છે, તેનો ત્યાગ એટલે સંન્યસ્ત જીવન એ જ પરમ હિતાવહ છે એવી માન્યતાઓ તેમનામાં જોવામાં આવતી નથી. વળી પ્રાચીન આર્યોની મરણ પછીના જીવન સંબંધી માન્યતાઓ પણ પ્રાથમિક કક્ષાની હતી. મૃત્યુ પછી આર્ય યમના દેશમાં જાય છે અને ત્યાં પોતાના પૂર્વજોની સાથે રહી અહીંના જીવન જેવું જ જીવન ગુજારે છે એવા પ્રકારની સામાન્ય માન્યતા હતી. પ્રાચીન ગ્રીકો, કેલ્ટો વગેરે યુરોપમાં ગયેલી આર્ય ટોળીઓમાં પણ આવા જ પ્રકારની માન્યતાઓ જોવામાં આવે છે. એટલે આર્યો પોતાની સાથે આ માન્યતાઓ ભારતમાં લાવ્યા હતા તે નિશ્ચિત થાય છે. ભારતમાં આવ્યા પછી પણ થોડાંક સમય સુધી તેમાં ખાસ ફેરફાર થયો નહીં હોય તેમ ઋગ્વેદ ઉપરથી જણાય છે. આ ઉપરથી આરણ્યકોમાં જે નિવૃત્તિપરાયણતા અને સંન્યસ્ત જીવન તથા ઉપનિષદોમાં જે કર્મવાદ અને પુર્નજન્મ ઉપર ભવ્ય ચિંતન જોવામાં આવે છે, અને જે જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો છે, તેની પાછળ કોઇ ભારતની આર્યેતર પ્રેરણા હોવી જોઇએ તે સાબિત થાય છે.

ક્રિયાકાંડમાં આર્યો પોતાની સાથે જે યજ્ઞવિધિ લાવ્યા હતા, તે શરૂઆતમાં તદ્દન સાદો હતો. દરેક ગૃહપતિ પોતાના ઘરમાં દરરોજ યજ્ઞ કરી લેતો. નાની વેદી બનાવી તેમાં અગ્નિ પ્રગટાવતો, દેવોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિમંત્રો ગાતો, અને ઘી, દૂધ, દહીં, મધ, અનાજ, માંસ વગેરે વસ્તુઓની આહુતિઓ હોમતો આમાં તેની સ્ત્રી પણ ભાગ લેતી. અગ્નિ આહુતિ દેવોને પહોંચાડે છે અને તેનાથી પ્રસન્ન થઈ દેવો યજમાનની મનઃકામનાઓ પૂર્ણ કરે છે તેમ આર્યો માનતા. "હું તમને આહુતિ વડે પ્રસન્ન કરું છું; તમે મને મારી મનોવાંચ્છિત વસ્તુઓ આપી પ્રસન્ન કરો" એવી દેવોની સાથે આપલે કરી લેવાની કાંઇક વિચારસરણી તેની પાછળ હતી. સમય જતાં યજ્ઞ વિસ્તૃત બન્યો. યજ્ઞ જ સર્વ સામર્થ્યવાન છે, દરેક કામ્ય વસ્તુ તેના વડે મેળવી શકાય છે તેવી માન્યતા રૂઢ થઈ. આમ છતાં પણ આર્યોનું ક્રિયાકાંડ યજ્ઞથી આગળ વધ્યું ન હતું. વેદોમાં દેવોની મૂર્તિઓ કે પૂજાવિધિ સંબંધી કાંઇપણ ઉલ્લેખ નથી. પરંતુ મોહેંજો-ડેરોના ખોદકામે સિદ્ધ કરી આપ્યું છે કે આર્યેતરો પોતાના દેવ-દેવીઓની મૂર્તિઓ બનાવતા. એટલે દેવોની મૂર્તિઓ અને તે મૂર્તિઓ પાસે ઘીનો દીવો કરી પત્ર, પુષ્પ વગેરેથી પૂજા કરવાનો વિધિ આર્યેતર હોવાં જોઇએ. સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયજી પૂજા શબ્દને દ્રવિડ ભાષાના શબ્દો પૂ (=પુષ્પ) અને જેયૂ (=કરવું) એમાંથી વ્યુત્પન્ન કરે છે. યજ્ઞ એ પશુકર્મ કહેવાય છે, તેની સામે પૂજા એ પુષ્પકર્મ છે. મંદિરો, ચૈત્યો, મૂર્તિઓ અને પૂજા વિધિ એ જૈનોમાં પ્રાચીન કાળથી જ પ્રચલિત છે. એટલે જૈનોનાં આ વિધિવિધાનો પણ આર્યેતર પ્રજાની દેણગી છે, અને પ્રાગ્વૈદિક છે તે હકીકત નકારી શકાય તેમ નથી. આર્યોમાં શ્રીકૃષ્ણે આ પૂજાવિધિનો સ્વીકાર કરી તેને પ્રતિષ્ઠા આપી.[1] અને ત્યારબાદ જૈનેતરોમાં આ પુજાવિધિનો સાર્વત્રિક પ્રચાર થયો તેમ જણાય છે.

હવે આપણે આ આર્યેતર પ્રજાઓ સંબંધી વિચાર કરીએ. આર્યો મધ્ય એશિયામાંથી હિંદુકુશ પર્વત ઓળંગી ભારતમાં આવ્યા હતા, અને ધીમેધીમે પ્રથમ તો સપ્તસિંધુ એટલે કે હિંદુકુશથી સરસ્વતી નદીના પ્રદેશ સુધીમાં ફેલાયા હતા. તેને આ પ્રદેશમાં વસતી આર્યેતર પ્રજાઓ સાથે યુદ્ધો થયાં. તેમનો પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ છે અને તેનો ઘણો ખરો ભાગ આ પ્રદેશમાં રચાયો છે. એટલે આ યુદ્ધોના ઉલ્લેખો તેમાં પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આ પ્રજાઓને આર્યોએ શિમ્યુ, અજ, શિગ્રુ, યક્ષુ, કીકટ વગેરે નામોથી ઓળખાવી છે તથા દાસ એવા સામાન્ય નામથી પણ ઉલ્લેખેલી છે. તેમને કાળા રંગની, ચીબા ન સમજાય તેવી બોલીઓ બોલનારી, એ રીતે વર્ણવી વળી ઇંદ્રને નહીં માનનારી, યજ્ઞ નહીં કરનારી, લિંગને પૂજનારી એમ કહીને તિરસ્કારી પણ છે. એટલે આ પ્રજાઓના દેવો, ધાર્મિક ક્રિયાકાંડો, અને દાર્શનિક માન્યતાઓ આર્યોથી તદ્દન જુદા પ્રકારનાં હતાં તે ચોક્કસ છે. આમાંની કેટલીક જાતિઓ પુરો-નગરો બાંધીને વસતી, સમુદ્રસફરની જાણકાર હતી અને દેશપરદેશનો વેપાર ખેડી સમૃદ્ધ બનેલી હતી. એટલે આ જાતિઓ સંસ્કૃતિ અને સમૃદ્ધિમાં આર્યો કરતાં આગળ વધેલી હતી. આર્યો આ લોકોના ઘરો ભાંગી તેમનો ધનમાલ લૂંટી લેવામાં ગૌરવ લેતા. મોહેંજો-ડેરો, હરપ્પા વગેરે સ્થળોએ કરેલાં ખોદકામમાંથી આવી જ જાતની સંસ્કૃતિની આપણને ઝાંખી થઈ છે. તેમની લિપિ હજી વાંચી શકાણી નથી, પરંતુ જ્યારે તે વંચાશે ત્યારે તે સંબંધી વિગતવાર માહિતી મળશે. અત્યારે તો મળેલા અવશેષો ઉપરથી અમુક પ્રકારનાં અનુમાનો કરવાનાં રહે છે.

જૈન પરંપરામાં પશ્ચિમ અને ઉત્તરના પ્રદેશો કરતાં મધ્ય અને પૂર્વના પ્રદેશો વધારે અગત્યનો ભાગ ભજવે છે. એટલે આ પ્રદેશોમાં વસતી પ્રજાઓનો આપણે વિશેષ વિચાર કરવાનો રહે છે. ઋગ્વેદમાં આ પ્રજાઓનો ઉલ્લેખ હોવા સંભવ નથી. ઉત્તર વૈદિક કાળમાં સરસ્વતી નદી ઓળંગીને જેમ જેમ આર્યો મધ્યદેશ એટલે કે ગંગા-યમુનાના દોઆબ

---

૧ पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति। तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પૂર્વના પ્રદેશોમા આગળ વધતા ગયા, તેમ તેમ બીજી આર્યેતર પ્રજાઓના સંપર્કમાં આવતા ગયા. આ પ્રજાઓના ઉલ્લેખો પુરાણો, મહાભારત અને રામાયણમાં મળી આવે છે. તેમાં નાગ અને રાક્ષસ પ્રજાઓ મુખ્ય છે. નાગ લોકો મુખ્યત્વે ગંગા અને યમુનાના કાંઠા ઉપરના પ્રદેશોમાં વસતા હતા અને રાક્ષસ લોકો વનોના અંદરના ભાગમાં તેમજ પૂર્વના પ્રદેશોમાં વસતા હતા. આ પ્રજાઓ સંસ્કૃતિમાં ઠીક ઠીક આગળ વધેલી હતી, પરંતુ લડાયક આર્યો સામે તેઓ ટક્કર ઝીલી શકયા નહિ.

આ જ હકીકતને જૈન પરંપરા પણ ટેકો આપે છે. ભગીરથ જ્યારે ગંગાને અષ્ટાપદ પાસેથી ખેંચીને સાગર તરફ લઇ જતો હતો ત્યારે રસ્તામાં નાગોને બલિ આપીને પ્રસન્ન કરતો હતો તેવો ઉલ્લેખ છે. એટલે કે ગંગાના કિનારા ઉપર નાગવસાહતો હતી. કાશીનો રાજવંશ કે જેમાં પાર્શ્વનાથનો જન્મ થયો હતો તે નાગકુળનો હતો. રાજા શ્રેણિક (બિંબિસાર) શિશુનાગ વંશનો હતો. આ નાગ વંશો ઠેઠ ગુપ્તકાળ સુધી ચાલુ હતા, અને ગુપ્ત સમ્રાટો સાથે વિવાહ સંબંધથી જોડાયેલા હતા. રાક્ષસ લોકોએ આર્યોનો બીજી કોઇપણ પ્રજા કરતાં વિશેષ મજબૂત સામનો કર્યો હોય તેમ લાગે છે. કારણકે આર્યોએ તેમને ખૂબ ખરાબ રીતે વર્ણવ્યા છે. તેમને સંસ્કારહીન, માણસખાઉ અને તેમણે સિદ્ધ કરેલી વિદ્યાઓને જાદુ ગણીને યાતુધાનો-જાદુગરો કહ્યા છે. રાક્ષસો આર્યોના દેવોમાં માનતા નહીં અને તેમના હિંસક યજ્ઞોમાં ભંગાણ પાડતા તે સ્વીકૃત હકીકત છે એટલે આર્યોને રાક્ષસો તરફ ખૂબ દ્વેષ હોય તે સમજી શકાય તેવી વાત છે. પરંતુ જૈન પરંપરા રાક્ષસો તરફ દ્વેષભાવ બતાવતી નથી. ઊલટું જૈનોએ તેમની વિદ્યાઓને બિરદાવી છે. લંકાના રાક્ષસ રાજા રાવણે ઋષભદેવની પ્રતિમા પાસે નૃત્ય કરી પોતાનો ભક્તિભાવ દર્શાવ્યો હતો એટલે સુધી જૈન પરંપરા તેમને વખાણે છે. નાગો, રાક્ષસો, યક્ષો એ તીર્થંકરોના અનુયાયીઓ હતા તેમ જૈનો માને છે અને જૈન પરંપરામાં તેમનું મહત્ત્વ ઘણું છે.

આમ નાગો, રાક્ષસો, યક્ષો, વિષે જે માહિતી પુરાણો, મહાભારત અને રામાયણમાં મળે છે તેનાથી તદ્દન વિરૂદ્ધ પ્રકારની માહિતી જૈન કથાએમાંથી પ્રાપ્ત થાય છે. આમાં એક કારણ ધર્મદ્વેષ પણ હોય. બ્રાહ્મણોએ જેમની પ્રશંસા કરી હોય તેમને જૈનોએ વખોડયા હોય, અને જેમને જૈનોએ વખાણ્યા હોય તેમને બ્રાહ્મણોએ વખોડ્યા હોય. આમ છતાં નાગ, રાક્ષસ વગેરે પ્રજાઓના ધર્મ, રીતરિવાજ ઇત્યાદિ બ્રાહ્મણોથી જુદા પ્રકારનાં હતાં અને તેથી બ્રાહ્મણોએ તેમને વખોડયા હોય તેમ માનવું વધારે સયુક્તિક લાગે છે. કારણે કે સામાન્ય પૌરાણિક ચિત્ર એવું છે કે એકાદ રાક્ષસ, દૈત્ય કે દાનવ પ્રથમ ખૂબ ભક્તિભાવવાળો હોય, તપ કરીને બ્રહ્મા, વિષ્ણુ કે શંકરમાંથી એકાદ મોટા દેવને પ્રસન્ન કરી વરદાન મેળવે અને પછી ખૂબ દુષ્ટ થઇ લોકોને, દેવોને અને ઇંદ્રને હેરાન કરે, અને યજ્ઞોમાં ભંગાણ પાડે. અંતે આ બધા ત્રાસ પામીને મોટા દેવની પાસે મદદ માટે યાચના કરે અને પછી વરદાનને બાદ ન આવે તેવી રીતે કાંઇક યુક્તિ વાપરી તે મોટો દેવ ત્રાસ આપનારનો નાશ કરે. બ્રાહ્મણોની વર્ણન કરવાની આ પૌરાણિક રીત છે. આ ઉપરથી સમજાય છે કે આર્યેતરો ભક્તિભાવવાળા ધાર્મિક પુરુષો હતા. પણ તેમનો ધર્મ જુદો હોવાથી તેઓ આર્યોના દેવોમાં કે દેવાધિદેવ ઇંદ્રમાં માનતા નહિ. આર્યો શત્રુભાવે રહેતા એટલે આર્યોતરો તેમની તરફ શંકાની દૃષ્ટિથી જોતા અને જો યજ્ઞ નિમિત્તે તેઓ એકઠા થતા તો તેમના યજ્ઞોમાં ભંગ પડાવી તેમને વિખેરી નાખતા. આમ ગજગ્રાહ ચાલતો પણ અંતે લડાયક આર્યો વિજેતા બનતા અને આર્યોતરો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવતા. આથી અનુમાન કરી શકાય છે કે આર્યેતરો બ્રાહ્મણેતર કોઇક ચર્યા કે જૈનધર્મ સાથે સંકળાયેલી છે તેના અનુયાયી હતા અને તેથી જ જો કે બ્રાહ્મણોએ તેમને વખોડયા છે પણ જૈનોએ તેમને વખાણ્યા છે. આ બાબતની વધારે ખાત્રી તો ભવિષ્યની પુરાતત્ત્વની શોધો જ આપી શકશે.

For Private And Personal Use Only

હવે આપણે બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ચર્યાઓ સંબંધી થોડાક વિચાર કરીએ. ઋગ્વેદના અંતિમ સમયમાં વહેતી બે ભિન્ન ભિન્ન વિચારધારાઓ આપણને દેખાય છે—એક 'બ્રહ્મ'ની અને બીજી 'સમ'ની વૈદિક આર્યો બ્રહ્મના ઉપાસક હતા. ધીમે ધીમે તેમના બ્રાહ્મણોએ આ વિચારધારાને વિકસાવી અને આ ભિન્ન ભિન્ન દેખાતા સૃષ્ટ પ્રાણી માત્રનું ઉત્પત્તિસ્થાન એકમાત્ર બ્રહ્મને કલ્પ્યું. પ્રાણીમાત્ર શરીરથી ભિન્ન–ભિન્ન હોવા છતાં જીવથી એક જ બ્રહ્મના અંશો છે અને અંતે તે એક જ બ્રહ્મમાં વિલીન થઈ જવાનાં છે એમ પ્રતિપાદન કર્યું. આમાંથી 'આત્મૈક્ય' અને 'અદ્વૈત' વાદનો જન્મ થયો. આથી ઊલટું સમના ઉપાસકોએ ભિન્નભિન્ન સૃષ્ટ પ્રાણીઓની ભિન્નતા સ્વીકારી, પરંતુ તેમની સાથે 'સમત્વ' ભાવ ખીલવ્યો. જેવા આપણે, તેવા અન્ય. જેવો વ્યવહાર કોઇ આપણા તરફ કરે અને આપણને ન ગમે, તેવો વ્યવહાર આપણે કોઈ બીજા તરફ કરીએ તો તેને પણ ન ગમે, આ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. આમાંથી જ 'આત્મૌપમ્ય'ની પરિણતિ થઈ. આમ 'બ્રાહ્મણ' અને 'સમન' એમ બે–એક બીજાથી તદ્દન સ્વતંત્ર વિચારધારાઓ જોઇ શકાય છે.

યજુર્વેદમાં એક ઉલ્લેખ છે કે ઇંદ્રે યતિઓને જંગલી કુતરાઓ પાસે ફાડી ખવરાવ્યા. ઇંદ્ર એ ભારતીય આર્યોનો મુખ્ય દેવ છે, એટલે ઇંદ્રશત્રુ યતિઓ કોઇ આર્યેતર જાતિના ધર્મગુરુઓ હોવા જોઇએ. મોહેંજો–ડેરોના ખોદકામમાંથી એક તદ્દન નિર્વસ્ત્ર, જૈનોમાં પ્રચલિત કાર્યોત્સર્ગ ધ્યાનાવસ્થામાં ઊભેલી પ્રતિમા મળી આવેલ છે. આ કોઈ યોગપ્રધાન સંન્યાસપરાયણ યતિ ધર્મગુરુની પ્રતિમા હોય તેમ માનવાને સબળ કારણ છે. યોગના મૂળમાં આત્મૌપમ્ય એટલે કે 'જીવો અને જીવવાદો' ની અહિંસા છે. એટલે ' સમન ' એ આર્યેતર વિચારધારા છે તેમ માનવું પડે છે. અહિંસાની દૃષ્ટિ અને પુષ્ટિની વૃત્તિમાંથી સંયમ અને તપનો આત્મનિગ્રહી માર્ગ વિકસે છે. શ્રમણચર્યા એ આ માર્ગનું પરિણામ છે. આ સંસાર અસાર છે, દુઃખમય છે, કરેલાં કર્મો પ્રમાણે જન્મજન્માંતરો થાય છે અને અહિંસા, સંયમ, તપના પાયા ઉપર રચાયેલી શ્રમણચર્યાના આચારથી કર્મોનો નાશ થઈ મોક્ષ અથવા નિર્વાણ મળે છે એવી જાતની જૈન માન્યતાના પાયામાં ' સમન ' એટલે આર્યેતર વિચારધારા છે. વળી જૈનોનાં શાસ્ત્રો ' આગમ ' ( =આવેલાં ) વેદબાહ્ય ગણાય છે અને તેનું કારણ એ જ હોવું જોઇએ કે તેમાં પ્રતિપાદિત સિદ્ધાંત વેદબાહ્ય આર્યેતર પરંપરાઓમાંથી ફલિત થાય છે. યોગનાં શાસ્ત્રો પણ ' આગમો ' કહેવાય છે. કારણકે ઉપર જણાવ્યું તેમ યોગ આર્યેતર આચાર છે. આધુનિક હિંદુધર્મ નિગમાગમ કહેવાય છે. તેનું કારણ પણ એ જ છે કે નિગમ (=મેળવેલાં) એટલે વેદવિહિત અને આગમ એટલે વેદબાહ્ય એમ બંને પરંપરાઓથી તે સાધિત થયેલો છે. આ સમન વિચારધારા અને શ્રમણચર્યાને સ્પર્શતા ગ્રંથો હોવાજ જોઇએ, જોકે અત્યારે તે મળતા નથી જૈન ધર્મના મહાવીરથી પ્રાચીન ગ્રંથો પણ મળતા નથી. જોકે વૈદિકોનું આખું વૈદિક સાહિત્ય મહાવીર પહેલાનું છે. જૈનો માને છે કે મહાવીરની પહેલાં ચૌદ પૂર્વો હતાં. આ ગ્રંથોમાં શ્રમણોનું ધાર્મિક સાહિત્ય હશે એમ ચોક્કસ માની શકાય તેમ છે. મહાવીરે પોતાનાં ધાર્મિક પ્રવચનોમાં આ પૂર્વોમાં અપાયેલા ઉપદેશોનો ખૂબ ઉપયોગ કર્યો હશે, અને તેમણે તીર્થ સ્થાપ્યા પછી તેમનાં પ્રવચનોના સંગ્રહમાં પૂર્વોનું જ્ઞાન વણાઈ ગયું હશે એટલે આ પૂર્વોને યાદ રાખવાની કે જાળવવાની આવશ્યકતા નહીં રહી હોય. એટલે ધીમેધીમે તેનું જ્ઞાન નષ્ટ થયું હશે. આ દૃષ્ટિએ જોતાં જૈનોના આગમ ગ્રથોમાં સમાયેલું કેટલુંક જ્ઞાન પ્રાચીન અને વેદનું સમકાલીન હોય અને આરણ્યકો તથા ઉપનિષદોના ચિંતનમાં તેમની અસર પડી હોય તેમ માનવામાં હરકત જેવું નથી.

આ બધી બાબતોનો સમગ્રપણે અભ્યાસ કરતાં એક હકીકત સ્પષ્ટપણે સ્વીકારવી પડે છે કે આર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતમાં આવ્યા ત્યારે એક ભ્રમણશીલ (nomadic) જાતિને અનુરૂપ સામાન્ય પ્રકારની સંસ્કૃતિ અને ધર્મ સાથે લેતા આવ્યા હતા, જેની માહિતી આપણને ઋગ્વેદમાંથી મળી રહે છે. એટલે આપણી સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનાં મૂળ એકલા આર્યોના વેદમાં જ નહીં, પરંતુ તેથી યે પ્રાચીન આર્યેતર સંસ્કૃતિમાં રહેલાં છે તે સ્વીકારવું પડે છે. આ સ્વીકારથી કદાચ આપણા આર્યત્વને ધક્કો લાગશે. પરંતુ આપણે આર્યત્વમૂલક પૂર્વગ્રહો છોડયે જ છૂટકો છે. ભારતીય સંસ્કૃતિમાં સંન્યાસ, ત્યાગ, પારલૌકિક કલ્પના, અહિંસાવાદ વગેરે અભિમાન લેવા યોગ્ય ભાવનાઓ અને પ્રવૃત્તિઓ કે જે જૈન ધર્મના પાયામાં છે તેમનાં મૂળ અમુક અંશે વૈદિક સંસ્કૃતિથીયે આગળ પ્રાગ્ ઐતિહાસિક વૈદિકેતર સંસ્કૃતિઓ સુધી જાય છે, અને આ દૃષ્ટિએ જૈન ધર્મ વૈદિક ધર્મથી પણ પ્રાચીન છે તેમ ચોક્કસ કહી શકાય તેમ છે.

તાર : Paramite ટેલીફોન : ૨૩૮૩૮

# મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલિકટ્રીક સામાનના જથ્થાબંધ વેપારી

૫–૭ પીકેટ ક્રોસ રોડ, મુંબઈ–૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક વિચારણીય પ્રશ્નો

લે : મનસુખલાલ તા. મહેતા.

નોંધ :- જૈન ધાર્મિક શિક્ષણ પત્રિકાના ફેબ્રુઆરી ૧૯૬૪ ના અંકમાં ખાસ કરીને જૈન સમાજને સ્પર્શતા બાર પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેના ઉત્તરો ટૂંકમાં પણ સુંદર રીતે અહીં લેખકે આપ્યા છે. બાહ્ય દષ્ટિએ ધર્મ અનુષ્ઠાનો વધતાં જતાં દેખાય છે પરંતુ સમગ્ર રીતે જોતાં આંતર જીવનમાં તો શુદ્ધિ ઘટતી જતી જોવામાં આવે છે.

૧. શારીરિક અને માનસિક એ બે પ્રકારના દુઃખમાંથી કયું દુઃખ વધુ ભયંકર અને વધુ ત્રાસદાયક હોય છે?

ઉ. શારીરિક અને માનસિક એ બે પ્રકારનાં દુઃખમાંથી કયું દુઃખ વધુ ભયંકર અને ત્રાસદાયક છે એ સમજતાં પહેલાં શરીર અને મન વચ્ચેનો સંબંધ સમજી લેવો જોઈએ. આપણા શરીરમાં જ્ઞાનતંતુઓની જાળ પથરાયેલી છે. મગજને ખબર પહોંચાડવાની અને મગજનો હુકમ શરીરના અવયવોને પહોંચાડવો એ કામ જ્ઞાનતંતુનું છે. માનસિક દુઃખના પ્રત્યાઘાતો શરીર ઉપર પડે છે. અનેક પ્રકારના રોગોની હસ્તિ અને વૃદ્ધિમાં માનસિક લાગણીઓ જ મુખ્ય ભાગ ભજવે છે. આ દૃષ્ટિએ માનસિક દુઃખ એ શારીરિક દુઃખની જનેતા છે, અને તેથી તે વધુ ભયંકર અને ત્રાસદાયક **છે.**

૨. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી આ ભવમાં જ જીવને કલેશ રહે કે પરભવમાં પણ કલેશ રહે?

ઉ. આર્ત અને રૌદ્ર ધ્યાનઃ આર્ત અર્થાત્ પીડા કે દુઃખ જેમાંથી ઉદ્‌ભવે તે આર્ત. આ બંને પ્રકારના ધ્યાન સંસારના કારણ હોવાથી દુર્ધ્યાન ગણાય છે, અને તેથી ત્યાજ્ય છે. આવા ધ્યાનથી વર્તમાન કાળે જીવને સંતાપ થાય છે, અને તેના કડવાં ફળો અન્ય જન્મોમાં પણ ભોગવવાં પડે છે. લક્ષ્મણા જેવી મહાન પવિત્ર સાધ્વીને માત્ર એક ક્ષણનું દુર્ધ્યાન અનંતા ભવોના ભ્રમણનું નિમિત્ત બન્યાની વાત જાણીતી છે.

૩. મૃત્યુ સમયે, આખા જીવન દરમિયાન કરેલાં કર્મોનાં સ્મરણથી અત્યંત દુઃખ અને પશ્ચાતાપ ભોગવવાનો પ્રસંગ ન આવે તે માટેનો ઉપાય શું?

ઉ. મૃત્યુ સમયે જીવન દરમ્યાન કરેલાં કર્મોનાં સ્મરણથી અત્યંત દુઃખ અને પશ્ચાતાપની પરિસ્થિતિને દૂર રાખવી હોય તો જીવન દરમ્યાન ભૂલેચૂકે પણ કોઇ પાપકૃત્ય ન થાય તેની સતત કાળજી રાખવી જોઇએ. જૈન દર્શનમાં કારણ અને કાર્યની સરસ સંકલના છે. પાપકૃત્ય કરીને તેની શિક્ષામાંથી કોઈ બચી શકે નહિં. મૃત્યુ સમયે દુઃખ અને પશ્ચાતાપ ન કરવા પડે એમ ઇચ્છનારે જયણા પૂર્વક ચાલવું, ખાવું, પીવું, બોલવું અને જગતમાં તમામ અન્ય જીવો સાથે તેમને કલેશ અગર દુઃખ ન થાય તે પ્રમાણે વર્તવું. હું કોઈને પીડા પહોંચાડું તો મારા જીવને પીડા થવાની જ એવી ખાતરી હોય તે માણસ સદાચાર પૂર્વક જીવન જીવી શકે, અને તેના માટે અંતિમ કાળે દુઃખ કે પશ્ચાતાપનો પ્રશ્ન હોતો નથી. મૃત્યુને તે પરમ મિત્રની માફક ભેટી શકે છે.

૪. આપત્તિ, ચિંતા, માંદગી અને મરણથી શા માટે ગભરાવું જોઇએ? એ બધાથી ચેતીને ચાલવાથી શું લાભ?

ઉ. પ્રશ્નનાં ઉત્તરમાં એમ કહી શકાય કે માણસ ગમે તેટલો ચેતીને ચાલે તો પણ જેણે જન્મ લીધો તેના માટે મૃત્યુ નિશ્ચિંત વસ્તુ છે. મૃત્યુ જીવનના માટે શાપ સમાન નથી પણ આર્શીર્વાદ રૂપ છે. મૃત્યુમાં રહેલ અપૂર્વ શાંતિ અને માધુર્યનો અનુભવ જીવન જીવતાં આવડે તો ચોક્કસ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે. સાગરમાં જેમ ભરતી અને ઓટ આવે છે તેમ સંસારમાં પણ સુખ અને દુઃખના અનુભવો તો થવાનાં જ. પરન્તુ સંસારના સ્વરૂપને જે સમજે છે, તેનામાં સમાધાન વૃત્તિ આવી જાય છે. ચેતીને ચાલવાથી સદાકાળ માટે મૃત્યુ કે આપત્તિને દૂર રાખી શકાતાં નથી, પણ જીવનમાં સમાધાન વૃત્તિ કેળવી આવા બધા ભયોમાંથી મુક્ત બની શકાય છે. ખરેખરા યોગ્ય માનવીને પ્રકૃતિ અને સંસાર સાથે એવો સુમેળ હોય છે કે કોઇ પણ આઘાત કે નુકશાન એ બહુ સહેલાઇથી સહન કરી લે છે.

૫. સુખ, સંપત્તિ, વૈભવ, મોજશોખ, ધંધો, આભુષણની ટાપટીપ અને શરીરની શોભા, એનાથી માણસ જગતના ઉપર પોતાની પ્રતિભા પાડવા પ્રયત્ન કરે છે પરંતુ આવા માણસોમાં પ્રાયઃ આજે વિનય, વિવેક, નમ્રતા, સરળતા, ઉદારતા કે ધર્મપ્રેમ જોવામાં નથી આવતો. અને તેઓ પોતાની જ દુનિયામાં રાચતા હોય છે. આવા માણસોના જીવનને સાચી દિશામાં વળાંક આપવો હોય તો શું કરવું ?

ઉ. સુખ, સંપત્તિ, વૈભવ, મોજશોખ, આભુષણની ટાપટીપ, શરીરની બાહ્ય શોભા—આ બધાનો મેળ વિનય, વિવેક, વિનમ્રતા, સરળતા, ઉદારતા કે ધર્મ સાથે મળી શકે નહિં. જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોઈ શકે, તેમ આવી ભિન્નભિન્ન પરિસ્થિતિનો મેળ એક સાથે ન મળી શકે. જનક વિદેહી અગર ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિ રાજર્ષિની વાત આવે છે. તેમાં આવી ભિન્ન ભિન્ન પ્રકૃતિનો સુમેળ જોવાનો મળી શકે છે. પરન્તુ ત્યાં મનનાં પરિણામો અનાસક્ત હતા, અને ચિત્તના અધ્યવસાયો વૈરાગ્ય યુક્ત હતા, ભૌતિક પદાર્થોની પ્રાપ્તિના કારણે અગર પર વસ્તુના સંયોગથી ઉત્પન્ન થતાં સુખો, વૈભવ મોજશોખ, ટાપટીપ વિ. પોકળ છે, અને આત્માને ઉર્ધ્વગતિને બદલે અધોગતિના માર્ગે લઇ જાય છે, એની સાચી સમજણ આવે અને તદનુસાર આચરણ થાય ત્યારે જ આવી વ્યક્તિઓ સાચા માર્ગે જઇ શકે.

૬. ઘણા માણસોને આજે ધનનો, સત્તાનો, બુદ્ધિનો, અભિમાનનો, લોભનો, ઇર્ષ્યાનો ક્રોધનો કે બીજા એવા અનેક પ્રકારનો મદ સતત ઝરતો હોય છે. અને પરિણામે તેના આત્માની શક્તિ ક્ષીણ થતી જાય છે એમાંથી તેઓને ઉગારવા માટે શું ઉપચાર કરવો ?

ઉ. ધન અને સત્તાની સાથો સાથ અનેક દુર્ગુણો પણ આવે જ છે અને લોભ, કામ, ક્રોધ, માયા, અહંકાર આ બધા ધન અને સત્તાના પરમ મિત્રો છે. આના પરિણામે આત્માની શકિત ક્ષીણ થવાની જ. ધન અને સત્તાનો મદ સામાન્ય રીતે માનવીને ઉન્માર્ગે ખેંચી જાય છે. મહાત્મા ગાંધીજી એના જીવન કાળ દરમ્યાન કદી પણ ધન કે સત્તાના વમળમાં ન ફસાયા, અને ભારતના સાચા રાષ્ટ્રપિતા હોવા છતાં સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ પદનો સ્વીકાર ન કર્યો. આજે એમના પ્રથમ પંકિતના અનુયાયીઓનું ધન અને સત્તાના કારણે કેવું કરુણ અધઃપતન થઈ રહ્યું છે તે આપણે નજરો નજર જોઇ શકીએ છીએ. અગ્નિમાં હાથ નાખો અને તેમ છતાં ન દાઝો એમ ન બને, તેમ ધન અને સત્તાનો કેફ ન ચડે એવું પણ ન બને. અલબત, દરેક નિયમોમાં અપવાદ પણ હોઈ શકે છે.

૭. સર્વજ્ઞ ભગવંતોએ એમ કહ્યું છે "કે કર્મ અને પરિણામની અપેક્ષાએ પુરુષો સાતમી નર્કમાં જાય; જ્યારે સ્ત્રીઓ વધુમાં વધુ છઠ્ઠી નર્ક સુધી જ જાય." વૈજ્ઞાનિક રીતે આનો શું ખુલાસો હોય શકે ?

ઉ. કર્મ અને પરિણામની અપેક્ષાએ પુરુષનો જીવ સાતમી નરક સુધી જઇ શકે અને સ્ત્રીનો જીવ વધુમાં વધુ છઠ્ઠી નારકી સુધી જઇ શકે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આનો ખુલાસો એમ કરી શકાય કે પુરુષ મોટા ભાગે અર્થપ્રધાન છે, અને સ્ત્રી કામપ્રધાન છે. અર્થ માટે અનેક અનર્થો કરાતા હોય છે. વળી, આ ઉપરાંત દરેક સ્ત્રીમાં માતાનું સ્વરૂપ રહેલું છે તેથી સ્વાભાવિક રીતે જ તેનું અંતઃકરણ વધુ કોમળ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયાળુ અને દયાળુ હોય છે. પુરૂષ જાતિના હાથે જેવાં હીન અને પાપ કૃત્યો થાય છે, તેવાં હીન અને પાપી કૃત્યો સ્ત્રી જાતિના હાથે થવાની શકયતા જણાતી નથી.

૮. પુરુષો કરતા પ્રાયઃ સ્ત્રીઓ મોટી સંખ્યા મોક્ષે જનાર હોય છે. એ સત્યનું રહસ્ય શું છે. ?

ઉ. પુરૂષો કરતાં પ્રાય: સ્ત્રીઓની મોટી સંખ્યા મોક્ષે જનાર હોય છે, એવું શાસ્ત્ર વચન જોવામાં નથી આવ્યું. દિગમ્બર સંપ્રદાય તો સ્ત્રીઓને મોક્ષ હોય એમ માનતો જ નથી. પરન્તુ તેમની આવી માન્યતા તર્કબદ્ધ હોવાનું જણાતું નથી. સ્ત્રી અને પુરૂષમાં કોઈ મૂળ ભૂત ફરક નથી; દેહ દૃષ્ટિએ ભેદ છે. એ ખરૂં, પણ જૈન દર્શન તેમજ અન્ય દર્શનોમાં પ્રાધાન્યતા આત્મ તત્ત્વની છે, દેહતત્ત્વની નહિ. આત્મતત્ત્વ સ્ત્રી અને પુરૂષ બંનેમાં સમાન છે. જે આત્માને કર્મનો વધુ લેપ એ ભારે કર્મી અને ઓછો લેપ એ ઓછુ કર્મી. પછી દેહદૃષ્ટિએ તો આત્મા પુરૂષના શરીરમાં રહેલો હોય કે સ્ત્રીના શરીરમાં–તે વસ્તુ ગૌણ છે.

૯. આત્મહિતની દૃષ્ટિએ જપ વધે કે તપ વધે ? જ્ઞાન વધે કે ધ્યાન વધે ? ત્યાગ વધે કે સંયમ વધે ? ક્ષમા વધે કે દયા વધે ? પ્રેમ વધે કે ભક્તિ વધે ?

ઉ. જપ–તપ, જ્ઞાન–ધ્યાન, ત્યાગ–સંયમ, દયા–ક્ષમા, પ્રેમ–ભક્તિ, આ બધા દ્વંદ્વ એક બીજાના પૂરક છે. જેમ કે, સંયમ વિના ત્યાગ શકય નથી, દયા વિના ક્ષમા શકય નથી, પ્રેમ વિના ભક્તિ શકય નથી. આત્મહિતની દૃષ્ટિએ આ બધા ગુણોના મૂલ્ય સમાન કક્ષાએ છે.

૧૦. પુણ્યમય અને પવિત્ર જીવન જીવનારા મનુષ્યોના જીવનમાં આપત્તિ વિપત્તિ અને દુઃખના પ્રસંગો બહુ ઓછા બને છે તે તેના પુણ્યના બળે, પ્રારબ્ધના બળે, પુરુષાર્થના બળે, બુદ્ધિના બળે કે આવડતના બળે હશે ? કે તેની શ્રદ્ધા અને સમજણના બળે હશે ?

ઉ. સામાન્ય રીતે પુણ્ય કર્મથી સુખ અને પાપ કર્મથી દુઃખ પેદા થાય છે. પરન્તુ જ્ઞાનીની દૃષ્ટિએ તો સુખ અને દુઃખ ઉભય દુઃખ રૂપજ છે. ભૌતિક સુખોને જૈનશાસ્ત્રોએ માત્ર સુખાભાસ માનેલ છે. સુખ સંબંધમાં ઊંડી રીતે વિચારતાં એમ લાગે છે કે સુખ પણ પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના ભોગને સમયે ભોગ્ય વસ્તુના નાશની આશંકા દુઃખ ઉત્પન્ન કરે છે, અને સુખના સંસ્કારથી પેદા થતો રાગ પણ દુઃખનો અનુભવ કરાવે છે. મહાન અને પવિત્ર સ્ત્રી પુરૂષોના ભાગ્યે જ મોટા ભાગે દુઃખ સહન કરવાનું આવે છે. રામ અને સીતા, હરિશ્ચંદ્ર અને તારામતી, નળ અને દમયંતી જેવી પવિત્ર વ્યક્તિઓએ મહાકષ્ટ વેઠયા છે. જેનું જેટલું ઉજ્જવળ જીવન–તેનું તેટલું કષ્ટમય જીવન. દુઃખ દ્વારા માણસનું જીવન વધુ સુંદર અને તેજસ્વી બને છે. અગ્નિની પરીક્ષામાંથી પિત્તળને પસાર થવાનું નથી હોતું, સુવર્ણને જ પસાર થવું પડે છે. જ્ઞાની અને વિવેકી માણસ ભૌતિક સુખોથી ગભરાતો અને કંટાળતો હોય છે, તે તો દુઃખના સ્વીકારમાં જ સુખ અનુભવતો હોય છે. અનેક વિકટ પ્રસંગો અને આપત્તિઓમાંથી પસાર થયા પછી પણ કુન્તા માતાએ શ્રી કૃષ્ણ પાસે આપત્તિ અને વિપત્તિઓની માંગણી કરતાં કહ્યું છે કેઃ विपदः सन्तु नः शश्वत् तत्र तत्र जगद्गुरो.

૧૧. વાંચન, લેખન, પ્રકાશન, વકતવ્ય, ઉપદેશ, ભાષણો, ચર્ચાઓ, પરિસંવાદો, સમારંભો, મેળાવડાઓ, ઉત્સવો, મહોત્સવો, વિધિવિધાનો, વિવિધ પ્રકારના પૂજનો, આ બધી પ્રવૃત્તિઓ જગતના અને જનસમૂહના હિતને માટે હોય છે. તેનાથી સૌનું કલ્યાણ થાય એવો શુભ હેતુ તે બધી પ્રવૃત્તિઓમાં રહેલો હોય છે. પરંતુ બધાને તેનાથી લાભ જ થાય છે એમ જોવામાં આવતું નથી. આનું શું કારણ ? જેવી જેની ભાવના, તેવું તેનું ફળ–એ નિયમ પ્રમાણે બનતું હશે ?

ઉ. જનસમૂહના હિતાર્થે ઉત્સવો, મહોત્સવો, વિધિ વિધાનો, વિવિધ પ્રકારનાં પૂજનો, સમારંભો, મેળાવડાઓ અને ભાષણો દિનપ્રતિદિન વધતાં જતાં જોવામાં આવતાં છતાં તેનાથી બધાને લાભ થતો કેમ જોવામાં આવતો નથી ? આ બાબત પર વિચારતાં

For Private And Personal Use Only

એમ લાગે છે કે માણુસના હૃદયમાં મોટા ભાગે પ્રસન્નતાનો અભાવ દેખાય છે, અને પ્રસન્નતાના સ્થાને આજે દંભ અને ક્રિયાના આડંબરો માત્ર જોવામાં આવે છે. પ્રસન્નતા વિના સંતોષ ન થઈ શકે. પ્રત્યેક ક્રિયામાં પ્રસન્નતા ન અનુભવાતી હોય તો તેનો લાભ મળી શકતો નથી, અને પરિણામે જીવન કૃત્રિમ બની જાય છે. એક ફ્રેંચ વિદૂષક બાબતમાં કહેવાય છે કે તે અતિશય વિનોદી હોવાથી વિનોદના ખેલો કરી લોકોને રીઝવતો અને ખૂબ ધન કમાતો. મોટી મોટી ફી આપી લોકો તેના પ્રયોગો જોવા જતા. એક વખત, આ ફ્રેંચ વિદૂષક તેને ન જાણનાર એવા એક ડોકટર પાસે ગયો અને ફરિયાદ કરી કે જીવનમાં તેને કાંઈ રસ જેવું અનુભવાતું નથી, તો તેના માટે શું કરવું? ડોકટરે તેને તપાસીને કહ્યુ કે તેને નખમાં પણ રોગ ન હતો, પણ તેના ચિત્ત પર ગમગીનીનો ભાર રહેતો હોવાથી જીવનમાંથી તેનો રસ ઉડી ગયો છે; અને આ માટે સલાહ આપતાં એને એવું જ નામ આપી કહ્યું કે તમે અવારનવાર તેના ખેલો જોતા રહો. પેલા વિદૂષકે કહ્યું કે એ પોતે જ પ્રસિદ્ધ વિદૂષક છે ત્યારે ડોકટરના આશ્ચર્યનો પાર ન રહ્યો. આજે જન સમૂહના મોટા ભાગના માણસોના મનની પરિસ્થિતિ પણ આ ફ્રેંચ વિદૂષક જેવીજ જોવામાં આવે છે. પહેલાના સમયમાં માણસોના હૃદયમાં ભક્તિની તીવ્રતા અને પ્રસન્નતા હતી, આજે ભકિતના સ્થાને બાહ્ય દેખાવ અને પ્રસન્નતાને બદલે માત્ર દંભ અને આડંબર દેખાય છે.

૧૨. સાચો ધર્મી કોણ? જેને ધર્મનું બહુ જ્ઞાન હોય તે ધર્મી? જે બહુ ધર્મક્રિયા કરે તે ધર્મી? જે બહુ વ્રત નિયમો પાળે તે ધર્મી? પ્રભુની ભક્તિ કરે તે ધર્મી? જે બહુ તીર્થયાત્રા જે કરે તે ધર્મી? જે બહુ લોકસેવા કરે તે ધર્મી? કે જે શ્રદ્ધા અને સમજણપૂર્વક અને નિર્મળ ભાવ વડે આત્મસ્વરૂપને ઓળખી તેમાં લયલીન થઈ જવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે તે ધર્મી?

ઉ. સાચો ધર્મી કોણ? આ પ્રશ્ન મહત્ત્વનો અને અર્થગંભીર છે. તીર્થયાત્રા, લોકસેવા, ધાર્મિક અનુષ્ઠાનો, આ બધાં ધર્મનાં સાધનો છે, અને તેના વડે જીવનશુદ્ધિ સધાય તો તે ધર્મક્રિયા કહેવાય. સત્ય એજ ધર્મ છે, પણ આ સત્ય કોઈ એવો પદાર્થ કે પ્રકાશ નથી કે જેને જુદાજુદા રંગોના કાચ વડે જોવામાં આવે તો જુદા જુદા જણાય. સત્ સ્વયં સંપૂર્ણ છે, તેના વિભાગો ન પાડી શકાય. ઉપાશ્રય, મંદિર, ધંધાની પેઢી, ઓફીસ, ઘર અને વ્યવહાર આ બધામાં ધર્મ—નીતિ—ન્યાયનું ધોરણ જે સમાન રીતે જાળવે તે ધર્મી, એમાં જે ભેદ પાડે તે દંભી. ભગવાને તેથીજ કહ્યું છેઃ सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ અર્થાત્ સત્યની આજ્ઞા ઉપર ઉભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.

# જન્મ જયંતિ મહોત્સવ

આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી મહારાજ)ના જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી બીજા ચૈત્ર સુદી ૧ સોમવાર તા. ૧૩–૪–૬૪ના રોજ રાધનપુર નિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મુળજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂ. ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા અને સાંજના પ્રીતિભોજન યોજવામાં આવેલ હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞાન, પ્રગતિ, અને મૂલ્યો

વિજ્ઞાન (Science), તંત્રશાસ્ત્ર (Technology) અને પ્રગતિ (Progress) એ આ યુગનાં મંત્રો છે. પ્રગતિએ એ ધ્યેય છે અને વિજ્ઞાન તથા તંત્રશાસ્ત્ર તેને મેળવવાનાં સાધનો છે. પરંતુ ખરી પ્રગતિ કઇ કહેવાય તેનો આપણે વિચાર કર્યો છે ખરો ? પ્રગતિની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. ટેલિવિઝન (Television), અણુસ્ફોટક યંત્રો, અવકાશયાન વગેરે જેવી વૈજ્ઞાનિક અને યાંત્રિક (Technical) શોધોને કેટલાક પ્રગતિ માને છે. તેઓ માને છે કે મનુષ્ય પોતે આંતરિક સુખ કોઇપણ બાહ્ય ઉચ્ચ શક્તિની સહાય વિના માત્ર ભૌતિક વિકાસ સાધીને પ્રાપ્ત કરી શકે છે. બીજા કેટલાકના મતે ‘સુંદર’ અને ‘શિવ’ની ઉપાસના કરતા માનવ આત્માનો ઇતિહાસ એ જ પ્રગતિ. વળી ધર્મગુરુઓ પ્રગતિ બાબત જુદો જ મત ધરાવે છે. તેઓ તો આદિ, મધ્ય અને અંત ઇશ્વરમાં જ નિહાળે છે. આ સિવાય સામાન્ય મનુષ્યોનાં મંતવ્યોનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી નથી. આમ જુદાં જુદાં મંતવ્યોને એક સર્વસામાન્ય વ્યાખ્યાદ્વારા વ્યક્ત કરવા એ ઘણું મુશ્કેલ છે. અર્વાચીન વિજ્ઞાનની સિદ્ધિઓએ ભલું કર્યું છે. પરંતુ સાથેસાથે બુરું પણ કર્યું છે તે આપણે સ્વીકારવું જોઇએ. અલબત, પ્રકૃતિનાં કેટલાંક બળો ઉપર વિજ્ઞાન અને તંત્રશાસ્ત્રની સહાયથી માનવે લાભદાયક વિજયો કરેલા છે. પરંતુ ભૌતિક સિદ્ધિ સાથે આધ્યાત્મિક દરિદ્રતા રહી છે. અને તેથી જગત ઉપર ભયજનક પરિસ્થિતિ ઊભી થઈ છે તે યાદ રાખવું જરૂરી છે.

જો કે પ્રાથમિક જીવાણુથી માંડીને આધુનિક બુદ્ધિશાળી માનવ સુધીનો વિકાસ ‘ફેરફાર અને પસંદગી’ના ધોરણે કોઈપણ જાતની વિચારણા વિનાના કુદરતી બળોથી થયો હશે. પરંતુ હવે પછીથી બુદ્ધિશાળી માનવ વિચારણાપૂર્વક વધારે સારો વિકાસ સાધી શકશે તેમ માનવું વધારે આશાસ્પદ હોય તેમ જણાય છે. માનવ પ્રગતિ વિચારકોની પહેલાંથી નક્કી કરેલી યોજના પ્રમાણે થતી નથી. એટલું જ નહીં પણ જાણે આ હકીકતને ટેકો આપતી હોય તેમ વિજ્ઞાન અને તંત્રશાસ્ત્રની અપૂર્વ પ્રગતિ છતાં બીજા વિશ્વયુદ્ધની અસરે વિશ્વશાંતિ અને તે માટેની આવશ્યક જાગ્રતિને ખૂબ મુશ્કેલ બનાવી દીધેલ છે.

જ્યારે કોઈપણ રાજસત્તા રાષ્ટ્રને બીનસાંપ્રદાયિક બનાવે છે ત્યારે એમ માનવું પડે છે કે તેના બુદ્ધિશાળી માણસો અને નેતાઓ આધ્યાત્મિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છે. આ ઉપલક્રિયા જમાનામાં ઉપરોક્ત કટોકટીનું ઊંડાણ સમજાતું નથી. આ આધ્યાત્મિક મૂલ્યોનો ખુલ્લો ઇન્કાર કદાચ સારી વાત પણ હોય કારણકે આથી આપણા ભાવિના અંતિમ પ્રશ્નની સન્મુખ આપણે આવીને ઊભા રહ્યા છીએ અને હવે બાહ્ય વિકાસના માર્ગહીન જંગલમાંથી આંતરિક દૃષ્ટિ કરી પ્રકૃતિનાં જડ અને યાંત્રિક પરિબળો વચ્ચે આધ્યાત્મિક તત્ત્વોનું મૂલ્યાંકન કરવાનો સમય આવી પહોંચ્યો છે તેનું આપણને ભાન થાય છે.

માનવ દૈવી અને આસુરી અંશોનું અજબ મિશ્રણ છે.મંગલ તેમજ અમંગલ, પ્રગતિ તેમ જ અધોગતિ કરવાની શક્તિ તે ધરાવે છે. જો તેનામાં દૈવી અંશ ન હશે તો વિશ્વ આજે છે તેના કરતાં ઘણું વધારે ખરાબ બનશે. અને જો તેના બધા ગુણો આધ્યાત્મિક સંપૂર્ણતાને પામી ચૂક્યા હશે તો હવે પછી સાંસારિક (Temporal) વિકાસ થઇ શકશે જ નહીં. આદર્શોની ભૂમિકાએ રહી ઊર્ધ્વગતિ કરવી કે સમય અને યુગને અનુરૂપ રહી જરા પણ ઉચ્ચ ભૂમિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કર્યાં વિના, ચાલ્યા કરવું તેનો નિર્ણય કરવા આજનો માનવી મુખત્યાર છે. તેણે પોતાનાં પ્રામાણિક મંતવ્યો, લાગણીઓ, આદર્શો અને એષણાઓ સ્પષ્ટ રીતે જાણી લેવાં જોઇએ. સ્વાર્થના સ્વવિનાશક માર્ગે જવું છે કે આદર્શપૂર્વક સંપૂર્ણતાને પામવા ઊર્ધ્વ–ગતિ કરવી છે: પોતે શું સિદ્ધ કરવા માગે છે તે તેણે જાણી લેવું જોઇએ. જો યોગ્ય લાગે તો, આત્મ-જ્ઞાન વડે, તે આત્મસિદ્ધિના માર્ગે પ્રયાણ કરી શકે છે. આત્મજ્ઞાન એટલે માત્ર આત્માનું જ્ઞાન એટલું જ નહિ, પણ પોતાના વિચારો, લાગણીઓ અને વાસનાઓ વિષયક વ્યાવર્તક જાગ્રતિ. બહારથી તે ગમે તેમ માનતો હોય, પરંતુ તે હજી ગુફાવાસી આદિમાનવની દૃષ્ટિ અને વાસનાઓ ધરાવતો પ્રાકૃત અવસ્થામાં જ છે. માત્ર ખાનપાન અને પહેરવેશમાં તેણે બાહ્ય વિકાસ કર્યો છે પરંતુ તેની સાથોસાથ આવશ્યક આંતરિક વિકાસ તે કરી શકયો નથી.

પ્રગતિ અને સંપૂર્ણતા સંબંધી કેટલીક ખરે-ખરી મુશ્કેલીઓનો સામનો અર્વાચીન મનુષ્યે કર-વાનો છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આ પ્રશ્ન તેને સતત મૂંઝવે છે કે જો સર્વનાશ એ જ જીવનનો અંત હોય તો પ્રગતિ અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ શા કામનો? જો તેની પ્રાપ્તિ માટે કોઇ ઊંચું ધ્યેય ન હોય તો તે પુરૂષાર્થ નિરર્થક છે. જ્યારે પ્રાચીન ધર્મગુરુઓ ભૌતિક અસ્તિત્વને ક્ષણ-ભંગુર કહેતા, ત્યારે તેમને લાગણીવશ નિરાશાવાદી કહેવામાં આવતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આજે વિજ્ઞાને ધર્મગુરુઓની વાતને સમર્થન આપવા માંડયું છે. જાણીતા ખગોળશાસ્ત્રી અને તત્ત્વજ્ઞ સર જેમ્સ જીન્સ કહે છે કે થર્મોડાયનામિકસના બીજા નિયમ પ્રમાણે વિશ્વ ઉષ્ણતા વડે વિનાશ પામવાના માર્ગે જાય છે. આમ વિજ્ઞાનના વિજયનું પરિણામ બહુ આનંદજનક તો નથી જ. જે લોકો ડરતા ન હોય એટલે કે અસ્તિત્વના ક્ષણભંગુરતાનો ભય જેમને ડરાવતો ન હોય, તેમણે ભલે ઉચ્ચ આદર્શ માટે નહિ પરંતુ માનવતાવાદી મૂલ્યાંકનો માટે પણ અધ્યાત્મવાદને સ્વીકાર્યા વિના છૂટકો નથી.

ઉપરની બધી મૂંઝવણોનું કારણ પ્રગતિ વિષેના આપણા ભ્રામક ખ્યાલો છે. પ્રગતિની બે ભૂમિકાઓ છે: ભૌતિક અને આધ્યાત્મિક. પહેલી સાંસારિક વસ્તુઓને સ્પર્શે છે, બીજી શાશ્વત મૂલ્યોને આંકે છે. ભૌતિક પ્રગતિને ભૌતિક શાસ્ત્રના પ્રદેશો ખોળવાના હોય છે; આધ્યાત્મિક પ્રગતિને અંતરના ઊંડાણમાં પડેલી ચિત્તની જાગ્રતિ સાથે સંબંધ છે. એકને માનુષી પુરૂષાર્થ વડે માનુષી એષણાઓને સંતોષવાની હોય છે, જ્યારે બીજીને ઉચ્ચ શક્તિની મદદ વડે મનુષ્યસહજ નબળાઇને જીતવાની હોય છે. એક માનવને ભૌતિક ક્ષેત્રે મુક્ત બનાવવા મથે છે, બીજી માનવને આધ્યાત્મિક ક્ષેત્રે મોક્ષ અપાવવા પ્રયત્ન કરે છે. ભૌતિક પ્રગતિ અનિશ્ચિત પ્રાપ્તિ છે, જ્યારે આધ્યાત્મિક પ્રગતિ સાધકના ચિત્તમાં ચિરસ્થાયી રહે છે. આધ્યાત્મિક સિદ્ધિ ઉચ્ચ અને શાશ્વત છે. ગીતામાં કહ્યું છે કે **या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी** બીજા આત્માઓ માટે જે રાત છે તે સંયમી મનુષ્ય માટે દિવસ છે. જે આ સ્થિતિ સુધી પહોંચેલ છે, તે મોહ પામતો નથી અને આ જીવનમાં જ મુક્ત દશાને પામે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ પણ કહે છે કે પ્રકૃતિ અને પોતાના આત્માનું બ્રહ્મમાં જેણે એકત્વ અનુભવ્યું છે તેને મંગલ કે અમંગલ સ્પર્શતું નથી. આજ વિધાન જેણે જગતના સર્વ પ્રાણીઓ તરફ સમત્વ કેળવ્યું છે અને અહિંસાને જીવનમાં ઉતારી છે તેમને પણ લાગુ પડે છે.

જો કે આદિ માનવનું જીવન જંગલી હતું છતાં નૈતિક ક્ષેત્રે વિકાસ થયેલો છે. ભારતના વિચારકોએ પ્રથમથી જ ઉત્ક્રાંતિને જુદી દૃષ્ટિએ નિહાળી છે. ઉત્ક્રાંતિના દરેક ક્રમમાં આત્મા ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરતો હોય છે એમ તેઓ માને છે. આંતર બાહ્ય પ્રકૃતિનો નિગ્રહ કરી જાગ્રતિના વિશાળ ક્ષેત્રમાં આત્માનું ઊર્ધ્વીકરણ કરવું તે તેમનું અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞાન, પ્રગતિ અને મૂલ્યો

જીવનું ક્ષેત્ર છે. તાર્કિક અને માનસ–શાસ્ત્રીય વિકાસ-ક્રમ પ્રમાણે પદાર્થમાંથી જીવનું સર્જન થાય છે. જીવમાંથી ચિત્ત, ચિત્તમાંથી આત્મજ્ઞાન અને આત્મજ્ઞાન દ્વારા ઉચ્ચ આત્માનંદ પ્રાપ્ત થાય છે. ઉત્ક્રાંતિના મૂળમાં જ વિકાસ અને સંપૂર્ણતા તરફ ગતિનું સૂચન રહેલું છે. બંધનમાં રહેલું કિરણ શરીર અને મનની દિવાલોને ભેદી ધ્યેય તરફ ગતિ કરે છે. આ રીતે અધ્યાત્મ વડે શરીર અને મનની દિવાલો ભેદાતાં માનવ અતિમાનવ બને છે. 'તમસ્‌માંથી હું દિવ્ય પ્રકાશ તરફ જાઉં છું. એક ઘોડો જેમ રૂવાંટી ધ્રૂજાવે છે, તે રીતે અમંગલને દૂર કરી, અશરીરી બની, રાહુથી મુક્ત થતાં ચંદ્રની માફક સંપૂર્ણ આત્મા બનેલો હું બ્રહ્મલોકમાં પ્રવેશું છું'[૨]–આ સંપૂર્ણ બનેલા આત્માનું કાવ્ય છે.

આ દૃષ્ટિએ જોઇએ તો પ્રાચીન વિચારકોના મતે સંપૂર્ણતાની પ્રાપ્તિ એટલે જ સાચી પ્રગતિ. વૈજ્ઞાનિક અને તાંત્રિક પ્રગતિ કેટલી થઈ છે તેના માપદંડ વડે તેઓ પ્રગતિનું માપ નહોતા કાઢતા. પરંતુ ભૌતિકતા ઉપર આધ્યાત્મિકતાનો કેટલે અંશે વિજય થયો છે તે તેમની દૃષ્ટિએ પ્રગતિનું સાચું માપ હતું. જીવનમાં તેઓએ ભૌતિક સમૃદ્ધિ કે શારીરિક સુખોપભોગને કદી પ્રાધાન્ય આપ્યું ન હતું. વાલ્મિકીએ અયોધ્યાની અને લંકાની સંસ્કૃતિનું આલેખન કર્યું છે તેમાં લંકા સમૃદ્ધ હોવા છતાં વાલ્મિકી તેને જરાપણ મહત્ત્વ આપતા નથી. સંસ્કૃતિનું માપ નૈતિક સમૃદ્ધિ વડે જ કાઢી શકાય. નીતિપૂર્ણ રામરાજ્યનો પાયો નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો ઉપર રચાયો હતો. આ તત્ત્વજ્ઞ રાજપુરુષને મન આધ્યાત્મિક સંપૂર્ણતા જ માનવજીવનનું લક્ષ હતી. આ સંપૂર્ણતા બાહ્યોપચાર વડે પ્રાપ્ત ન થાય. તેનાં બીજ દરેક માનવમાં પડેલાં હોય છે. કદાચ સપાટી ઉપર તે ન દેખાતાં હોય. પણ તેનો ઉત્કર્ષ સાધવો એ જ જીવનનું પરમ ધ્યેય હતું. જ્યારે આવી આધ્યાત્મિક જાગૃતિ મનુષ્યચિત્તને સ્પર્શે છે ત્યારે જ રામરાજ્ય સ્થપાય છે.

ઉપર જે કહ્યું છે તે ઉપરથી એક વાત સિદ્ધ થાય છે કે વૈજ્ઞાનિક અથવા ભૌતિક પ્રગતિને આધ્યાત્મિક પ્રગતિ સાથે સંબંધ નથી. પ્રગતિના પ્રચલિત ખ્યાલથી તેને અલગ સમજવી જોઈએ. તેનું પ્રધાન લક્ષણ એ છે કે તે માણસનાં બધાં માનસિક બંધનો દૂર કરે છે. અંતિમ સત્યને લક્ષમાં રાખી વિચારીએ તો પ્રાચીન છે તે બધું અપૂર્ણ નથી અને અર્વાચીન છે તે બધું સારૂં અને સંપૂર્ણ નથી. પ્રાચીન ગુરુઓનાં વચનો આજે પણ શાશ્વત સંદેશ આપે છે.

વિચિત્ર વાત તો એ છે કે આપણા યુગનાં પ્રધાન લક્ષણો વિજ્ઞાન અને તંત્ર આધ્યાત્મિક પ્રગતિનાં અવરોધક બળો બની રહ્યા છે. વિજ્ઞાને જગતનું બાહ્ય સ્વરૂપ પલટાવી નાંખ્યું છે, યંત્રની મદદથી મનુષ્યનો શારીરિક શ્રમ ઓછો કરી નાંખ્યો છે, અને ઔદ્યોગિક સમાજની સ્થાપના કરી છે. પરંતુ ઉચ્ચ મૂલ્યોની વિરોધી આદિમ વૃત્તિઓ અને જાતીય ધર્મમાંથી તેણે મનુષ્યની મુક્તિ સાધી નથી. પ્રકૃતિનાં રહસ્યો પારખવાની ગમે તેવી દૃષ્ટિ હોવા છતાં વહેમી માણસ આધ્યાત્મિક અંધાપાને ઉત્પન્ન કરે છે. યાંત્રિક પ્રગતિએ મનને પણ યાંત્રિક અને શુષ્ક બનાવ્યું છે, તેની સર્જક પ્રતિભાને હણી નાંખી છે. વિજ્ઞાને સત્ય, ન્યાય, અહિંસા અને વ્યક્તિત્વના વિકાસ જેવાં અમર તત્ત્વો માટે બહુ ઓછા પ્રયાસો કર્યાં છે. જો વિજ્ઞાને આધ્યાત્મિક વિકાસ માટે તકો ઊભી કરી હોત તો આજે સર્વનાશને નોતરે તેવાં યુદ્ધો માટે તૈયારી ન હોત. તેણે તો શેઠ અને વાણોતર, ગરીબ અને તવંગર એવા ભેદો ઉત્પન્ન કર્યા છે. ખેડૂતો ખેતર છોડી શહેર તરફ વળ્યા છે. શ્રીમંતોની સરસાઈ કરવા તે અસમર્થ છે છતાં તેઓ વધારે અને વધારે આરામ મેળવવા મથે છે આ બધાં મનોદૈહિક (Psycho-Somatic) રોગમાં સપડાયેલા છે. શહેર તરફ વળેલા આ ખેડૂતો શહેરની ગંદી ઓરડીમાં રહેવું પસંદ કરે છે ગામડાનો ઉત્પાદક શ્રમ તેને સ્વીકાર્ય નથી.

---

૨. છાંદોગ્ય ઉપનિષદ્–૮–૧૩

For Private And Personal Use Only

જ્યારે આધ્યાત્મિક સાધના મનોનિગ્રહ અને ઇંદ્રિયનિગ્રહ ઉપર ભાર મૂકે છે, ત્યારે આપણું ભૌતિક જીવન જરૂરિયાતો અને વાસનાઓમાં વૃદ્ધિ કરે છે જો એક વસ્તુનું ઉત્પાદન મોટા પાયા ઉપર કરવામાં આવે છે, તો જાહેરાતની બધી તરકીબો વડે ખરીદનાર માટે જૂઠાં પ્રલોભનો ઊભાં કરવામાં આવે છે. જ્યારે અર્થવગરની જરૂરિયાતો વધારવામાં આવે છે ત્યારે આપણે જીવનધોરણ ઊંચું આવ્યું છે તેમ માનીએ છીએ શક્તિશાળી રાષ્ટ્રો આજે સંયુક્ત આર્થિક બજારોનો સંઘ રચે છે અને અર્ધવિકસિત રાષ્ટ્રો પર પોતાનું પ્રભુત્વ સ્થાપે છે. આથી માનવતા માટે એક ભયજનક પરિસ્થિતિ ઊભી થઇ છે. જગત આજે લોભ અને એક-બીજાથી વિરૂદ્ધ વિચારધારાઓનું બજાર બની ગયું છે.

આપણે બાહ્ય સફળતા અને આંતરિક સફળતા વચ્ચેનો ભેદ સમજતા નથી, એ એક કમનસીબી છે. આજનાં વર્તમાનપત્રો અને રેડિયો જે માણસને સફળ જાહેર કરે છે, તેનું આંતરિક જીવન કેવી ખામીઓથી ભરેલું છે તે કોઇ જાણતું નથી. વળી બીજા પક્ષે અમુક વ્યકિતને દુન્યવી દૃષ્ટિએ નિષ્ફળ કહેવામાં આવે છે, જ્યારે તેનું આંતરિક જીવન ખૂબ સમૃદ્ધ હોય છે. તેને દુન્યવી ચડતીપડતીની પરવા નથી, તેને વાસના નથી, ભય નથી, ક્રોધ નથી, જગતનાં બધાં પ્રાણીને સુખ અને દુઃખમાં પોતાની સમાન જ ગણે છે. આપણે ઇંદ્રિયસુખ અને સંસ્કૃતિ, પ્રેય અને શ્રેય, સાધન અને સાધ્ય, શારીરિક તંદુરસ્તી અને માનસિક આરોગ્ય વચ્ચેનો સુક્ષ્મ ભેદ સમજતા શીખવું જોઇએ. વિજ્ઞાન અને તંત્રશાસ્ત્ર ભૌતિક સુખાકારી સરજી શકે, સુખી જીવન નહિ. તેઓએ સમયમાં ઘણો બચાવ કર્યો છે. પણ તે બચેલા સમયમાં બીજું શું કરવું ઇષ્ટ છે તે તેણે સમજાવ્યું નથી. વિજ્ઞાને પ્રકૃતિનાં બળોને કાબુમાં રાખવા આપણને અસાધારણ શક્તિ આપી છે પરંતુ આપણી વૃત્તિઓ અને વિચારોને કેમ કાબુમાં રાખવા તે સમજાવ્યું નથી. જીવનનાં ઉચ્ચતમ મૂલ્યોને કેમ પ્રાપ્ત કરવાં તે સમજાવવાની બાબતમાં વિજ્ઞાનની શકિત મર્યાદિત છે તે આપણે સમજવું જોઈએ. આજે જગત થર્મોન્યુકલીઅર યુદ્ધવડે સર્વનાશના કાંઠે ઊભું છે તેનું કારણ આપણે આધ્યાત્મિક મૂલ્યો કરતાં ભૌતિક મૂલ્યોને વધારે મહત્ત્વ આપ્યું છે તે જ છે આજના વિશ્વને અવકાશમાં ઉડતા પણ કંટ્રોલ વગરના જેટ વિમાન સાથે સરખાવી શકાય.

હવે જીવનમાં તત્ત્વજ્ઞાનની આવશ્યકતા શી છે તે વિચારીએ. તત્ત્વજ્ઞાન આજે ભાષાકીય અન્વેષણ અને તાર્કિક રચનામાં અટવાઈ ગયું છે. તેના પ્રશ્નો માત્ર ભાષાના પ્રશ્નો છે અને તત્ત્વજ્ઞાની મૂળ વસ્તુના સંબંધમાં કાંઈ વિશેષ પ્રકાશ નાંખી શકે તેમ નથી. બહુ તો જે છે તે જરા વધારે સારી ભાષામાં કહી શકે તેમ આજના વિદ્વાનોનું માનવું છે. તત્ત્વજ્ઞાનની મદદથી જો શાશ્વત મૂલ્યો મેળવવા હશે તો તેને આમાંથી બચાવવું પડશે. માનસશાસ્ત્રી વિલિયમ જેમ્સ કહે છે કે જીવનદૃષ્ટિ વિનાનો માણસ સૌથી વધારે અપશુકનિયાળ અને હાનિકર્તા છે. જો તત્ત્વજ્ઞાનનું આવું મહત્ત્વ હોય તો તેની જે સમૃદ્ધિશાળી આદિ પ્રતિષ્ઠા હતી તેનું પુનઃ સ્થાપન કરવું જોઇએ તો જ આપણે બ્રહ્માંડનું સમગ્ર આલોચન કરી શકીએ. આ રીતે આપણો જગતનો અનુભવ અને દર્શન વધારે યથાર્થ બને.

કહેવાય કે વિજ્ઞાન હકીકતો રજૂ કરે છે પણ તત્ત્વજ્ઞાન અર્થ બતાવે છે. વિજ્ઞાને એકત્ર કરેલી માહિતી વડે જુદાંજુદાં શાસ્ત્રો વચ્ચેનાં સંબંધો નિશ્ચિત કરવાનું કામ તત્ત્વજ્ઞાન કરે છે. આ તેનું પૂરતું કાર્યક્ષેત્ર નથી. જો તત્ત્વજ્ઞાનને કારકુની સોંપવી હોય તો તેનું નામ ફેરવી નાંખવું જોઈએ. ભારતીય દાર્શનિકોએ તત્ત્વજ્ઞાનને આ રીતે જોયું નથી. તેમણે તો મનુષ્ય જીવનનાં સાધનો અને ધ્યેય દર્શાવનાર શાસ્ત્ર તરીકે વિચાર્યું છે. તત્ત્વજ્ઞાનને જીવન સાથે સીધો સંબંધ છે. તે માનવ વિચારને શુદ્ધ કરે છે. અભિમાન અને પૂર્વ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રહોનો નાશ કરે છે અને સત્ અને અસત્‌નો વિવેક નક્કી કરવામાં મદદ કરે છે. જ્યારે ભૌતિક શાસ્ત્રોને માપી શકાય કે તોળી શકાય તેવા વિષયો સાથે સંબંધ છે, ત્યારે તત્ત્વજ્ઞાન તો બીજા એવા વિષયોની ચર્ચા કરે છે કે જે પટ્ટીથી માપી શકાય કે ત્રાજવાથી તોળી શકાય તેમ નથી. તત્ત્વજ્ઞાનનું આ એક વિશિષ્ટ લક્ષણ છે. આજના તત્ત્વજ્ઞે માત્ર વર્તમાનમાં જ જીવવાનું નથી. તેણે ભૂતકાળની વર્તમાન અને ભાવિ જોડે સંધિ કરાવવાની છે. ભૂતકાળનો અસંતોષ પ્રગટ કરવો એ જેટલું ગેરવ્યાજબી કૃત્ય છે તેટલું જ સાંપ્રત અને ભાવિની ઉપેક્ષા કરવાનું છે. કારણકે સમયની સાથે કાંઈ શાશ્વત મૂલ્યો બદલાતાં નથી.

પ્રગતિનો અર્થ હવે ઘણો સ્પષ્ટ થયો. આત્માને સંપૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ થવી એટલે પ્રગતિ સાધવી. જ્યારે વ્યક્તિનો વિકાસ થશે ત્યારે સમષ્ટિનો વિકાસ થશે. સમાજનાં બધાં કલ્યાણકારી પરિવર્તનો એ આપણી અંદરનાં આધ્યાત્મિક પરિબળોનાં આવિર્ભાવો છે, અને જો આ સુવ્યવસ્થિત અને મજબૂત હશે તો સમાજ પણ સુવ્યવસ્થિત અને મજબૂત બની જશે. જ્યારે વ્યક્તિનો વિકાસ થશે ત્યારે સમાજનો વિકાસ પણ થશે જ. જ્યાં સુધી માનવધ્યેય સંપૂર્ણ રીતે પ્રાપ્ત નહિ થાય, ત્યાં સુધી આ વિકાસ પૂર્ણ અવસ્થા તરફ વધતો જ જશે. બ્રહ્માંડની શી યોજના છે તે આપણે જાણતા નથી અને જાણી શકીએ પણ નહિ, પરંતુ આપણું કર્તવ્ય પરિણામો કે અંતિમ પરિસ્થિતિનો વિચાર કર્યા વિના આગળ વધ્યે જ જવાનું છે. વ્યક્તિનો કે રાષ્ટ્રનો વિકાસ સત્ય, અહિંસા અને સૌંદર્યના ધોરણ માપવાનો છે. જ્યારે શકિત વડે જ સત્તા મપાય છે. ત્યારે આપણી શકિત કે પૌરૂષ ખોયા વિના, યોગ્યાયોગ્યનો વિવેક તજ્યા વિના આ શાશ્વત મૂલ્યોને આપણે વળગી રહેવું જોઇએ. સ્વામી વિવેકાનંદે ભારતની પ્રગતિને જે ચેતવણી આપી હતી તે ન ભૂલીએ: "જૂની રૂઢિચુસ્તતા અને યુરોપની રાક્ષસી સંસ્કૃતિ વચ્ચે ભીંસાયેલી આપણી પ્રગતિ છે. સાચા અધ્યાત્મ માર્ગે જો પ્રગતિ સાધવી હશે તો આ બંને દાનવી પરિબળોને સંહાર્યા વિના છૂટકો નથી."

---

મે, ૧૯૬૩ના "પ્રબુધ્ધ ભારત"માં આવેલા સ્વામી આદિદેવાનંદના 'Science, Progress and Value' નામના લેખનો સાભાર અનુવાદ. અનુવાદક અધ્યાપક રજનીકાંત જોષી એમ. એ.

---

# સ્વર્ગવાસ નોંધ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી **વિજયલાવણ્યસૂરિજીનો** ખીમાડા ( મારવાડમાં ) તા. ૮-૬-૬૪ના ૬૭ વર્ષની વયે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થતા જૈન સંઘને એક મહાન આચાર્યની ખોટ પડી છે મૂળ તેઓ સૌરાષ્ટ્રમાં બોટાદના વતની હતા ઓગણીશ વર્ષની યુવાન વયે સંસાર ત્યાગ કરી સ્વ. પૂજ્ય આચાર્યશ્રી વિજય નેમીસૂરીશ્વરજી પાસે ભગવતી દીક્ષા ગૃહણ કરી હતી તેઓ જૈન ધર્મના શાસ્ત્રોના ખૂબ જાણકાર હતા તેમજ તેમણે વ્યાકરણ, ન્યાય, કાવ્ય વગેરેનો ખૂબ અભ્યાસ કર્યો હતો તેમજ સંસ્કૃત-પ્રાકૃત અનેક ગ્રંથોના પ્રણેતા હતા. પરમકૃપાળુ શાસનદેવ તેમના આત્માને ખૂબ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री महावीर–वचनामृत

સંપાદક અને વિવેચક : **પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ "શતાવધાની"**
હિન્દીમા અનુવાદક : **પં. રૂદ્રદેવ ત્રિપાઠી.** એમ. એ સાહિત્ય સાંખ્ય યોગાચાર્ય.
પ્રકાશક : **જૈન સાહિત્ય પ્રકાશન મુંબઈ. કિં. ૬-૦૦ પોસ્ટેજ અલગ.**

ભારતના ઋષિ, મહર્ષિઓ તથા સંત સમુદાયોએ જે નૈતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક ઉપદેશ આપ્યો છે, તેમાં ભગવાન મહાવીરના ઉપદેશનું સ્થાન વિશિષ્ટ છે. પરંતુ આ ઉપદેશ તે સમયની પ્રચલિત ભાષા અર્ધ માગધીમાં આપ્યો છે, એટલે આ ઉપદેશને જો અત્યારની પ્રચલિત ભાષાઓમાં ઉતારવામાં આવે તો બહુ જન સમુદાય તેનો લાભ લઈ શકે તેવા હેતુથી **પં. શ્રી ધીરજલાલભાઇએ** પ્રથમ ગુજરાતીમાં **શ્રી વીર-વચનામૃત** નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે અને આ તેનું હિન્દી સંસ્કરણ છે. આવા **ઉદાત્ત** હેતુ માટેના ભાઈશ્રી ધીરજલાલભાઇના પ્રયાસ, ખંત અને પરિશ્રમ ખરેખર ખૂબજ અભિનંદનને પાત્ર છે.

અહિં ગુજરાતી પ્રકાશનના અવલોકન વખતે સં. ૨૦૧૯ ના અષાઢના અંકમાં અમે જે નોંધ લીધી છે, તે તરફ વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ યુગપુરૂષ પૂ. વિનોબાજીએ આ પુસ્તકના સમર્પણનો કરેલો સ્વીકાર, પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી, પૂ. ઉપા. શ્રી અમર મુનિજી, તથા સુપ્રસિદ્ધ વિદ્વાન પં. કૈલાસચંદ્ર શાસ્ત્રીના પ્રાક્કથનો તેમજ પૂ. મુનિરાજ શ્રી નથમલજી મહારાજની વિસ્તૃત, અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરે છે. હિન્દી ભાષી લોકોએ આ ગ્રંથ ખાસ વસાવવા યોગ્ય છે.

## શ્રીમદ્ રાજચંદ્ર આત્મચર્યા :—

સંગ્રાહક :—**પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ (જિજ્ઞાસુ)**
પ્રકાલક :—**લાલભાઇ મણીલાલ શાહ,**

**શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ,**
હઠીભાઈના દેરા સામે, **અમદાવાદ**
**કિંમત ૦–૩૦ નયા પૈસા.**

આ નાની પુસ્તિકામાં શ્રીમદ્ રાજચંદ્રની અંગત હાથનોંધમાંથી અમુક અમુક વિભાગોનું સંકલન કરવામાં આવ્યું છે. એ મહાપુરૂષમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ જોઈ તેથી સાવધ રહેવાની પુરૂષાર્થરૂપી તાલાવેલી કેટલી બધી વર્તી રહી છે જે હાથનોંધ ૧લી પૃષ્ ૮૭–૮૯–૯૦–૯૧–૯૨–૯૩–૯૪–૧૦૧માં સુજ્ઞ બંધુઓ સ્પષ્ટ નિહાળી જોતાં ગંભીર વિચારમાં મુકી દે તેવો પ્રકાર જોઈ શકશે કે જે આવો અંતરંગ વચન પ્રકાર ભાગ્યે જ કોઇ વિરલ જીવમાં સંભવી શકે.

શ્રીમદ્‌ની દશા સંસારમાં રહ્યા છતાં સંસારથી જળકમળવત્ અલિપ્ત હતી. પૂ. ગાંધીજી સ્વયં લખે છે કે, "તેમને ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેકક્રિયા કરતાં, તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિશે તેમને મોહ થયો હોય એમ મેં જોયું નથી."

આવા પરમવૈરાગી, સંત કવિશ્રીમદ્ રાજચંદ્રની અંગત હાથનોંધમાંની આ વસ્તુ, "શ્રીમદ્ રાજચંદ્ર જીવન–જ્યોતિ" પુસ્તકની વસ્તુ સાથે ધીરજ પૂર્વક ગંભીરતાથી અવગાહન કરવાથી એ મહાપુરૂષના પવિત્ર જીવનમાંથી અપૂર્વ પ્રેરણા મેળવી શકાશે. આ બન્ને પુસ્તકો ખાસ વસાવવા, વાંચવા અને ખૂબ ખૂબ ઊંડુ મનન કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only